૯૫૩/૬

# અસ્પૃશ્યતાનિવારણ પરિસંવાદ
# કાર્યવાહી અને લેખો

(તા. ૧૯-૨૦ જાન્યુઆરી, ૧૯૮૬)

ગુજરાત સરકારના સમાજકલ્યાણ ખાતાના સહયોગથી

**સંપાદકો**

હસમુખભાઈ પરમાર

મુસ્તાઅલી મસવી

**પરામર્શક**

ડૉ. ઠાકોરભાઈ નાયક

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**

**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪**

પ્રકાશક
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠને સર્વ હક્ક સ્વાધીન છે.

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ-૩૮૦ ૦૧૪

## અનુક્રમણિકા


| ક્રમ | શિર્ષક | લેખક | પાન નંબર |
|---|---|---|---|
| ૧. | આભાર દર્શન | સંપાદકો | – |
| ૨. | અસ્પૃશ્યતા નિવારણ પરિસંવાદ-કાર્યઅહેવાલ | સંપાદકો | ૧ |
| ૩. | અનુસૂચિતજાતિઓની તાસીર | રામલાલ પરીખ | ૩૫ |
| ૪. | બંધારણીય જોગવાઈઓના પરિપ્રેક્ષ્યમાં રોસ્ટર પ્રથાનું મૂલ્યાંકન | ખેંગારભાઈ લેઉવા | ૪૨ |
| ૫. | અસ્પૃશ્યતા નિવારણનો ત્રિપાંખિયો વ્યુહ | ખેમચંદભાઈ ચાવડા | ૬૧ |
| ૬. | અસ્પૃશ્યતા :ભારતનો તોતીંગ પ્રાણપ્રશ્ન | ડૉ.મહેશચંદ્ર પંડયા | ૬૮ |
| ૭. | અસ્પૃશ્યતા નિવારણ એજ ધર્મ | છગનલાલ જોષી<br>સંકલન, કાંતિલાલ મકવાણા | ૭૫ |
| ૮. | An overview of programmes undertaken in Gujarat for Removal of Untouchability. | Director, Social Welfare Dept. Govt.of Gujarat. | ૮૪ |
| ૯. | પરિસંવાદમાં ભાગલેનારાઓની યાદી | – | ૧૧૪ |

## આભાર દર્શન

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અને ગુજરાત રાજ્યનાં સમાજકલ્યાણ ખાતાનાં સંયુક્ત ઉપક્રમે 'અસ્પૃશ્યતા નિવારણ' પરિસંવાદનું આયોજન તા.૧૯-૨૦, જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં વૈવિધ્યસભર ૪૦ લેખો પર વિવિધ ક્ષેત્રોનાં જાણકારોએ ચર્ચા કરી હતી. અમારી કેટલીક મર્યાદાઓને લઈને પરિસંવાદમાં રજુ થયેલા દરેક લેખને આ અહેવાલમાં આવરી શક્યા નથી તેનો અમને રંજ છે. તેમ છતાં બે દિવસ લેખો ઉપર થયેલી ચર્ચાનું હાર્દ તથા તેમાં નીકળેલાં નિષ્કર્ષો તથા પરિસંવાદમાં ભાગલેનાર મહાનુભાવોનાં સૂચનો અહેવાલમાં એક યા બીજા સ્વરુપે આવરી લેવામાં આવ્યા છે.

પ્રસ્તુત અહેવાલમાં અસ્પૃશ્યતા સંબંધી વિવિધ પાસાને લગતા વિષયોનું પ્રતિનિધિત્વ કરતા લેખો આવરી લઈ અસ્પૃશ્યતાની સ્થિતી તેને નિવારવા માટેનાં પ્રયાસો તથા પરિણામોનો ચિતાર આપવાનો અમારો નમ્ર પ્રયાસ છે. અમને આશા છે કે આ પરિસંવાદનાં તારતમ્યો રાજ્ય સરકાર, સ્વૈચ્છિક સંગઠનો અને કાર્યકરોને અસ્પૃશ્યતા નિવારણનાં કાર્યમાં સહાયરુપ અને માર્ગદર્શક નીવડશે.

આ પરિસંવાદ યોજવા માટે ગુજરાત સરકારનાં સમાજ કલ્યાણ ખાતાએ અમોને અનુદાન પુરું પાડી પ્રોત્સાહિત કર્યા હતા તે બદલ તે વખતના સમાજ કલ્યાણ નિયામકશ્રી હરેશ પાત્રા સાહેબનાં અમો ખૂબજ આભારી છીએ.

ગૂજરાત વિદ્યાપીઠનાં કુલનાયકશ્રી રામલાલભાઈ પરીખ અન્ય કામોમાં વ્યસ્ત હોવા છતાં પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરવાનું સ્વીકારી ચોટદાર તથા હકીકતલક્ષી વકતવ્ય આપી માર્ગદર્શન આપ્યું હતું તેમના અમો અંત:કરણ પૂર્વક ઋણી છીએ. સાથે સાથે ગૂજરાત વિદ્યાપીઠનાં કુલસચિવશ્રી વિનોદભાઈ ત્રિપાઠી કે જેઓએ પરિસંવાદને ફળિભૂત બનાવવા માર્ગદર્શન અને સંપૂર્ણ સહકાર આપ્યો હતો તેઓનાં પણ અમો આભારી છીએ.

# અસ્પૃશ્યતા નિવારણ પરિસંવાદ-કાર્યઅહેવાલ

તા.૧૯-૨૦ જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તથા સમાજ કલ્યાણખાતુ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રના સભાખંડમાં 'અસ્પૃશ્યતા નિવારણ' પરિસંવાદ યોજાયો હતો. પરિસંવાદના ઉદઘાટન સમારંભ તા.૧૯-૧-૮૬ને રવિવારે સવારે ૯-૦૦ વાગે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઈ પરીખના પ્રમુખસ્થાને થયો હતો. સમારંભની શુભ શરૂઆત મંગલમય પ્રાર્થના અને પૂ. ગાંધીજીને અતિપ્રિય એવા 'વૈષ્ણવજન તો તેને કહીએ' તે ભજન શ્રી કાંતિલાલ મકવાણાએ ગાઈને કરી હતી.

પ્રાર્થના બાદ ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી વિનોદભાઈ ત્રિપાઠીએ હાજર રહેલા વિવિધ ક્ષેત્રના તજજ્ઞ મહાનુભાવો જેવા કે સમાજશાસ્ત્રીઓ, સંશોધનકારો, ઈતિહાસકારો, અર્થશાસ્ત્રીઓ સામાજિક કાર્યકરો વગેરેને આવકારી સૌનું ભાવભીનું સ્વાગત કરી તેઓએ પ્રમુખશ્રી રામલાલભાઈ પરીખનું સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું હતું. સ્વાગત પ્રવચન કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે 'અસ્પૃશ્યતા એ સમાજને લાગેલો રોગ છે. જો તે રોગને મીટાવવા શરૂઆતથી જ યુધ્ધના ધોરણે કામ કર્યુ હોત તો આજની આ પરિસ્થિતિ ઊભી થઈ ન હોત. આ સંજોગોમાં સામાજિક અસમતુલા નિવારવા આપણે સૌએ ઝડપથી વિચારવું પડશે.

ત્યારબાદ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે 'અસ્પૃશ્યતા નિવારણ' વિષયવસ્તુને સ્પષ્ટ કરી પરિસંવાદની પ્રશ્ચાદ ભૂમિકા સમજાવતાં જણાવ્યું હતું કે, 'ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ ખાતા દ્વારા અસ્પૃશ્યતા નિવારણના અનેક કાર્યક્રમોમાંનો એક તે અસ્પૃશ્યતા નિવારણ અંગે પરિસંવાદનું આયોજન કરવું, પરિસંવાદનાં તારણો નિષ્કર્ષો, સુઝાવો તારવી તેનો ઉપયોગ નીતિનિર્ધારણ વખતે કરી તે પ્રમાણે કામ કરવું. આ બધાં તારણો જિલ્લા સ્તરના પરિસંવાદોમાં પણ ચર્ચાવાનો સરકારશ્રીનો ખ્યાલ હોય છે.

ત્યારબાદ ઉદઘાટન સમારંભના પ્રમુખ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઈ પરીખે મંગલદીપ પ્રગટાવી પરિસંવાદનું ઉદઘાટન કરી, ઉદઘાટન પ્રવચન કર્યું હતું. જેનું મથાળું તેઓશ્રીએ ' અનુસૂચિત જાતિઓની એક તાસીર, આપ્યું હતું.

'અસ્પૃશ્યતા' ભારતીય સમાજ વ્યવસ્થાનું એક અત્યંત હીન દૂષણ છે. આ કપરી સમસ્યા બહુમુખી છે. એકલ-દોકલ ઉપાયોથી તેને નિર્મૂળ કરવાનું સહેલું નથી. આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં ઉપરછલ્લા ફેરફારોથી નહીં પણ મૂળભૂત પરિવર્તનો કર્યા વિના થઈ શકશે નહી. 'અસ્પૃશ્યતા નિવારણ' માટે સ્વરાજ પ્રાપ્તિ પહેલાં અને પછી ઘણું કાર્ય થયું છે. તેને કારણે અસ્પૃશ્યતાનું ધાર્મિક કે બૌધ્ધિક સમર્થન છડેચોક હવે થઈ શકતું જ નથી તથા શહેરી સમાજમાં આ અસ્પૃશ્યતાનું દૂષણ ઓસરતુ જાય છે. પણ ભારતનાં સાડા પાંચ લાખ ગામડાઓમાં ફેલાયેલા આપણા ગ્રામસમાજમાં હજુ સુધી તેનાં મૂળિયાં ઘણાં ઊંડાં છે. ૧૯૨૯ માં મહાત્મા ગાંધીએ કહેલુ કે 'અસ્પૃશ્યતા' હજાર મુખવાળો એક નાગ છે. દરેક મુખ વાટે એ એનો ઝેરી દાત બતાવે છે. એની વ્યાખ્યા થઈ શકે નહી. ' અસ્પૃશ્યતાની સમસ્યાનું બહુમુખી સ્વરૂપ આ શબ્દોમાં અસરકારક રીતે વ્યકત થયું છે. આ માત્ર જાતિ ભેદનો સવાલ નથી. આર્થિક અને સામાજિક અસમાનતાનું આ ભીષણ સ્વરૂપ છે. તેથી આ સમસ્યાને તેના બહારથી દેખાતા એકાદ પાસામાં નહીં પણ ભારતીય સમાજની નવરચનાના સમગ્ર પરિપ્રેક્ષ્યમાં તપાસવી જોઈએ. તેથી આ સમસ્યાના કાનૂની, આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પાસાઓનું એકી સાથે અવલોકન કરવું જરૂરી છે.

ભારતમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિની વસ્તી ૧૦ કરોડ ૪૭ લાખની છે. તેમાંના ૮ કરોડ, ૮૦ લાખ ગામડાઓમાં રહે છે. ગુજરાતમાં તેમની વસ્તી ૨૪ લાખ ૩૮ હજારની છે. તેમાંના ૧૬ લાખ, ૪૧ હજાર ગામડાઓમાં વસે છે.





ભારતીય સંવિધાનની ૩૩૮મી કલમ હેઠળ છેલ્લા ૩૦ વર્ષથી અનુસૂચિત જાતિ અને જનજાતિના કમિશનરની કચેરી કામ કરે છે. ૧૯૭૮થી તો આ માટે ભારત સરકારના ગૃહખાતાના પ્રસ્તાવથી એક પાંચ સભ્યોના ઉચ્ચ કક્ષાના આયોગની સ્થાપના કરવામાં આવી છે. આ આયોગનું કાર્ય સંવિધાનની વિવિધ કલમો હેઠળ અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓના હિતોની સુરક્ષા માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તેના અમલની વહીવટી કામગીરી પર નજર રાખવાની છે. ૧૯૫૫માં નાગરિક અધિકાર સુરક્ષાનો જે કાયદો સંસદે કર્યો તેના અમલ પર વિશેષ દેખરેખ રાખવા આ આયોગની રચના કરવામાં આવી છે. વળી અનુસૂચિત જાતિ અને જનજાતિઓના પ્રશ્નો વિચારવા માટે સંસદના બંને ગૃહોની એક સંયુકત સમિતિ પણ સ્થાયી ધોરણ કામ કરે છે. આમ સંવિધાન, કાયદો, નિયમો તેના અમલ માટેનું આયોગ અને સંસદીય સ્થાયી સમિતિ નોકરીઓમાં અને શિક્ષણમાં અનામત બેઠકો જેવાં અનેક પગલાઓ મારફતે અસ્પૃશ્યતા નિવારણ અને હરિજનોની ઉન્નતિ માટે જરુરી કાનૂની વ્યવસ્થા ગોઠવાઈ છે. રાજ્યોમાં પણ તેમના વિકાસ માટે વિવિધ સ્વાયત નિયમો કાર્ય કરે છે.

આમ છતાં 'અસ્પૃશ્યતા' નો નાગ હજુ જીવતો છે અને ફૂફાડા મારે છે. સંવૈધાનિક અને કાનૂની જોગવાઈઓથી એને નિર્મૂળ કરી શકાયું નથી. અનુસૂચિત જાતિના કમિશનરના ૧૯૮૧-૮૨ના અહેવાલ પર નજર કરતા આ વાત વધુ સ્પષ્ટ થશે. આ અહેવાલમાં દર્શાવ્યા મુજબ નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ના પસાર કર્યાને પણ ૩૦ વર્ષ થશે છતાં મહારાષ્ટ્ર, તામીલનાડું અને કર્ણાટક રાજ્યોમાં ૧૯૮૦માં તેના અગાઉના વર્ષ કરતાં આ ધારાના ભંગ હેઠળ થયેલ કેસોની સંખ્યા વધી છે. અલબત કેટલાક રાજ્યોમાં ઘટી પણ છે. ગુજરાતમાં પણ ૧૯૭૯માં ૫૦૬ કેસોના મુકાબલે ૧૯૮૦માં ૪૦૮ કેસો નોંધાયા હતા. એટલે કે ૧૮ ટકાનો ઘટાડો થયો હતો. પણ આ પરથી અસ્પૃશ્યતાના ગુન્હા ઘટ્યા કે ગુન્હાની ફરિયાદો

ઓછી નોંધાઇ તે નકકી કરવાનું મેશ્કેલ છે. આ ધારાના અમલ વિષે રાજ્યોમાં જે દુર્લક્ષ પ્રવર્તે છે તેના તરફ ધ્યાન ખેંચતાં કમિશ્નરે જણાવ્યું છે કે ઓછામાં ઓછા ૯ રાજ્યોએ તો ૧૯૮૧ના આ વિષેના આંકડા પણ પૂરા પાડયા ન હતા. તેથી તેમને ૧૯૮૦ની માહિતીના આધારે ૧૯૮૧-૮૨નો અહેવાલ આપવો પડયો. આ કેસોનો અંજામ કેવો છે તે જોઈએ તો ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં પણ માત્ર ૧૨ કેસોમાં સજા થઈ હતી અને ૪૫૩ કેસોમાં આરોપીઓને કોઈપણ સજા વિના છોડી મૂકવામાં આવ્યા હતા. એટલે કે ૯૭ ટકા નિર્દોષ ઠર્યા હતા. અને માત્ર અઢી ટકાને સજા થઈ હતી. આ ઉપરથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે કાનૂની જોગવાઈઓ અનિવાર્ય છે છતાં પણ માત્ર તેના આધારે અસ્પૃશ્યતાને નિર્મૂળ કરવાના પરિવર્તનો એકી સાથે આર્થિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રોમાં કરવાં જોઈએ.

નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમની આવી સમસ્યાના મૂળ ઉપર ઝાઝી અસર પડી લાગતી નથી. અસ્પૃશ્યતાના ગૂન્હાઓની પોલીસની તપાસની ખામી ભરેલી કાર્યપધ્ધતિનો પણ આમાં ઠીક ઠીક ફાળો છે. હરિજનો ઉપરના અત્યાચારો માં પણ અનેક રાજ્યોમાં વધારો થતો રહયો છે. આ હુમલાઓનું મુખ્ય કારણ જમીન અંગેનો ઝઘડો છે. ૬૮ ટકા કિસ્સાઓમાં જમીનને કારણે આવા ઝઘડાઓ થયા છે. બીજુ કારણ રોજીની ચૂકવણીમાં થતા ઝઘડાઓ છે. ૧૨ ટકા કેસો રોજીની તકરારના છે. ૯ ટકા કિસ્સાઓમાં જૂની અદાવતોએ ભાગ ભજવ્યો છે.

અસ્પૃશ્યતા નાબૂદી ગરીબીની નાબૂદી વિના શક્ય નથી એ વાત આપણા દેશની ગરીબીની ભીષણતા પરથી સ્પષ્ટ થાય છે. સત્તાવાર આંકડાઓ પ્રમાણે આપણા દેશના ૧૦ ટકા ધનિકો આ દેશની ૫૦ ટકા સંપતિ ધરાવે છે, જ્યારે ૧૦ ટકા સૌથી ગરીબ લોકો પાસે દેશની માંડ એક ટકો સંપતિ છે. રાષ્ટ્રની સંપતિની વહેંચણી જોઈએ તો નીચેના ૩૦ ટકા પાસે રાષ્ટ્રની સમગ્ર સંપતિમાં માત્ર બે ટકા છે. અને આ ૩૦ ટકાની વસ્તીમાં મુખ્યત્વે હરિજનો અને આદિવાસીઓ છે. હરિજનોની ૮૧ ટકા વસ્તી કૃષિકામ પર જીવે છે. કૃષિ શ્રમિકોના ૭૨ ટકા હરિજન આદિવાસી છે. છતાં જાતે ખેતી કરનારા હરિજનોની સંખ્યા માંડ ૧૦ ટકા છે.





આ થોડાક આંકડાઓ અનુસૂચિત જાતિમાં પ્રવર્તતી ગરીબીની ભીષણતા સમજવા માટે પૂરતા છે. આ જાતિની રોજીના ક્ષેત્રોમાં ગૃહઉદ્યોગો માત્ર ૧૫ ટકાને અને ગૃહઉદ્યોગ સિવાયના ઉદ્યોગો માત્ર ૯ ટકાને તથા વેપારી ઉદ્યોગ માત્ર ૪ ટકાને રોજી આપે છે.

સમગ્ર ભારતની ૨૦ રાષ્ટ્રીયકૃત બેન્કોના ધિરાણના આંકડાઓ તપાસીએ તો કૃષિ ધિરાણમાં અનુસૂચિત જાતિ અને જનજાતિને સરેરાશ વ્યકિતદીઠ રુા.૧૮૪૫ની લોન મળી જ્યારે બાકીની વસ્તીને વ્યકિતદીઠ રુા.૩૭૮૪ની લોન મળી. અનુસૂચિત જાતિ અને જનજાતિની બેન્કના ખાતાંની સંખ્યા લગભગ ૧૭ ટકા જટલી હોવા છતાં તેમની પાસે જે ધિરાણ છે તે ૪.૩૫ ટકા જેટલું જ છે.

દરેક પંચવર્ષીય યોજનામાં અનુસૂચિત જાતિઓ માટેની માથાદીઠ જોગવાઈમાં સતત વધારો થતો રહયો છે. બીજી પંચવર્ષીય યોજનામાં માથાદીઠ રુા.૧:૯૦ થી શરૂ કરીને છઠ્ઠી યોજનામાં તેમના ઉત્કર્ષ અને વિકાસ માટે કેન્દ્ર સરકારે ફાળવેલી રકમ માથાદીઠ રુા.૧૦૩ની છે. અને રાજ્યો ખાતે માથાદીઠ રુા.૫૧૬ની છે. આમ નાણાંકીય ફાળવણી સતત વધતી રહે છે. છતાં અનુસૂચિત જાતિના કમિશ્નરના અહેવાલ પ્રમાણે ભારતમાં ગરીબમાં ગરીબ લોકોનું મોટું પ્રમાણ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં છે. વધુ નાણાંકીય રોકાણો કરવાથી વધુ ઝડપી વિકાસ થશે અને તેથી ગરીબી નાબૂદીનું કાર્ય આપોઆપ વેગ પકડશે એવો મત અર્થશાસ્ત્રના નિષ્ણાતોએ આજ સુધી પ્રચલિત કર્યો છે. પણ ખુદ આયોજન પંચ પણ ગરીબીની રેખા નીચેની સંખ્યા છ પંચવર્ષીય યોજનાઓ પછી વધી છે એમ સ્વીકારે છે. ગરીબીની રેખા નીચે જીવનારાની વસ્તી ૪૮.૧૩ ટકા એટલે કે ૩૦ કરોડ છે. ગામડામાં તેની સંખ્યા ૫૦.૮૨ ટકા છે. એટલે કે લગભગ ૨૫ કરોડ છે. ડૉ. સ્વામીનાથનના પ્રમુખપદે નિમાયેલી સમિતિએ પણ અત્યંત વ્યગ્રતાથી કબુલ્યુ છે કે આર્થિક વિકાસની ભારતની સિધ્ધિઓની ગરીબી નિવારણ પર ઝાઝી અસર પડી નથી. અને ખુદ આર્થિક વિકાસના સ્વરૂપ વિષે પુન: વિચારણા જરૂરી બની છે. અલબત આનો ઉકેલ આર્થિક આયોજન છોડી દેવામાં નહી પણ તેને ગરીબ સમાજની વાસ્તવિક

પરિસ્થિતિ સાથે વધુ સાંકળવામાં આવે છે. હરિજનોની વિશાળ સંખ્યા આ આર્થિક ગરીબીમાં સબડતા સમાજમાં ગરીબી નિવારણ વિના અસ્પૃશ્યતા નિવારણ શક્ય નથી તે સ્પષ્ટ થાય છે. બંને વિષમતાઓ એક બીજા સાથે અવિભાજ્ય રીતે જોડાએલી છે.

શિક્ષણની દ્રષ્ટિએ જોઈએ તો અનુસૂચિત જાતિમાં સાક્ષરતાની ટકાવારીનો દર સમગ્ર દેશના ૩૩ ટકાની સામે ૧૪ ટકા છે. ગુજરાતમાં તે ૨૩.૪૬ ટકા છે. સમગ્ર દેશમાં મહિલાઓની ૨૨ ટકાની સાક્ષરતા સામે ૬.૪ ટકા સ્ત્રીઓ જ ભણેલી છે. સમાજના જે વર્ગમાં ૯૪ ટકા નિરક્ષરતા પ્રવર્તતી હોય ત્યાં અસ્પૃશ્યતા નાબૂદી કેવી રીતે સિધ્ધ થાય? ૩૮ ટકા હરિજન બાળકો તો પ્રાથમિક શિક્ષણમાં જતાં નથી અને જે જાય છે તેના ૬૪ ટકા ધોરણ ૫ પહેલાં નિશાળ છોડી દે છે. બિહાર અને રાજસ્થાન જેવાં રાજ્યોમાં તો હરિજન સ્ત્રીઓની સાક્ષરતાની ટકાવારી માંડ સવા ટકો છે. આમ અનુસૂચિત જાતિઓમાં શિક્ષણનો પ્રસાર અત્યંત ઓછો છે. નિરક્ષરતા નાબૂદી વિના અસ્પૃશ્યતા નાબૂદી શક્ય નથી એ આ હકીકતોથી વધુ સ્પષ્ટ થાય છે.

સામાજિક ક્ષેત્રે હરિજનો સાથેનો અછૂતપણાને દૂર કરવા માટે માત્ર અનુસૂચિત જાતિમાં જ નહીં પણ સમગ્ર સમાજમાં કેટલાંક મૂળભૂત પરિવર્તનો કરવાનું અનિવાર્ય છે. આપણા દેશમાં સંકુચિત જ્ઞાતિવાદમાં મૂળિયાં ઊંડાં છે. તેની બિનસરકારી રાહે જ્ઞાતિપ્રથાની નાબુદીનું દેશવ્યાપી પ્રજાકીય આંદોલન જગાવવાનો વખત પાકી ગયો છે. બધા રાજકીય પક્ષોએ જ્ઞાતિપ્રથાનાં મુળિયાં ઢીલાં કરવાના બદલે મજબૂત કર્યાં છે. શિક્ષણ સંસ્થાઓ અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓએ જ જ્ઞાતિપ્રથા નાબૂદ કરવાનું મુખ્ય કર્તવ્ય બજાવવુ રહ્યું. ૧૫૦ યુનિવર્સિટીઓ અને ૫૦૦૦ કોલેજો ધરાવતું ઉચ્ચ વિરાટ તંત્ર આપણી સમક્ષ છે. ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહયા છે. સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન ભારતના યુનિવર્સિટી જગત મારફતે જ્ઞાતિવાદ અને સામાજિક ભેદભાવો નાબૂદ કરવાની સતત ઝૂંબેશ ચલાવવી જોઈએ. યુનિવર્સિટીઓની પદવી ધરાવનાર યુવાનોની મોટી સંખ્યા પણ 'સામાજિક ભેદભાવો' માં માનતી હોય છે. બૌધ્ધિક રીતે તેની અઘટિતતા સ્વીકારવા છતાં તેને નિર્મૂળ કરવાની સભાનતા તો બાજુએ રહી પણ તેને પોષવાની ભાવના





વધતી જાય છે. ભણેલા વર્ગમાં પણ એવી માન્યતાઓ ફેલાતી જાય છે કે જ્ઞાતિવાદ અને જ્ઞાતિપ્રથા હવે હંમેશાં રહેવાની છે. આ માન્યતાનો ભોગ વિશેષ કરીને નિરક્ષર અને ગરીબ હરિજનોને બનવું પડે છે. આપણી સામાજિક વ્યવસ્થાની વિષમતાઓ દૂર કર્યા વિના અને તેને સમતાપૂર્ણ બનાવ્યા વિના આપણા અનેક પાયાના સવાલો ઉકલતા નથી. આપણા સમાજની આંતરિક તંગદીલીનો ઉપાય સમાજના વિભાજનથી નહીં પણ સમગ્ર સમાજના એકીકરણથી જ થઈ શકે. આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડિતાની સુરક્ષિતાનો આધાર પણ સામાજિક એકતાના સંવર્ધન પર છે. બધી કોમો અને જ્ઞાતિઓ વચ્ચે આર્થિક, સામાજિક કે મોભાના કોઈપણ ખ્યાલથી પોષાતા ભેદભાવો નાબૂદ થતા નથી તેથી એક રીતે વિકાસના લાભોની સમતલ વહેંચણી થઈ શકતી નથી. લોકશાહી આયોજનની ભવ્ય કામગીરીમાં સામાજિક આયોજનને જે સ્થાન મળવું જોઈએ તે મળ્યું નથી. 'સમાજ કલ્યાણ' ના કાર્યક્રમો જરૂરી છે પણ તેટલા માત્રથી સમાજની પુનર્રચના થતી નથી. 'કલ્યાણવાદ' કરતાં પણ'સમાનતાવાદ' ને વધુ અગ્રતા આપવાનું જરૂરી છે. આ કાર્ય માટે યુવક મંડળો મારફતે ' આંતરજ્ઞાતિય' લગ્નોને વધુ પ્રતિષ્ઠિત અને વ્યાપક કરવાનું કાર્ય કરવું જોઈએ. મહાત્મા ગાંધીએ સ્વરાજની જે કલ્પના કરી હતી તેમાં તો 'વકીલ અને વાળંદ' બંનેને સરખા ગણવાની વાત હતી. પણ તેના બદલે સંગઠિત ગરીબો અને નિરક્ષરો અને અસ્પૃશ્યો ભલે ગરીબીમાં સબડતા રહે, પણ સંગઠિત ભદ્ર સમાજ વિકાસનો વધુમાં વધુ લાભ લેવામાં પાછી પાની કરતો નથી. આ મનોદશામાંથી નિદાન યુનિવર્સિટી જગતના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ તો મુકત થવું જોઈએ.

તાજેતરમાં પંજાબના બનાવોએ એક વાત સિધ્ધ કરી છે કે ઉગ્ર તંગદીલીની પણ આંતરજ્ઞાતિય કુટુંબોમાં કોઈ અસર નહોતી થઈ તેથી જ હવે જ્ઞાતિપ્રથાના વિસર્જન માટે આંતરજ્ઞાતિય લગ્નોને વધુ ઉત્તેજન આપવું જરૂરી છે. આપણી સામાજિક એકતા આમાંથી જ સર્જાશે અને તેનાથી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા વધુ દૃઢ થશે, માત્ર ભૌગોલિક એકીકરણથી કે ઉપરછલ્લા સાંસ્કૃતિક વિનિમયથી એકતા સુદૃઢ થતી નથી. સમાજનું સમગ્ર માળખું બદલવાના જ્ઞાતિપ્રથાને વિખેરી નાંખવાના ઉદ્દેશથી બંધાતા નવા સામાજિક સંબંધો જ આપણને પરસ્પર સંઘર્ષને બદલે 'પરસ્પર ઐક્ય' તરફ લઈ જશે.

શિક્ષણ અને સંશોધનના બહાને વ્યાપક સમાજ અને તેમાં પણ ખાસ કરીને ગરીબ સમાજથી વિખુટી પડેલી યુનિવર્સિટીઓને 'વિસ્તરણકાર્ય' નું ત્રીજું ક્ષેત્ર વિકસાવીને 'શિક્ષણ અને સમાજ' નો સેતુ રચવાની ઉત્તમ તક પ્રાપ્ત થઈ છે. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્યને જે રીતે દેશવ્યાપી પ્રોત્સાહન આપી રહ્યુ છે તેમાં આપણા સમાજની વિષમતા'ના ઉકેલોની મોટી સમસ્યાઓ રહેલી છે."

તમે કહી શ્રી રામલાલભાઈ પરીખે જણાવ્યું હતું કે મેં તો મારી રીતે આપ સૌની સમક્ષ પ્રશ્નો મૂક્યા છે. જેના સચોટ ઉત્તરો બે દિવસની ચર્ચામાંથી શોધી કાઢવાનું કામ આપ સૌ વિદ્વાનો અને સામાજિક વૈજ્ઞાનિકોનું છે.

છેવટે તેઓએ અસ્પૃશ્યતાને કલંક કહી તેને 'સળગતી સમકાલીન સમસ્યા' ગણાવી તે માટે તેને સામાજિક આંદોલનનો ભાગ બનાવી સામાજિક સ્તરે અસ્પૃશ્યતા નિવારણ યુધ્ધ શરૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને તેને માટે 'સમાજ પરિવર્તનનો ધ્રુવતારક આજનો યુવક બને તથા મહાવિદ્યાલયોમાં વિદ્યાર્થીઓનો અસ્પૃશ્યતા નિવારક મોરચો બની જાય તે માટે પ્રયત્ન કરવા જણાવી પરિસંવાદની સફળતા વાંચ્છી હતી. છેલ્લે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નાયબ નિયામકશ્રી ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકીએ આભારવીધી કરી હતી.

ત્યારબાદ પરિસંવાદની પ્રથમ બેઠક શ્રી ખેંગારભાઈ લેઉવાના અધ્યક્ષ સ્થાને શરૂ થઈ હતી. બેઠકની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવોમાંથી કેટલાક મહાનુભાવોને અધ્યક્ષશ્રી તરફથી પ્રાસંગિક પ્રવચનો માટે વિનંતી કરવામાં આવી હતી.

સૌ પ્રથમ માજી સંસદસભ્ય તથા 'અભ્યુદય' સાપ્તાહિકના તંત્રી શ્રી ખેમચંદભાઈ ચાવડાએ પ્રવચન કર્યું હતું. તેમના પ્રવચનનો મુખ્ય સૂર એ હતો કે અનુસૂચિત જાતિને શૈક્ષણિક સુવિધાને અગ્રતા આપવાથી આપોઆપ ગોભો અને તકો ઊભાં થશે. અસ્પૃશ્યતા નિવારણ માટે ધર્માચાર્યોએ પણ મોટો ભાગ ભજવવો પડશે. ઉપરાંત અનુસૂચિત જાતિ માટેની સંવિધાન સૂચક અનામત જગ્યાઓ અને અન્ય સવલતો મળે તે માટે તટસ્થ અમલીકરણ થવું જોઈએ.





ત્યારબાદ 'તમન્ના' સાપ્તાહિકના તંત્રી તથા સ્વાતંત્ર સેનાની શ્રી જયંતભાઈ સુબોધે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ગાંધી ચીંધ્યા માર્ગે અસ્પૃશ્યતા નિવારણ માટે સત્યાગ્રહો કરી જરૂર લાગે તો બલિદાન પણ આપવું પડશે. સત્યાગ્રહની શરૂઆત ગામડાઓમાં કરવી પડશે. તેમ કહી તેમણે હાલની પ્રવર્તમાન વિસંવાદી પરિસ્થિતિનો ઉલ્લેખ કરી અસંતોષ ના થાય તે માટે આગોતરાં પગલાંની જરૂરિયાત દર્શાવી હતી.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ માજી સમાજ કલ્યાણ નિયામકશ્રી બ.ગો. પરમારને પ્રાસંગિક પ્રવચન માટે વિનંતી કરી હતી. શ્રી બળવંતભાઈએ કહ્યું હતુ કે 'અસ્પૃશ્યતા નિવારણનું કામ એ પવિત્ર કામ છે. ગાંધી વિચારસરણીવાળી એક પેઢી અસ્ત થતી જાય છે. જે કાર્યકરો છે તે અસ્પૃશ્યતા નિવારણના કામમાં આગળ આવતા નથી તેથી કામ મંદ પડયું છે. આ માટે જોડો ક્યાં ડંખે છે. તેનું નિદાન કરવું રહ્યું. તેને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોવું પડશે.' તેઓએ ઉમેર્યુ કે અસ્પૃશ્યતા નિવારણ માટે પરિસંવાદ થાય છે પરંતુ તેના નિષ્કર્ષોનો અમલ થતો લાગતો નથી. ગૂજરાત વિદ્યાપીઠમાં આપણે માતૃભાષામાં ચર્ચા કરીએ છીએ તે આગવી વિશિષ્ટતા છે.

ત્યારબાદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા શ્રી ગૌરાંગ જાનીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે 'રચનાત્મક કાર્યક્રમોની ફેરવિચારણા જરૂરી છે. તેમણે કહ્યું કે બે આંદોલનો થયાં તેનાથી પ્રશ્ન થાય કે અસ્પૃશ્યતા શું છે? અને બંધારણીય સુવિધાઓ શું છે? બંધારણની ખરી વાતો લોકો સુધી પહોંચાડવી પડશે અને અનુસૂચિત જાતિના બંધારણીય હકકો સામે ઊભી થયેલી ચેલેંજને તોડવી પડશે.

ત્યારબાદ શ્રીમતી ઉર્મિલાબહેન પટેલે વ્યકતવ્ય કર્યું હતું. તેઓએ તેમના ટૂંકા વ્યકતવ્યમાં ઘણા મુદ્દાઓને આવરી લીધા હતા. તેમણે પરિસંવાદને એક ગંભીર વિષય પરની ચર્ચા કહી આંદોલનથી તેના તત્વચિંતનની મહત્તા વધી છે તેમ કહ્યું હતું. આંદોલનથી બે કોમો વચ્ચેનું અંતર વધ્યું છે. એટલે કે સંકલનને બદલે વિઘટન થઈ રહ્યું છે તેનું પુનઃગઠન કરવું જોઈએ તેમ કહી અનામત જગ્યાઓની

અનિવાર્યતા દર્શાવી હતી. અને પછાતવર્ગોની અનામત જગ્યાઓની જરૂર છે તેમ અન્ય સમાજનાં ગળે ઉતરવું પડશે. કારણકે તે સિવાય અસ્પૃશ્યોને આગળ આવવાની તક જ મળે નહીં. તેમણે ફરી ઉમેર્યું હતું કે અધિકારો તેમનો પ્રોટેકશન પૂરતા છે. તેમણે પછાતપણાના માપદંડ તરીકે 'આર્થિક પછાતપણાનાં ધોરણો ઊભાં કરવાં જોઈએ તેમ જણાવ્યું હતું. જો કે ચર્ચા દરમિયાન અધ્યક્ષશ્રી દ્વારા આ બાબતને નકારવામાં આવી હતી. અસ્પૃશ્યતા નિવારવાનું કામ તે સવર્ણ સમાજની જવાબદારી છે એ સરકારી લાભોને લીધે ભૂલાતું જાય છે. તેમ કહી 'અસ્પૃશ્યતા નિવારણ સેવક સંઘ' જેવી જાહેર સંસ્થાઓ ઊભી કરવી જોઈએ. અને તેને આ કામગીરી સોંપવી જોઈએ. તેમણે જ્ઞાતિના ધોરણે થતા જાહેર જીવન વ્યવહાર બંધ કરવા જણાવી શિક્ષણ ફરજિયાત અને સાર્વત્રિક કરવાની હિમાયત કરી જણાવ્યું હતું કે તે એક પરિવર્તનનું ક્રાંતિકારક સાધન છે.

અધ્યક્ષશ્રી ખેંગારભાઈ લેઉવાએ રાજકોટ ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રી ચંદ્રકાન્ત વાઘેલાને પ્રાસંગિક પ્રવચન કરવા વિનંતી કરી હતી. શ્રી વાઘેલાએ તેમના ટૂંકા પણ અસરકારક વ્યકતવ્યમાં જણાવ્યું હતું કે અસ્પૃશ્યતા નિવારણા ઘણાખરા કાર્યક્રમો માત્ર ઔપચારિક રીતે જ થાય છે. સરકાર દ્વારા અપાતા લાભ અમુક લોકો જ લઈ જાય છે. આપણ સૌ વિચારણા કરવા તત્પર હોઈએ છીએ તેને અમલમાં મૂકતા નથી. આ માટે આપણે સૌએ પોતાનાથી જ શરૂઆત કરવી પડશે. તેમણે સફાઈ કામદારોના થતા શોષણની વાત કરી તેમનું પગારધોરણ તથા અન્ય સવલતો વધે તે પર ભાર મૂકયો હતો. તેમને પોતાને થયેલા અસ્પૃશ્યતાના અનુભવો કહી અસ્પૃશ્યો પોતે જાગૃત બને તે બાબત પર ભાર મૂકયો હતો. છેલ્લે સરકારમાં આ બાબતે શકય બધું જ કરશે તેની ખાતરી આપી હતી.

આટલાં પ્રાસંગિક પ્રવચનો થયા બાદ અધ્યક્ષશ્રી તથા ડૉ. ઠા. ભા. નાયકે ઉપસ્થિત વિધ્વાનો સાથે ચર્ચા કરી લેખ વાંચન કરવા નિર્ણય કર્યો હતો. વાંચનની શરૂઆત થઈ હતી તેમાં નીચે મુજબના સંયુકત રીતે જૂથ-૧ ના પેપરો વંચાયાં હતાં.





૧. અસ્પૃશ્યતા નિવારણ એક દ્રષ્ટિપાત

શ્રી હસમુખ પરમાર

૨. અસ્પૃશ્યતા નિવારણ માટેના પ્રયત્નોનું મૂલ્યાંકન

શ્રીમતી હેમીક્ષા રાવ

શ્રી ચંદ્રકાન્ત વાઘેલા

3. Where the Scheduled Castes fit in the caste-based Rural Society of Gujarat? Attitudes towards Harijans

Shri R.B. Lal

૪. અસ્પૃશ્યતા નિવારણ દેશનું કાળું કલંક

શ્રી જયંતીભાઈ સુબોધ

૫. દેશમાં અસ્પૃશ્યતા નિવારણ સિધ્ધ થશે?

શ્રી બ. ગો. પરમાર

૬. અનુસૂચિત જાતિ માટેની શૈક્ષણિક યોજનાઓ

શ્રી સાયમન મેકવાન

૭. એક અસ્પૃશ્ય આદિવાસી જાતિ

શ્રી ગૌરીશ પંડયા

૮. અસ્પૃશ્યતા ભારતનો તોતીંગ પ્રાણ પ્રશ્ન

ડૉ. મહેશચંદ્ર પંડયા

બપોરના ભોજન બાદ નીચે મુજબના પેપરોનું વાંચન થયું હતું :

૯. અસ્પૃશ્યતા નિવારણ માટેનો ત્રિપાંખિયો વ્યૂહ

શ્રી ખેમચંદભાઈ ચાવડા

૧૦. Dimention and images of Untouchability in Urban areas of Gujarat.

Shri Satish Bhakta

૧૧. અસ્પૃશ્યતા : એક સળગતી સમસ્યા

શ્રી જોસેફ મેકવાન

૧૨. ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તીનાં કેટલાંક પાસાં

શ્રી અરૂણ પટેલ

૧૩. અસ્પૃશ્યતા અને પ્રૌઢ શિક્ષણ

શ્રી અરૂણ ગાંધી

૧૪. અસ્પૃશ્યતા નિવારણને અવરોધતાં પરિબળો

શ્રીમતી ઉર્મિલા પટેલ

લેખ વાંચન પછી ચર્ચામાં સૌ પ્રથમ 'દલિત મિત્ર' ના તંત્રીશ્રી વાલજીભાઈ પટેલે તેમનો મત રજૂ કર્યો હતો. તેમણે મંદિરના પૂજારી કોણ હોઈ શકે તથા હિંદુ કોડબીલના અસ્વીકારની વાત કરી જણાવ્યું હતું કે અસ્પૃશ્યતાને નબળા વર્ગો નહીં પણ શોષિત વર્ગ તરીકે ઓળખવા જોઈએ. તેમણે ભગવાન બુધ્ધની કરૂણા ડૉ.બાબા-સાહેબની કાનૂની વ્યવસ્થાને અસ્પૃશ્યતા નિવારણના પ્રથમ અને બીજા તબકકા ગણાવી ત્રીજા તબકકા રૂપે કત્લનો ના આવે તેવો મત વ્યકત કર્યો હતો. ઉપરાંત આપણા બિનસાંપ્રદાયિક દેશમાં રાજ્યના અને કેન્દ્રના કેટલાક ઉચ્ચ વડાઓને જે જે અસ્પૃશ્યતાના અનુભવો ધર્મસ્થાનોમાં થયા હતા તે વર્ણવ્યા હતા. તેમણે એક વાત કરી હતી કે કચ્છના એક ગામમાં ગામના ઉજળિયાત જે કૂવામાંથી પાણી ભરતા હતા તે કૂવામાં પાણી ખલાસ થઈ ગયું જ્યારે અનુસૂચિત જાતિના લોકો જે કૂવામાંથી પાણી ભરતા હતા તે કૂવામાં પાણી હતું તેથી સવર્ણોએ હરિજનો જે કૂવામાંથી પાણી ભરતા હતા તે કૂવા પચાવી પાડયો. એટલું જ નહીં પણ હરિજનોને કેટલાંક અપકૃત્યોના ભોગ બનવું પડયું. કાનૂની રાહે કામ ચાલ્યું અને પરિણામ નિર્દોષ છૂટકારામાં આવ્યું. તેમણે હરિજનો માટેની અલગ 'રહેઠાણ વ્યવસ્થા' (સેપરેટ સેટલમેન્ટ)ની વાત પણ કરી હતી.

ચર્ચામાં ભાગ લેતાં શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં જેવી અસ્પૃશ્યતા અંગેની પરિસ્થિતિ છે તેવી બીજે નથી. જો શંકરાચાર્યો આ બાબતે રસ





લે તો ઘણું સારું કામ થાય. આ માટે મૂલ્ય પરિવર્તનની જરૂર છે. તેમણે નવી ખાસ અસ્પૃશ્યતા નિવારણ માટેની સંસ્થા શરૂ કરવા પર ભાર આપ્યો અને જણાવ્યું હતું કે પરિસંવાદનાં સૂચનોનો સર્વત્ર ફેલાવો થવો જોઈએ.

દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના શ્રી અરવિંદભાઈ શાહે જણાવ્યું કે ગાંધીજીનો કાર્યક્રમ કાળગ્રસ્ત થયો છે. જો કે તેઓએ ખૂબ જ સચોટ રીતે તે વખતે સમાજની નાડ પકડી હતી, તેઓ તો સમાજ વૈજ્ઞાનિક હતા. તેમણે સામાજિક આંતરક્રિયા વધારવા પર ભાર મૂક્યો હતો તથા સારાં મૂલ્યોને સ્વીકારી અસ્પૃશ્ય ગણાતા અને બિન અસ્પૃશ્ય ગણાતા સૌએ એક મંચ પર એકઠા થવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે અનુસૂચિત જાતિમાં અધિકાર સુરક્ષા પૂરતી જ એકતા આવી છે. લોકોની માન્યતા મૂલ્યો અને વલણોમાં ફેરફાર માટે લોકશિક્ષણ વધુને વધુ આપવું પડશે.

શ્રી નરોત્તમ પરમાર નોકરીઓમાં અને અન્યત્ર અનામતની ટકાવારી ભરાતી નથી. રાજકીય અનામત જગ્યાઓ પૂરી ભરાય છે તેની વાત કહી હતી. તેમણે એવું પણ કહ્યું કે અનુસૂચિત જાતિ/જનજાતિની અનામત જગ્યાઓ પર ચૂંટાઈને ગયેલા નેતાઓ સમાજનું હિત જોતા બંધ થઈ જાય છે. તેઓ તેમનો અંગત સ્વાર્થ અને પક્ષાને જ વફાદાર રહે છે. ધર્મપરિવર્તનની વિરુધ્ધ યુવાનોનો મત છે તેમ જણાવ્યું હતું.

શ્રી ગૌરાંગ જાનીએ જણાવ્યું હતું કે સામાન્ય લોકોએ પણ હરિજનોને મંદિર પ્રવેશ કરાવ્યો છે. અસ્પૃશ્યતા નિવારણ માટે ધર્મ ઉપદેશકોની મદદ લેવાની સાથે હું સહમત નથી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે અસ્પૃશ્યતા નિવારણના કામમાં હરિજન બહેનોના કામને મૂલવતા નથી ઉલટાનું પુરુષપ્રધાન સમાજમાં તેમનાં કામોને આપણે અવગણીએ છીએ. તેમણે એ બાબત પણ ઉમેરી હતી કે સાહિત્યમાં હરિજન સાહિત્ય-કારોની ઉપેક્ષા સેવાય છે તે બરોબર નથી. દા.ત. 'પરબ' સામયિકમાં પ્રસિધ્ધ થયેલી યાદીમાં કોઈ જ હરિજન લેખક કવિની કૃતિ નથી.

છેલ્લે ચર્ચાનું સમાપન કરતાં સભાના અધ્યક્ષશ્રી ખેંગારભાઈ લેઉવાએ કાયદા-કીય અધિકારોની વાત કરી કહ્યું કે માનવ અધિકારો છે તેના પર સમગ્ર સમાજની

ઈમારત ખડી છે. અનટચેબીલીટી શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ ૧૯૦૯માં શ્રી સયાજીરાવ ગાયકવાડે કર્યો હતો. તેઓએ પછાતપણાના માપદંડ અંગે મત દર્શાવ્યો હતો કે પછાતપણાનો માપદંડ કદી આર્થિક હોઈ શકે નહી. ખરેખર પછાતપણાનો પ્રત્યક્ષ સંબંધ તો હાલમાંની સામાજિક વ્યવસ્થા સાથે છે. જે વર્ણ ઉપર આધારિત છે. તેમાં કોઈ વ્યકિત અમુક વર્ણ કે જ્ઞાતિમાં જન્મ પામવાને કારણે પોતાને ઉચ્ચ માને છે તે અંગેના ઉદાહરણ આપીને વધુમાં જણાવ્યું હતું કે પછાતપણાનો પ્રત્યક્ષ હિતસંબંધ તો સમાજ વ્યવસ્થા સાથે છે નહીં કે આર્થિક પરિસ્થિતિ સાથે એટલે પછાતપણાનો માપદંડ આર્થિક કઈ રીતે હોઈ શકે? તેવો પ્રશ્ન કરી કહ્યું કે સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત હોય એવા લોકો જ આમાં આમેજ થઈ શકે, એવું બંધારણનું અર્થઘટન છે. તથા સુપ્રિમ કોર્ટે તેને આખરી મહોર પણ મારી દીધી છે. તેમાં કંઈ મીનમેખ થઈ શકે તેમ નથી. અસ્પૃશ્યતાના પોતાના અનુભવોને ખૂબ જ રસપ્રદ રીતે રજૂ કરીને વધુમાં ઉમેર્યું હતું કે અસ્પૃશ્યતા નિવારણ કરવું હોય તો સવર્ણોએ હરિજન થવું જોઈએ. એટલે કે જડ થઈ ગયેલી જ્ઞાતિ વ્યવસ્થા તોડવાનો અમોઘ ઉપાય આંતરજ્ઞાતિય લગ્ન છે. તેને પ્રોત્સાહન આપવું જોઈએ. વધુમાં એમ પણ કહ્યું કે ૬૫ વર્ષના અનુસૂચિત જાતિના કાનાને સમાજમાં કાનજીભાઈ તરીકેનું એક વડીલ તરીકેનું સન્માન મળવું જોઈએ. માનવતાની દ્રષ્ટિએ આ પ્રશ્નને મુલવવાનો છે અને તેની ગંભીરતા સમજી નૈતિક રીતે અને પ્રમાણિક પ્રયત્નો સૌ નાગરિકોએ કરવાના છે. બંને પક્ષો કામ કરતી લઘુતાગ્રંથી અને ગુરુતાગ્રંથીથી વિમુખ બનવું પડશે. તેમ કહી પ્રથમ બેઠકમાં તેઓને બેઠકના અધ્યક્ષ બનાવવા બદલ તથા સંતુલિત રીતે બેઠકની કાર્યવાહી કરવામાં સૌએ સહકાર આપ્યો તેથી સૌનો ખૂબ આભાર માન્યો હતો.

તા.૨૦ જાન્યુઆરીના રોજ સૌ ૯-૦૦ કલાકે આદિવાસી સભાખંડમાં અલગ અલગ જૂથમાં બધા વહેંચાઈ જઈ પ્રથમ જૂથના અધ્યક્ષ તરીકે શ્રી બ. ગો. પરમારની વરણી થઈ જયારે બીજા જૂથના અધ્યક્ષ તરીકે શ્રી અરવિંદભાઈ શાહની વરણી થઈ હતી. બંને જૂથોના અલગ અલગ પેપર વાંચન થયું હતું.

જૂથ-૧ માં શ્રી બ. ગો. પરમારની અધ્યક્ષતા હેઠળ નીચે પ્રમાણેના પેપરોનું વાંચન થયું હતું.





૧. ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન
શ્રી હસમુખ પરમાર

૨. Culture of Poverty "An obstacle to remove Untouchability"
Shri H. R. Trivedi

૩. અસ્પૃશ્યતા નિવારણ અંગે સ્નાતક કક્ષાના સવર્ણ વિદ્યાર્થીઓનાં વલણો
ફરીદા ચાબુવાલા
ચંદિકા કે. રાવલ

૪. અનુસૂચિત જાતિની આંતરિક સંસ્થાનું એક પાસું
શ્રી જશવંત રાઠોડ

૫. મારી નજરે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અસ્પૃશ્યતાના અંશો
શ્રી દિલીપ પરમાર

૬. રામપુરા ગામની અસ્પૃશ્યતાનું યથાતથ ચિત્ર
શ્રી કાંતિ મકવાણા

૭. વડોદરા શહેરની અનુસૂચિત જાતિનું જીવન સ્તર
શ્રી ચંદ્રકાન્ત પટેલ

૮. અમદાવાદ શહેરના હરિજનો (આર્થિક-સામાજિક આલોચના)
શ્રી મુસ્તાઅલી આઈ. મસવી

જૂથ-૨માં શ્રી અરવિંદભાઈ શાહની અધ્યક્ષતા હેઠળ નીચે મુજબના પેપરોનું વાંચન થયું હતું.

૧. સૌરાષ્ટ્રમાં અનુસૂચિત જાતિનું ઘનિષ્ટ નગરાયણ
શ્રી ગિરીશ ભટ્ટ

૨. ગુજરાતના હરિજનોમાં શિક્ષણ યથાસ્થિતિ અહેવાલ

શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

૩. ઠાસરા તાલુકાના વણોતી ગામના હરિજન-ખ્રિસ્તી કુટુંબો પર વીજળીની અસર

શ્રી ભૂપેન્દ્ર પટેલ

૪. અસ્પૃશ્યતા અને આંતરજ્ઞાતિય લગ્ન

શ્રીમતી કુંજબાળા ત્રિવેદી

૫. અનુસૂચિત જાતિના ઔદ્યોગિક સાહસિક- એક એકમ અભ્યાસ

શ્રી એમ.એચ. મકવાણા

૬. બૃહદ પરંપરા સ્વરૂપ પરિવર્તનની યાંત્રિકી (ગુજરાતની અનુસૂચિત જાતિમાંથી એક ઉદાહરણ)

ડૉ. ઠા. ભા. નાયક

૭. અનુસૂચિત જાતિમાં સ્ત્રી શિક્ષણ અને તે માટેની છાત્રાલય સુવિધા

શ્રીમતી ભારતી દેસાઈ

૮. અસ્પૃશ્યતા નિવારણ અંગે મહાત્મા ગાંધી અને ડૉ. આંબેડકરના અભિગમો

ડૉ. એ. એસ. પટેલ

આ ઉપરાંત કેટલાક લેખકો હાજર ન હોવાથી તેમના લેખો વંચાયા નહતા.

પેપર વાંચન બાદ બંને જૂથોમાં રસપ્રદ ચર્ચા થઈ હતી. બંને જૂથોના ચર્ચાના અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.

બપોર પછી બંને જૂથોની સંયુક્ત બેઠક થઈ હતી. જેમાં બંને જૂથોમાં ચર્ચાને આધારે નીકળેલાં તારણો/સૂચનોનું વાંચન થયું હતું. પ્રથમ જૂથનાં તારણોનું વાંચન ફરીદા આબુવાલાએ કર્યું હતું જ્યારે બીજા જૂથનાં તારણોનું વાંચન શ્રીમતી હેમિક્ષા રાવે કર્યું હતું. ત્યારબાદ ત્રણે બેઠકનાં સંયુક્ત તારણો/સૂચનોનું વાંચન શ્રી હસમુખ પરમારે કર્યું હતું. આમ બે દિવસનો પરિસંવાદ સમાપન તરફ ગતિ કરી રહ્યો હતો.





ગુજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઈ પરીખે સમાપન સમારંભનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. સમાપન સમારંભ વખતે ભૂતપૂર્વ સસંદસભ્ય શ્રી ખેમચંદભાઈ ચાવડા, શ્રી અરવિંદભાઈ શાહ તથા શ્રીમતી હેમિક્ષા રાવે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં તથા પ્રમુખશ્રીએ સમાપન સંબોધન કરતાં જણાવ્યું હતું કે સૌ સમાજ વૈજ્ઞાનિકો અને સંશોધકોએ આ પ્રશ્ન તેમનો છે તેમ માની લેવું જોઈએ. તથા અસ્પૃશ્યતાના પ્રશ્નની સાચી માહિતી માટે માઈક્રોલેવલના અભ્યાસો થવા જોઈએ. આપણે આ પ્રશ્નને ગરીબી અને સામાજિક સમાનતા સાથે જોડી દેવા સામાજિક આયોજન કરવું જોઈએ. ઉપરાંત વિસ્તરણ કાર્ય વધારવું જોઈએ. તેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો બહોળો ઉપયોગ કરવો જોઈએ. તેઓએ ગાંધીગ્રામ અને બોચાસણમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન નથી કારણ ત્યાં પૂ. ગાંધીજી દ્વારા વિસ્તરણ કાર્ય થયું હતું. તેઓએ કોઈ નવી યુનિવર્સિટી નીકળે તો તેને 'અસ્પૃશ્યતા નિવારણ યુનિવર્સિટી' નામ આપવાનું સૂચન કર્યું હતું. તેમણે વાસ્તવિકતા પર પ્રહાર કરતાં કહ્યું હતું કે આ સમાજ સત્ય અને અસત્યને સાથે રાખીને ચાલે છે તેમાં નક્કર પરિણામ લાવવું છે તે કઠીન પરંતુ શક્ય જરૂર છે તે માટે જૂની સમાજ રચનાને તોડવી પડશે. તેમણે બે દિવસ થયેલી હેતપૂર્વકની ચર્ચાનાં તારણોની ખુશી વ્યક્ત કરી સૌના સુંદર સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઈ નાયકે આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે સમસ્યા અને સમયને બૃહદ આયામમાં જોવો જોઈએ. પરિસંવાદની ચર્ચા પરથી લાગે છે કે વિચારો અને મૈત્રી દ્વારા એક નવી દર્શનશક્તિ મળી છે. નવાં સમાજ વિજ્ઞાનો ઊભાં થાય તેમાં આવાં ચિહ્નોધારિત થીયરી રચાવી જોઈએ. ઘોર અપમાન પામેલો અને નિરાશ થયેલો સમાજ પોતાની સમસ્યા હલ કરવા હિંસાની વાત કરે તેને વ્યવહારૂ તથા કાયમી ન ગણી શકાય એમ સૌ સમાજ વૈજ્ઞાનિકોએ સમજવું જોઈએ. હિંસા તો પ્રતિહિંસા જન્માવે છે. આ સમસ્યાનો ઉકેલ તો શાંતિ અને અહિંસાના માર્ગે જ આવી શકે. સહભાગીઓએ પોતપોતાના વિચારો અને લાગણીથી અમને અભિભૂત કર્યા છે તેમ જણાવી કહ્યું હતું

કે ગૂજરાત વિદ્યાપીઠે તો અસ્પૃશ્યતા નિવારણનું કામ સદૈવ ઉપાડેલું જ છે અને આવાં કાર્યોને લઈને જ ગૂજરાત વિદ્યાપીઠની પ્રતિભા ઝળહળતી રહેશે. કુલનાયકશ્રી કામોમાં ખૂબ જ વ્યસ્ત હોવા છતાં ઉદ્‌ઘાટન અને સમાપન સમારંભમાં હાજરી આપી પ્રોત્સાહિત કરી સૌને સચોટ અંગૂલી નિર્દેશ કર્યા તે માટે તેઓશ્રીનો તથા કુલસચિવશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્યે ગૂજરાત વિદ્યાપીઠને આવું માનવ કલ્યાણનું કામ સોંપી તે માટે નાણાંકીય સહાય કરી તે બદલ સમાજ કલ્યાણ ખાતાનો પણ આભાર માન્યો હતો. પરિસંવાદમાં પોતાના વિચારો વ્યક્ત કરતા લેખો મોકલાવી તેમજ બે દિવસ હાજર રહી જીવંત ચર્ચા કરવા માટે ઉપસ્થિત રહેલ સૌ તજજ્ઞ આમંત્રિત મહાનુભાવોનો પણ આભાર માન્યો હતો. પરિસંવાદના આયોજનમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના સૌ સહકાર્યકરો તેમજ વિદ્યાપીઠના અન્ય કાર્યકરો કે જે આ પરિસંવાદમાં સીધી યા આડકતરી રીતે સહાયભૂત થયા હતા તે સૌનો આભાર માન્યો હતો. આમ બે દિવસના 'અસ્પૃશ્યતા નિવારણ' પરિસંવાદની પૂર્ણાહૂતિ થઈ હતી.

<u>ચર્ચા આધારીત નિષ્કર્ષો</u> :

આ પરિસંવાદમાં ૪૦ પેપરો રજૂ થયાં હતાં. તેમાં ૬૫ જેટલા સમાજ વૈજ્ઞાનિકો, ઈતિહાસકારો, સાહિત્યકારો, સામાજિક કાર્યકરો, અર્થશાસ્ત્રીઓ, સંશોધકો, ધારાશાસ્ત્રીઓ તથા સરકારી અધિકારીઓએ ભાગ લીધો હતો. સંબંધિત વિભાગના અધિકારીઓ અન્યત્ર વ્યસ્ત હોવાને લીધે હાજર ન રહી શકવા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. બંને દિવસની ચર્ચાને અંતે તારવાયેલા નિષ્કર્ષોનો નિચોડ આ મુજબ છે.

<u>આર્થિક વ્યવસાયિક</u> :

અનુસૂચિત જાતિને સદીઓથી વળગેલ 'અસ્પૃશ્યતા' ના કલંકને દૂર કરવામાં જો કોઈ અસરકારક ઉપકરણ હોય તો તે એ છે કે તેમને આર્થિક રીતે પગભર કરી સંગઠિત કરવા. ઘણાં આર્થિક રીતે સધ્ધર અનુસૂચિત જાતિનાં કુટુંબો સાથે સવર્ણ





સમાજના વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે તે એ વાતની સાક્ષી પૂરે છે કે જો અનુસૂચિત જાતિના લોકો એક વખત આર્થિક રીતે સધ્ધર થશે તો પછી અસ્પૃશ્યતાના ભૂતને ભગાડવામાં વાર નહીં લાગે.

અનુસૂચિત જાતિનો આર્થિક રીતે ઉત્કર્ષ કરવા માટે થાગડ થીંગડ કે તુટક તુટક પ્રયત્નો સફળ નહીં નિવડે. તે માટે તો સવાંગી વિકાસને આવરી લેતી યોજના બનાવવી પડશે. હાલના અનુસૂચિત જાતિના અર્થતંત્રને તપાસીએ તો તેઓ પાસે નવા ધંધા આવતા નથી જ્યારે બીજી તરફ જૂના ધંધાઓ ઘરાશાયી થતા જાય છે. તે માટે અનુસૂચિત જાતિને આર્થિક રીતે સધ્ધર કરવા નીચે મુજબના આર્થિક કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

(૧) અનુસૂચિત જાતિના શિક્ષિત યુવાનોને તેમજ આગવી સૂઝ ધરાવતા અશિક્ષિત પરંતુ ખંતીલા યુવાનો પોતાની આવડત અને તેમનામાં રહેલી સાહસિકતાને બહાર લાવવા ઉદ્યોગ સાહસિકતા અંગેની તાલીમ આપવી જોઈએ. તથા તેઓને ઉદ્યોગ શરૂ કરવા માટે જરૂરી તમામ સાધનો તથા આર્થિક સહાય રાહત દરના વ્યાજે આપવી જોઈએ.

(૨) ચમાર કામ, સફાઈકામ, મલીન વ્યવસાય અને વણાટકામને પશ્ચિમી ટેકનોલોજી લાગુ પાડી તે કામ વૈજ્ઞાનિક પધ્ધતિથી કરી તેનું આધુનિકરણ કરવું જોઈએ.

(૩) અસ્પૃશ્યોમાં પણ અતિ પછાત એવી ભંગી કોમ જે સફાઈકામમાં રોકાયેલી હોય છે તેઓના સવાંગી વિકાસ માટે એક પંચ નીમવું જોઈએ તથા તેઓનો પગાર કલાર્ક કે શિક્ષક કરતાં ઓછો ન રહે તે બાબતને વહેલામાં વહેલી તકે અમલમાં લાવવી જોઈએ. એટલે કે તેમનું પગારધોરણ સુધારવું જોઈએ.

(૪) મેલા વ્યવસાયોના અને પરંપરાગત વ્યવસાયોના વિકલ્પ શહેરો અને ગામડાંમાં આધુનિક ટેકનોલોજી આધારિત વ્યવસાયો અનુસૂચિત જાતિના લોકોને પૂરા પાડવા જોઈએ.

(૫) નવા વ્યવસાયોમાં અને પરંપરાગત વ્યવસાયોમાં ઉત્પાદિત થતા માલના વેચાણ માટે અને કાચો માલ મેળવવા વ્યવસાયિક સહકારી સેવા મંડળીની સ્થાપના કરવી જોઈએ. જેથી અસ્પૃશ્યતાના કારણે તેમને આર્થિક રીતે નુકશાન ભોગવવું ના પડે અને શોષણનો ભોગ ન બને.

(૬) સરકારી ઉપરાંત સહકારી, અર્ધસરકારી નિગમોની જાહેર અને સરકારી લોન કે મદદ મેળવીને ઊભા કરાયેલા ઉદ્યોગોમાં અનુસૂચિત જાતિ માટે વસ્તીના ધોરણ નોકરીમાં સ્વાયત અનામત જગાઓ રાખવી જોઈએ.

(૭) અનુસૂચિત જાતિના લોકો મોટા ભાગે ખેતમજૂરી કે છૂટક મજૂરી કરી જીવન ગુજારે છે. આમ તેઓ મોટા ખેડૂતો પર નિર્ભર હોઈ મૂંગા મોઢે 'અસ્પૃશ્યતા' જેવા અનેક દૂષણોનો ભોગ બની શોષાય છે. તેઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા ફાજલ જમીનની વહેંચણી કરવી જોઈએ. તે જમીન ઉત્પાદન આપી શકે તેવી હોવી જોઈએ. માત્ર યોજનાનો લક્ષાંક સિધ્ધ કરવા અનઉત્પાદકીય જેવી કે ખારાશવાળી, ખાડાટેકરાવાળી અસમતળ નહી પરંતુ તે જમીનને નવસાધ્ય કરી ત્યારબાદ જ ફાળવવી જોઈએ.

અને જમીન ફાળવ્યા પછી ઉત્પાદન મેળવવા માટે જરૂરી કૃષિકામ સાધન સામગ્રી પૂરાં પાડવાં જોઈએ.

(૮) ગામડાઓમાં અનુસૂચિત જાતિના લોકોને લઘુત્તમ વેતનધારા પ્રમાણે વેતન મળે તે માટે ગોઠવાયેલ સરકારી તંત્રને સાબદું કરવું જોઈએ.

(૯) ગ્રામવિકાસની કેટલીક યોજનાઓ ચાલે છે પરંતુ તેનો લાભ અનુસૂચિત જાતિના લોકો સુધી પહોંચતો નથી. હા, ચોપડે નોંધાય છે. પરંતુ તેને ગામડાના ગરીબ અનુસૂચિત જાતિના કુટુંબ સુધી પહોંચાડી તેને ગરીબી રેખાથી અધ્ધર લાવવા હશે તો સઘન પ્રયત્નો કરવા પડશે. એટલું જ નહીં પરંતુ કાર્યક્રમોનું સજ્જડ અને સતત અમલીકરણ કરાવવું પડશે.





(૧૦) અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટેની ખાસ અંગભૂત યોજનાનું અલગ વ્યવસ્થા/અમલીકરણ તંત્ર ન હોવાથી હાલના સ્ટાફ ઉપર જ તેનું કાર્યભારણ આવતાં આ યોજનાના અમલીકરણ પ્રત્યે ઉપેક્ષા સેવાય છે. તેથી અનુસૂચિત જાતિઓ માટેની આ યોજનાનું અસરકારક અમલીકરણ શકય બને તે માટે બનાવેલી ગ્રામ વિકાસ એજન્સીની માફક 'ખાસ અંગભૂત એજન્સી' જેવી અલગ વહીવટી પાંખ ઊભી કરવી જોઈએ.

(૧૧) ખાસ અંગભૂત યોજનાનાં નાણાં અનુસૂચિત જાતિના આર્થિક, સામાજિક વિકાસમાં સીધી રીતે અસર કરતાં હોય ત્યાં જ ખર્ચાવાં જોઈએ. ચર્ચામાં એ બાબત પણ આવી કે ખાસ અંગભૂત યોજનાનાં નાણાં આડેધડ વર્ષના અંતે લક્ષાંક સિધ્ધ કરવા પૂરતા રેફરલ હોસ્પીટલ અને રોડ બાંધકામ પાછળ વપરાય છે. તથા વર્ષના છેલ્લા દિવસોમાં નાણાં વપરાવાથી જેમને ખરેખર સહાયની જરૂર છે તેઓને તેનો લાભ મળતો નથી. આ માટે વર્ષની શરૂઆતથી જ આયોજનબધ્ધ અમલીકરણ થવું જોઈએ. એ માટે શકય હોય તો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ મેળવવા જોઈએ.

(૧૨) જુદી જુદી યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિના વિકાસ માટે થતા નાણાંકીય ખર્ચાઓમાં તે માટેનું વ્યવસ્થા તંત્ર ઊભું કરવા પાછળ મોટો ભાગ ખર્ચાઈ જાય છે. ત્યારે ખરેખર જે નાણાં અનુસૂચિત જાતિના વિકાસ પાછળ સીધી રીતે ખર્ચાયાં હોય તે જ ખર્ચના આંકડાને બહાર પાડવા જોઈએ.

એટલે કે કુલ ખર્ચ નહીં પણ ચોખ્ખો ખર્ચ બહાર પાડવો જોઈએ. તેની પાછળનું કારણ એ છે કે ખરેખર તે નાણાંનો ઉપયોગ અનુસૂચિત જાતિના વિકાસમાં થતો નથી અને બૃહદ જનસમુદાયમાં એવી ભ્રમણા ઊભી થાય છે કે આ સરકાર અનુસૂચિત જાતિ પાછળ ધુમ ખર્ચ કરે છે. જેનાથી અનુસૂચિત જાતિ પ્રત્યે બૃહદ સમાજનું ઈર્ષ્યાળુ માનસ અને નકારાત્મક વલણો પેદા થાય છે. અને એવું પણ સમજવા લાગે છે કે અસ્પૃશ્યતા નિવારણનું કામ એ સરકારનું છે. આ બધું જોતાં સરકાર આંકડા બહાર પાડતી વખતે ચોખ્ખા ખર્ચના આંકડા બહાર પડે તે જોવું જોઈએ.

(૧૩) મ્યુ. કોપોરેશનના કમિશ્નર તથા નગરપતિ તેમજ મ્યુનિ. ના તેમજ
નગરપાલિકાના ચીફ ઓફીસરને બોલાવી પરિસંવાદ યોજી સફાઈ કામદારોની
સમસ્યાઓનો ઉકેલ લાવવા સઘન પ્રયત્ન કરવા જોઈએ તથા મેલુ ઉપાડવાની પ્રથા
બંધ કરવા માટે તેની સમયમર્યાદા બાંધી યુધ્ધના ધોરણે કામ હાથ ધરવું જોઈએ.
જેટલું મોડું આ કામ કરવામાં થશે તેટલું મોડું અસ્પૃશ્યતા નિવારણમાં થશે.

(૧૪) કેટલીક જગ્યાએ સફાઈ કામદારો પાસે ઠેકા પધ્ધતિએ કામ કરાવી તેમનું
શોષણ કરવામાં આવે છે. તે પ્રથા રદંતર નાબૂદ થવી જોઈએ તથા પોલીસ
લાઈનો, ગ્રામપંચાયતો, બાંધકામ ખાતામાં, વાહન વ્યવહાર ખાતામાં, મ્યુ. અને
ખાનગી દવાખાનાઓમાં પાર્ટ ટાઈમનું કામ કરતા સફાઈ કામદારોને પૂરા સમયના
કરી પૂરતું અને નિયમિત વેતન આપવું જોઈએ.

(૧૫) કેટલાંક ગામો કે જ્યાં અનુસૂચિત જાતિના લોકો પ્રત્યે અન્ય સમાજના
લોકોની સૂગ ઓછી થઈ છે. અસ્પૃશ્યતાના વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે તેનાં
કારણોમાં તે ગામના અનુસૂચિત જાતિના લોકોએ મરેલા ઢોરના નિકાલમાં નવીની-
કરણ અપનાવ્યું છે અથવા તો તે કામ છોડી દીધું છે તે છે.

મરેલાં ઢોરના નિકાલ સાધનોના નવીનીકરણ માટે સૌથી છેલ્લામાં છેલ્લી
ઢબનાં યાંત્રિક સાધનોનો ઉપયોગ કરી 'ફ્લેઈંગ સેન્ટરો' ઊભાં કરવાં જોઈએ.
ફ્લેઈંગ સેન્ટરોમાં અનુસૂચિત જાતિના યુવાનોને તાલીમ આપી રોકવા જોઈએ. તે
માટે સહકારી મંડળી બનાવવાનું બંધન નહી રાખવું જોઈએ. કારણ કે ખાદી ગ્રામો-
દ્યોગ બોર્ડને આ કારણને લઈ ઝાઝી સફળતા મળતી નથી. પરંતુ જે તે ગામની
પશુધનની સંખ્યાને ધ્યાનમાં રાખી ફ્લેઈંગ સેન્ટરો બનાવવાં જોઈએ. તે માટે ગ્રામ
પંચાયતે ફરજિયાત ગામઢી તથા અનુસૂચિત જાતિના મહોલ્લાથી દૂર જમીન ફાળવી
આપે તથા ફ્લેઈંગ સેન્ટરો બનાવવાની જવાબદારી તાલુકા તથા ગ્રામ પંચાયતના
સામાજિક ન્યાય સમિતિના ચેરમેનને સોંપવી જોઈએ. જો આમ થશે તો તેના કાચા
માલમાંથી હાડકા ઉદ્યોગ તથા ચર્મ ઉદ્યોગને વિકાસની તક સાંપડશે, તે અનુસૂચિત
જાતિના લોકોને ઉદ્યોગ સાહસિક બનવાની પ્રેરણા આપશે.





(૧૬) છેલ્લાં પાંચેક વર્ષથી અમદાવાદ શહેરમાં કાપડની મીલો માંદી મીલોના બહાને બંધ થતી જાય છે. આ મીલોમાં ઘણા કામદારો અનુસૂચિત જાતિના છે. તેઓ ભીષણ મોંઘવારીમાં બેકારીના ખપ્પરમાં હોમાઈ ગયા છે. આમ શહેરી અનુસૂચિત જાતિના અર્થતંત્રને જોરદાર થાપટ લાગી છે. ત્યારે સરકારે બંધ મીલોને શરૂ કરવાની તૈયારી બતાવી છે ત્યારે શક્ય એટલી વહેલી તકે બંધ મીલો શરૂ કરી શહેરોમાં, ઝૂંપડપટ્ટીમાં વસતા અનુસૂચિત જાતિના મીલ કામદારોને અસહય કંગાળ હાલતમાંથી જીવતા ઉગારી લેવા જોઈએ.

(૧૭) અનુસૂચિત જાતિના આર્થિક વિકાસની યોજનાઓનો લાભ તે સમાજના છેલ્લામાં છેલ્લા માણસ સુધી પહોંચે તે માટે અને તેમાં આવતી મુશ્કેલીઓ નિવારવા વારંવાર મૂલ્યાંકન અને માર્ગદર્શન માટેના એકમની રચના કરી તેને નિરંતર કરવું જોઈએ.

(૧૮) ખાનગી વ્યવસાયોમાં 'લાયસન્સ' આપતી વખતે અનુસૂચિત જાતિના લોકોને સમાન ધોરણે નોકરીઓમાં સ્થાન અપાશે તેવી બાંહેધરી લેવી જોઈએ.

(૧૯) અનુસૂચિત જાતિની કેટલીક જાતિઓમાં બહેનો આગવી હસ્તકલા અને કારીગરી ધરાવે છે. જેમ કે કચ્છમાં કચ્છી ભરતકામ, દક્ષિણ ગુજરાતમાં વાંસકામ, ઉત્તર ગુજરાતમાં સીવણ, ભરત ગૂંથણ કામ કરે છે. તેમાંય ડાંગસિયા જાતિ ઉન વણાટકામ કરે છે. સેનવા તથા ભંગી વાંસકામ, ડાભડા દોરડાં બનાવવા, ઈંઢોણી, સૂપડાં, છાબડી, ટોપલા, સાવરણી બનાવવી વગેરે.

આ બહેનોને પૂરક રોજી મળી શકે અને હસ્ત કલાકારીગરી વિકસાવી શકે તે માટે તેઓએ જરૂરી તમામ સાધન સામગ્રી અને તાલીમ અને નાણાંકીય સવલતો પૂરી પાડી પ્રોત્સાહિત કરવી જોઈએ.

(૨૦) અનુસૂચિત જાતિના વિકાસના કાર્યક્રમોના લાભ લેવા તેઓને ધિરાણ સંસ્થાઓ પાસે જવું પડે છે તેમાં ક્યાંક સહકારી બેન્કો કે મંડળીઓ તો તેમને

પૂરતો સહકાર આપતી નથી સાથે સાથે રાષ્ટ્રીયકૃત બેન્કો પણ અનુસૂચિત જાતિના લોકોના ધિરાણ પ્રત્યે ઉદાશીનતા સેવે છે. ત્યારે સરકારે અનુસૂચિત જાતિના વિકાસ માટેની યોજનાઓનો અસરકારક પરિણામલક્ષી અમલ કરાવવો હોય તો અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની અલગ વ્યવસ્થા વર્તમાન બેન્કોમાં ઊભી કરવી જોઈએ જે ફકત અનુસૂચિત જાતિના વિકાસનાં કામો કરે જેવાં કે

૧. અનુસૂચિત જાતિના નાના અને સિમાંત ખેડૂતોને વ્યવસાયલક્ષી લોન પૂરી પાડવી.

૨. નવા ઉધોગ સાહસિકોને વ્યાજબી દરની વકીંગ કેપીટલ અને લોન પૂરી પાડવી.

૩. અનુસૂચિત જાતિ / જનજાતિના લોકોની બચત વધરાવવાના પ્રયત્નો કરવા.

૪. અનુસૂચિત જાતિ / જનજાતિના લોકોને રહેઠાણ માટે આર્થિક સહાય કરવી

૫. અલગ બેન્કીંગ સેલ થાય તો અનુસૂચિત જાતિ / જનજાતિના લોકોને પડતી હાડમારીઓ ઓછી થશે.

૬. આ સેલ તેઓ પોતાનું છે તેમ માનતા થશે અને તેથી લોનના ભરણામાં અગવડતા કે રૂકાવટ નહીં આવે.

૭. આ બેન્કમાં કર્મચારી અનુસૂચિત જાતિના અને જનજાતિના તથા બીજા પણ રહેવાથી અનુસૂચિત જાતિના લોકોને પોતાપણાની ભાવના ઊભી થશે જો કે આવી અલગ સેલ વ્યવહારિક છે કે નહીં તે તપાસવું જોઈએ એવો બીજો અભિપ્રાય આવ્યો હતો.

<u>શૈક્ષણિક</u> :

(૧) અનુસૂચિત જાતિનાં શિક્ષિત યુવાનો માટે વિશિષ્ટ તાલીમ પૂરી પાડતી જોઈએ જેથી શૈક્ષણિક લાયકોત મેળવ્યા બાદ વ્યવસાયો મેળવવામાં મુશ્કેલી ન રહે.

(૨) હાલ ઘડાઈ રહેલ નવી શિક્ષણ નીતિમાં પ્રાથમિક કક્ષાથી જ અસ્પૃશ્યતા નિવારણ વિષે બાળ માનસ કેળવાય તે રીતે 'બાળ માનસશાસ્ત્ર' આધારિત નવી

..૨૫..



શૈક્ષણિક સંરચના નવા અભ્યાસક્રમ દ્વારા તૈયાર કરવી જોઈએ.

(૩) અનુસૂચિત જાતિમાં સ્ત્રી શિક્ષણ ખૂબ જ ઓછું છે. તેથી અનુસૂચિત જાતિનું સ્ત્રી શિક્ષણ વધે તે માટે તેમને વધારેમાં વધારે પ્રોત્સાહન આપવું જોઈએ. દા.ત.છોકરાને રુા.૩૦ શિષ્યવૃત્તિ અપાતી હોય તો છોકરીને રુા.૬૦ શિષ્યવૃત્તિ આપવી જોઈએ.

(૪) અનુસૂચિત જાતિનાં બાળકોમાં ખાસ કરીને છોકરીઓમાં ખૂબ જ ઓછું શિક્ષણ છે અને પાંચમા ધોરણ સુધીમાં ઘણાં જ બાળકો શાળા છોડી જાય છે. એટલે કે તેમનામાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ વિશેષ છે. તેથી તેઓ વધુ પ્રમાણમાં શાળાએ જતા થાય અને સતત ચાલુ રહે તે માટે ગામડાઓમાં,શહેરી સ્લમ વિસ્તારો જ્યાં અનુસૂચિત જાતિની વસ્તી વધુ હોય ત્યાં તેઓ માટે તેમનાં ફળિયામાં અલગ બાલવાડીઓ ગામે ગામ શરૂ કરવી જોઈએ.

(૫) માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિનાં બાળકોની સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ વિશેષ જોવા મળે છે જેનું મુખ્ય કારણ તેઓ અમુક વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં કાચા હોય છે. તે માટે તેઓને આવા વિષયોની સઘન અને સતત તાલીમ આપવા ખાસ કોચીંગ વર્ગો શરૂ કરવા જોઈએ.

(૬) પરિસંવાદમાં ચર્ચાની એરણ પર પ્રૌઢ શિક્ષણ પણ આવ્યું હતું. એવું તારતમ્ય નીકળ્યું કે અનુસૂચિત જાતિમાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું ઓછું હોવાથી તેઓ મોટા પાયા પર શોષણનો ભોગ બને છે. તેમાંથી બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રૌઢ શિક્ષણ દ્વારા પ્રયત્નો થાય છે તેના ભાગરૂપે અનુસૂચિત જાતિઓના મહોલ્લાઓમાં પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ વર્ગો ચલાવવા જોઈએ. અને જે વર્ગમાં હાજર રહે તેમને માસિક રુા.૫૦ ખાસ શિષ્યવૃત્તિ આપવી જોઈએ.

(૭) અનુસૂચિત જાતિમાંની કેટલીક જાતિઓ જેવી કે ભંગી, સેનવા, નાડિયા, તુરી, તીરગર, હાડી જે ખૂબ જ પ્રાથમિક અવસ્થામાં છે તેઓનું શિક્ષણ વધે તે માટે ખાસ સુવિધા તેમજ વિશેષ શિષ્યવૃત્તિ આપવી જોઈએ.

..૨૬..

(૮) વસ્તીના ધોરણે શિક્ષણ સંસ્થાઓમાં દરેક સ્તરે અનામત જગ્યાઓ ભરાવી જોઈએ. તેનું કડકપણે નિયમન થવું જોઈએ.

(૯) પરિસંવાદમાં એ બાબત પણ ચર્ચાઈ હતી કે ક્યાંક શૈક્ષણિક સંસ્થાઓ સીધી યા આડકતરી રીતે અસ્પૃશ્યતા પાળાય છે. આવું ધ્યાનમાં આવે તેમની સામે કડક હાથે પગલાં લેવાં જોઈએ.

(૧૦)પ્રવર્તમાન ભાવ વધારો તેમજ શિક્ષણ સંલગ્ન સાધનોની કિંમત જોતાં શિષ્યવૃત્તિની રકમ પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી વધારવી જોઈએ. એટલું જ નહીં પરંતુ શિષ્યવૃત્તિ મેળવવા માટે રાખેલ આવકનું ધોરણ સુધારવું જોઈએ.

(૧૧)અનુસૂચિત જાતિમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઓછું છે. સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધારવું હશે તો તાલુકા કક્ષાએ કુમાર અને કન્યા છાત્રાલયો ઊભાં થાય તે માટે પ્રોત્સાહન આપવું પડશે. આવાં છાત્રાલયો ઊભાં કરવા માટે એક નિયમ નડે છે એ એ છે કે પહેલાં વર્ષ જે તે ટ્રસ્ટ છાત્રાલય શરૂ કરવા માગતું હોય તેણે સમગ્ર નાણાંકીય જવાબદારી ઉઠાવવી પડે છે. તેથી અનુસૂચિત જાતિના છાત્રાલયો માટે પ્રથમ વર્ષથી જ ટ્રસ્ટોને નાણાંકીય સહાય અથવા લાંબા ગાળાની ઓછા વ્યાજની લોન આપવી જોઈએ.

(૧૨)શિક્ષણ પ્રથા અને દફતરોમાંથી જ્ઞાતિ સૂચક સંજ્ઞાઓ/અટકો લખવાની પધ્ધતિ દૂર કરવી જોઈએ.

(૧૩)જાહેર સ્થળો અને ખાસ કરીને મંદિરો, ધર્મસ્થાનકોમાં અસ્પૃશ્યતા નિવારણ માટેના સુવાક્યો, સંતો, મહંતોનાં અવતરણોનાં પોસ્ટરો ટીન પ્રિન્ટીંગ કરી લગાવવાં જેથી તેની બૃહદ જનસમુદાયમાં પ્રસાર શક્ય બને.

(૧૪)અનુસૂચિત જાતિ સિવાયની જાતિઓમાં બાળકોની ચર્મકામ, સફાઈકામ અને વણાટકામ જેવા વ્યવસાયો તરફની સુગ ઓછી થાય અને તેમનું અસ્પૃશ્યતા નિવારણ તરફનું મનોવલણ ઘડાય તે માટે પ્રાથમિક કક્ષાથી જ ચર્મકામ, સફાઈકામ અને





અને વણાટકામને ઉદ્યોગના વિષય તરીકે અભ્યાસના ભાગરૂપ ગણી ફરજિયાત બનાવવા જોઈએ.

(૧૫) અનુસૂચિત જાતિના લેખકોએ ભૂતકાળમાં અને હાલમાં જે સાહિત્ય રચના કરી છે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. તથા આ સાહિત્ય વિકસે, ઉદાત્ત બને અને પ્રસાર પામે તે માટે ગુજરાત સાહિત્ય અકાદમીએ, ગુજરાત સાહિત્ય પરિષદે વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

(૧૬) શૈક્ષણિક સંરચનાના મહત્વના અંગ વિદ્યાર્થી અને શિક્ષકો તથા સંચાલકો અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમને પોતાનો પ્રશ્ન સમજી તે સમાજ પરિવર્તનનો ધ્રુવતારક છે તેમ માની પ્રશ્નના ઉકેલ માટે મંડી પડવું જોઈએ.

<u>સામાજિક</u> :

ચર્ચાના શ્રીગણેશ કરતી વખતે જ પ્રમુખશ્રી તરફથી અંગુલી નિર્દેશ થયો હતો કે જ્યાં સુધી અસ્પૃશ્યતાની સમસ્યાને સામાજિક સંદર્ભમાં નહીં જોવાય ત્યાં સુધી થાગડ થીંગડ પ્રયત્નોથી અસ્પૃશ્યતા દૂર નહીં થાય. અસ્પૃશ્યતાને છૂતાછૂતના જ સંદર્ભમાં નહીં પણ સામાજિક અસમાનતાના બૃહદ પરિપ્રેક્ષ્યમાં સમજી સામાજિક ભેદભાવ નિવારણ માટે સામાજિક આંદોલન જગાડવું પડશે. અને તે માટે ચાર પાસાંઓ જેમ કે (૧) કાનૂની (૨) શૈક્ષણિક (૩) આર્થિક અને (૪) સામાજિક. ઉપર સઘન કામ કરવું પડશે તો જ આ જડ ઘાલી ગયેલી બદી દૂર થાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૩૫ લાખ વિદ્યાર્થીઓ છે અને ૨ લાખ પ્રાધ્યાપકો છે છતાં ઉપાય ન થઈ શકે તે નરી કરૂણતા છે. મૂળ સામાજિક ક્રાંતિનો સવાલ છે. કાયદો સાધન છે, સાધ્ય નથી, સામાજિક, શૈક્ષણિક આંદોલનથી જ કાયદાને સફળ બનાવી શકાય.

બે દિવસની ચર્ચામાંથી નીકળેલા કેટલાક સામાજિક સૂઝાવો, ઉપાયો, તારણો આ પ્રમાણે છે. આમાં કેટલાકમાં પ્રતિસૂચનો પણ થયાં હતાં. નીચે તો માત્ર ચર્ચાનો કેટલોક સારાંશ આપવામાં આવ્યો છે.

(૧) અસ્પૃશ્યતા નિવારણના કામને 'પવિત્ર કામ' સમાજ માનતો થાય અને તેમાં સહભાગી બને તે માટે સમાજને તૈયાર કરવો પડશે.

(૨) અસ્પૃશ્યતા નિવારણ માટે જાહેર સંસ્થાઓનો ઉપયોગ કરવો જોઈએ એટલું જ નહીં પરંતુ ખાસ સમાજ સંસ્થાઓ ઊભી કરી કામ થાય તો સુયોગ્ય પરિણામ આણી શકાય.

(૩) જ્ઞાતિપ્રથાને તોડવા જૂના માળખા ઉપર નવા રંગરોગાન નહીં પરંતુ તેને ભાંગી તોડી નાંખે તેવા ક્રાંતિકારી ફેરફારો કરવા પડશે તે માટે અટકો દૂર કરવી પડશે, જાહેર સંસ્થા, ધર્મશાળા, દવાખાના, પુસ્તકાલયો જ્ઞાતિના ધોરણે ન થઈ શકે તે જાહેર જીવન વ્યવહારમાં બંધ કરવાં જોઈએ.

(૪) બુધ્ધિજીવી જગત આ પ્રશ્નને પોતાનો માને, એમ ન માને કે આ સરકારી કામ છે. બુધ્ધિજીવી સમાજ વૈજ્ઞાનિકોએ આ પ્રશ્નના ઉકેલ માટે સામાજિક આયોજન કરી આપવું જોઈએ. જે આપણા દેશમાં થતું નથી. માત્ર 'આર્થિક આયોજન' થી ઘર ઘાલી ગયેલ આ દૂષણ દૂર નહીં થાય.

(૫) નાના નાના પ્રતીકાત્મક પ્રયોગો દ્વારા અનુસૂચિત જાતિ તથા બૃહદ સમાજ વચ્ચેનું અંતર ઘટાડવું જોઈએ. તેથી આંતરક્રિયા વધશે અને તો જ જ્ઞાતિપ્રથામાં ઊંચ-નીચના ભેદભાવો નાબૂદ થશે.

(૬) સમગ્ર સમાજે સારાં મૂલ્યોને સ્વીકારી આ પ્રશ્નના ઉકેલ માટે એક મંચ પર એકઠું થવું જોઈએ.

(૭) સામાજિક ગતિશિલતા તથા સમાનતા માટે આંતરજ્ઞાતિય લગ્નોને વધુમાં વધુ પ્રોત્સાહન આપવું જોઈએ તેથી જ સામાજિક મૂલ્યમાં પરિવર્તન આવશે. આમાં લગ્ન કરનાર બંને જણાએ એક બીજાની આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક શારીરિક વિગતોથી વાકેફ થયા પછી જ લગ્ન કરવાં સુખદ રહેશે. લગ્ન બે વ્યક્તિઓ વચ્ચે હોય છે પણ ગુજરાતમાં તો બંનેનાં કુટુંબોને પણ આમાં ઘણું કરવાનું

..૨૯..



હોય છે. એટલે કુટુંબનું શિક્ષણ બહુ જરૂરી છે. જેથી લગ્નબંધનથી જોડાયેલી વ્યક્તિઓને કુટુંબો અપનાવી લે અને એમને કોઈ ઉચાટ ન રહે.

(૮) સમાજકાર્યના સિધ્ધાંત અનુસાર માણસને માણસ તરીકે જોવા માનવ સામાજિકરણ થવું જોઈએ.

<u>ધાર્મિક</u> :

આપણો દેશ એ બિનસાંપ્રદાયિકતાને વરેલો દેશ છે. તેમ છતાં વર્ષોથી હિંદુ ધર્મનું હિંદુસ્તાનમાં વર્ચસ્વ છે. એ પણ હકીકત છે કે હિંદુ ધર્મની ધાર્મિકતાને નામે હિંદુ ધર્મનું જ એક અંગ અનુસૂચિત જાતિ પ્રત્યે 'અસ્પૃશ્યતા રૂપી' અછાજતો વ્યવહાર કરી તેમને અણમાનીતા રાખી મંદિર પ્રવેશ જેવી બાબતોથી પણ અલિપ્ત રાખ્યા છે ત્યારે તેની વિપરીત અસરો અનુસૂચિત જાતિ તથા હિંદુ ધર્મની એકતા ઉપર પડી છે. ધર્મ પરિવર્તનને પ્રોત્સાહન મળ્યું છે. આ સંજોગોમાં મહાત્મા ગાંધી કહેતા તેમ સૌએ પ્રાયશ્ચિત કરવું જોઈએ.

ચર્ચા દરમિયાન કેટલાંક ધર્મ સંબંધી સૂચનો પણ થયાં હતાં :

(૧) હિંદુ ધર્મના ચાર શંકરાચાર્યોએ એક સંયુક્ત નિવેદન બહાર પાડવું જોઈએ કે તેઓ અસ્પૃશ્યતામાં માનતા નથી અને અનુસૂચિત જાતિઓ પણ હિંદુઓનું અંગ હોવાથી તેમને પણ તેમની યોગ્યતા મુજબ મંદિરના પૂજારી તરીકે લેવામાં આવશે અને મંદિરના વહીવટમાં પણ અનુસૂચિત જાતિના પ્રતિનિધિ તરીકે સ્થાન પામશે.

(૨) સરકાર દ્વારા સાધુ સંતોનાં નિયમિત સંમેલનો બોલાવી અસ્પૃશ્યતા નિવારણ અંગેનો લોકમત કેળવવા પ્રયત્ન ચાલુ રાખવો એટલું જ નહીં પણ તેને અસરકારક બનાવવો જોઈએ.

(૩) અનુસૂચિત જાતિના લોકોને ધાર્મિક શાસ્ત્રોનો અભ્યાસ તથા તાલીમ માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

(૪) અનુસૂચિત જાતિના લોકોને ધાર્મિક ટ્રસ્ટોમાં ફરજિયાત ટ્રસ્ટી તરીકે લેવાવા જોઈએ.

..૩૦..

<u>કાનૂની</u> :

અસ્પૃશ્યતા નિવારણ માટે ૧૯૫૫નો નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ અમલમાં છે. તેના અમલીકરણ માટે પણ પરિસંવાદની બેઠકોમાં ચર્ચા થઈ હતી.તેમાં કેટલાંક તારણો નીકળ્યાં છે.

(૧) અનુસૂચિત જાતિના કેસો માટે કામ કરતું 'હરિજન સેલ' માં જવાબદાર પોલીસ અધિકારી અનુસૂચિત જાતિના જ હોવા જોઈએ.

(૨) હરિજન સેલને પૂરતો સ્ટાફ આપવો જોઈએ. તે ઉપરાંત વાહન વ્યવહારની સગવડ (ખાસ જીપ) આપવી જોઈએ. જેથી તાત્કાલિક જે તે સ્થળે પહોંચી શકે અને સત્ય બાબતો એકત્ર કરી શકે.

(૩) 'હરિજન સેલ' ના અધિકારીને સાથે જરૂરી સ્ટાફ હોય તો તે જરૂરી પૂરાવા તથા નોંધ લઈ શકે. જેથી મોટાં ભાગના કેસોમાં સાબીતી વિના ગુન્હેગાર છૂટી જાય છે તેમ ન બને.

(૪) 'હરિજન સેલ' ના અધિકારીને કેટલીક ખાસ સત્તાઓ આપવી જોઈએ.

(૫) અનુસૂચિત જાતિ માટેના કેસોના ફરિયાદી અને સાક્ષીને દરેક મુદતે ફરજિયાત પોલીસ રક્ષણ આપવું જોઈએ.

(૬) 'લીગલ એડ્ઝ કમીટી' માં હરિજન વકીલોને વધુ પ્રમાણમાં આવરવા જોઈએ.

(૭) 'લીગલ એડ્ઝ કમીટી' નો લાભ લેવા માટે આવકનું ધોરણ સુધારવું.

<u>વહીવટી</u> :

આપણા દેશમાં ચારે બાજુ ૨૧મી સદીમાં પ્રવેશ કરવાનાં બ્યુગલો વાગી રહયા છે પરંતુ આપણે સૌએ હકીકતથી પરિચિત છીએ કે અસ્પૃશ્યતાએ ૨૦મી સદીનું ઝેરી દુષણ અને રાષ્ટ્રની પ્રકાંડ સમસ્યા છે. જે વિશ્વમાં ક્યાંય નથી. તેને શું આપણે સાથે લઈને ૨૧મી સદીમાં જઈશું? માત્ર સાયન્સ અને ટકનોલોજીથી ૨૧મી





સદીનો પ્રવેશ પરિણામલક્ષી નહીં બને. તે માટે તો સામાજિક વિષમતા/અસમતુલા દૂર કરવી જોઈએ. તે માટેના કેટલાંક વહીવટી સૂચનો ચર્ચામાં આવેલાં.

(૧) આજ સુધીના આપણા અનુભવોથી માલૂમ પડયું છે કે હાલની અસ્પૃશ્યતા નિવારણ માટેની વહીવટી વ્યવસ્થાને ઝાઝી સફળતા મળી નથી. જો અસ્પૃશ્યતા નિવારણ માટે અસરકારક કામ કરવું હોય તો અલગ અસ્પૃશ્યતા નિવારણ બોર્ડની રચના કરવી જોઈએ. જે સ્વતંત્ર રીતે ફકત અસ્પૃશ્યતા નિવારણનું જ કામ કરે.

(૨) સરકાર દ્વારા અનુસૂચિત જાતિના સવાંગી ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ બનાવે છે પરંતુ આજ દિન સુધીનો અનુભવ 'બોદા અમલીકરણ' નો રહયો છે. પરિસંવાદનું જૂથ સૂચવે છે કે અનુસૂચિત જાતિઓ માટેની ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ માટે અલગ વહીવટી પાંખ ઊભી કરવી જોઈએ.

(૩) ૩૬૫ દિવસો પૈકી માત્ર ૭ દિવસ જ અસ્પૃશ્યતા નિવારણ સપ્તાહ ઉજવાય છે. તેને બદલે અસ્પૃશ્યતા નિવારણ અંગેના કાર્યક્રમો સતત ચાલુ રહે તેવી જોગવાઈઓ કરવી જોઈએ.

(૪) અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમો અસ્પૃશ્યોના નિવાસોની સાથો સાથ બિન અસ્પૃશ્યોના આવાસોમાં અને ગામનાં મોટાં દેવ મંદિરો, ધામિક સ્થાનોમાં ઉજવવા જોઈએ.

(૫) અસ્પૃશ્યતા નિવારણના કામને પ્રાધાન્યતા આપી વહીવટી અધિકારીઓએ જાતે જ મકકમ નિર્ધાર કરી કટીબધ્ધ થવું જોઈએ. આ માટે તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી અને સમાજ કલ્યાણ નિયામકશ્રી સાથે મળી સંયુકત રીતે અસ્પૃશ્યતા નિવારણ માટેનું ક્રમબધ્ધ આયોજન કરી દરેક અધિકારીને તાલુકામાંથી વર્ષે ૧૦ ગામોમાંથી સંપૂર્ણ અસ્પૃશ્યતા દૂર કરવા ઘનિષ્ઠ ઉપાય થાય તે માટેનો લક્ષાંક સોંપવો જોઈએ.

(૬) અસ્પૃશ્યતા નિવારણ માટેના અસરકારક કાર્યક્રમો ઘડી કાઢવા સમાજ વૈજ્ઞાનિકોનો એક પરિસંવાદ યોજવો જોઈએ.

(૭) અસ્પૃશ્યતા નિવારણ માટેના કાર્યક્રમમાં ફાળવાયેલાં નાણાં અનુસૂચિત જાતિના પ્રત્યક્ષ રીતે સંકળાયેલી બાબતોમાં જ ખર્ચાવા જોઈએ.

ઉપરાંત અનુસૂચિત જાતિ માટેનાં ફાળવાયેલાં નાણાં ૧૦૦% ખર્ચાવાં જોઈએ.

(૮) જે હોટલમાં અસ્પૃશ્યતા રખાતી હોય તે હોટલનું લાયસન્સ તાત્કાલિક રદ કરવું જોઈએ.

(૯) અસ્પૃશ્યતા સામે પગલાં ન લેનાર ગ્રામપંચાયતને સસ્પેન્ડ કરવી જોઈએ.

(૧૦) જે ગામમાં અસ્પૃશ્યતા રખાતી હોય ત્યાં સરકારી સહાય બંધ કરી તે ગામો ઉપર 'અસ્પૃશ્યતા વેરો' નાંખવો જોઈએ.

(૧૧) અસ્પૃશ્યતા પળાતી હોય તેવા ગામોના તલાટી, સરપંચ, પોલીસ પટેલ અને સામાજિક ન્યાય સમિતિના સભ્યોને જવાબદાર ગણી પગલાં લેવાં જોઈએ. તથા આવા જવાબદાર નાગરિકોને અસ્પૃશ્યતા નિવારણ માટેની તાલીમ આપી ઉપાયો સૂચવી કાર્યરત કરવા જોઈએ.

(૧૨) અસ્પૃશ્યતા નિવારણ ઘટકો દરેક જિલ્લામાં શરૂ કરવાં જોઈએ અને તેની કામગીરીની આલોચના થવી જોઈએ.

<u>પ્રકીર્ણ</u> :

(૧) અનુસૂચિત જાતિઓને 'વિકર સેકશન' નહીં પરંતુ એક્ષાપ્લોઈડ સેકશન' તરીકે 'દલિતો' તરીકે ઓળખવા જોઈએ.

(૨) મોટા ભાગે આપણા દેશમાં 'ફન્ડામેન્ટલ રીસર્ચ' ને મહત્વ અપાય છે પરંતુ 'એપ્લાઈડ રીસર્ચ' એ સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. પરંતુ તે અવગણાય છે. આવા 'માયક્રો લેવલ' ના અભ્યાસોથી જ ઊંડાણની આંતરક્રિયાને મૂળભૂત સ્વરૂપમાં સમજી શકાય છે. તેથી અનુસૂચિત જાતિને લગતા નાના નાના અભ્યાસો થવા જોઈએ.

(૩) ચર્ચા દરમિયાન જૂથ-૧ એવા નિષ્કર્ષ પર આવ્યું હતું કે સ્વતંત્રતા બાદ





સમગ્ર દેશમાં ગાંધી ચિંધ્યા માર્ગે અસ્પૃશ્યતા નિવારણમાં કામ કરનાર લોકસેવકોનું જૂથ ઊભું થઈ શક્યું નથી. અથવા જે છે તેને પ્રોત્સાહિત કરવામાં આવતા નથી. માટે અસ્પૃશ્યતા નિવારણમાં કામ કરનાર લોકસેવકોને પ્રોત્સાહિત કરવા તથા આવા લોકસેવકો તૈયાર કરવાનું કામ કરતી સ્વાયત્ત સંસ્થાઓને આવી કામગીરી સોંપવી જોઈએ.

(૪) અસ્પૃશ્યતાને પોષાતા લેખ તથા સામયિકો, વર્તમાનપત્રોમાં છપાતાં લખાણો ઉપર કડક હાથે અનુસૂચિત જાતિના હકક રક્ષણ અધિનિયમ ૧૯૫૫, મુજબ પગલા લેવાં જોઈએ.

(૫) રેડિયો તથા ટી.વી. ઉપર અસ્પૃશ્યતા નિવારણ માટેની ખાસ સીરીયલ શરૂ કરવી જોઈએ. જે માટે અનુસૂચિત જાતિના કલાકારોને પ્રોત્સાહન આપવું જોઈએ.

(૬) ગૂજરાત વિદ્યાપીઠમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર આદિવાસીઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક તેમજ તેમના વિકાસલક્ષી સંશોધન કરી તેમના ઉત્કર્ષ માટે સૂચનો કરે છે. તેવી જ રીતે અનુસૂચિત જાતિઓના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને વિકાસલક્ષી સંશોધન કરી તેમના ઉત્કર્ષ અંગેના સૂચનો તથા ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન માટે આદિવાસી કેન્દ્રમાં હરિજન એકમ શરુ કર્યું છે તેને વિસ્તારી 'અનુસૂચિત જાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર' શરૂ કરવું જોઈએ. જે અનુસૂચિત જાતિને લગતા લઘુ શોધો, અનુસૂચિત જાતિ માટેના આર્થિક કાર્યક્રમોના સચોટ અમલીકરણ માટેનાં સૂચનો, તેમાં રોકાયેલા અધિકારી/ કર્મચારીગણને તાલીમ આપવા જેવી કામગીરી સોંપી આ એકમને કાયમી બનાવવું જોઈએ.

(૭) અનુસૂચિત જાતિના લોકો ઉપર જ્યાં જ્યાં હત્યાકાંડ થાય તેનું તાત્કાલિક સંશોધન હાથ ધરી જે હકિકત બહાર આવે તેને ધ્યાનમાં રાખી એટલે કે જે કારણે તેમ બનવા પામ્યુ હોય તેને ધ્યાનમાં રાખી સમગ્ર રાજ્યમાં જ્યાં જ્યાં આવી પરિસ્થિતિ લાગતી હોય તથા શક્યતા દેખાતી હોય ત્યાં આગોતરા અટકાવપૂર્ણ પગલાં હાથ ધરવાં જોઈએ.

(૮) અનુસૂચિત જાતિઓ માટે અનામત જગ્યાઓ નહી હોય તો તેઓને આગળ આવવાની તક મળશે નહીં એ લોકોને પોતાના પગ ઉપર ઊભા રહી શકે તે માટે તેમને મળતા તમામ બંધારણીય લાભો ચાલુ રહેવા જોઈએ તેમ જૂથ માને છે અને આ વાત સવર્ણ સમાજના લોકોને ગળે ઉતારવી પડશે.





## પરિસંવાદના અભ્યાસના લેખો

## અનુસૂચિત જાતિઓની એક તાસીર

- પ્રા. રામલાલ પરીખ,
કુલનાયક,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ.

૧. ''અસ્પૃશ્યતા'' ભારતીય સમાજ વ્યવસ્થાનું એક અત્યંત હીન દુષણ છે. આ કપરી સમસ્યા બહુમુખી છે. એકલ-દોકલ ઉપાયોથી તેને નિર્મૂળ કરવાનું સહેલું નથી. આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં જેના ઉંડા મૂળ હોય તેવી સમસ્યાઓનો પૂરો ઉકેલ આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં ઉપરછલ્લા ફેરફારોથી નહીં પણ મૂળભૂત પરિવર્તનનો કર્યા વિના થઈ શકે નહીં. ''અસ્પૃશ્યતા નિવારણ'' માટે સ્વરાજ પ્રાપ્તિ પહેલા અને પછી ઘણું કાર્ય થયું છે. તેને કારણે અસ્પૃશ્યતાનું ધાર્મિક કે બૌધિક સમર્થન હવે થઈ શકતું નથી તથા શહેરી સમાજમાં અસ્પૃશ્યતાનું દુષણ ઓસરતું જાય છે. પણ સાડા પાંચ લાખ ગામડાઓમાં ફેલાયેલા આપણા ગ્રામસમાજમાં હજુ સુધી તેના મૂળીયાં ઘણાં ઉંડા છે. ૧૯૨૯માં મહાત્મા ગાંધીએ કહેલું કે 'અસ્પૃશ્યતા હજાર મુખવાળો એક નાગ છે. દરેક મુખ વાટે એ એનો ઝેરી દાંત બતાવે છે. એની વ્યાખ્યા થઈ શકે નહીં!' અસ્પૃશ્યતાની સમસ્યાનું બહુમુખી સ્વરુપ આ શબ્દોમાં અસરકારક રીતે વ્યક્ત થયું છે. આ માત્ર જાતિભેદનો સવાલ નથી. આર્થિક અને સામાજિક અસમાનતાનું આ ભીષણ સ્વરુપ છે. તેથી આ સમસ્યાને તેના બહારથી દેખાતા એકાદ પાસામાં નહીં પણ ભારતીય સમાજની નવરચનાના સમગ્ર પરિપેક્ષામાં તપાસવી જોઈએ. તેથી આ સમસ્યાના કાનૂની, આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પાસાઓનું એકી સાથે અવલોકન કરવું જરુરી છે.

ભારતમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિની વસ્તી ૧૦ કરોડ ૪૭ લાખની છે અને તેમાંના ૮ કરોડ ૮૦ લાખ ગામડાઓમાં રહે છે. ગુજરાતમાં તેની વસ્તી ૨૪ લાખ ૩૮ હજારની છે. તેમાંના ૧૯ લાખ ૪૧ હજાર ગામડાઓમાં વસે છે.

૨. ભારતીય સંવિધાનની ૩૩૮મી કલમ હેઠળ છેલ્લા ૩૦ વરસથી અનુસૂચિત જાતિ અને જનજાતિના કમિશનરની કચેરી કામ કરે છે. ૧૯૭૮થી તો આ માટે ભારત સરકારના ગૃહખાતાના પ્રસ્તાવથી એક પાંચ સભ્યોના ઉચ્ચ કક્ષાના આયોગની સ્થાપના કરવામાં આવી છે. આ આયોગનું કાર્ય સંવિધાનની વિવિધ કલમો હેઠળ અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓના હિતોની સુરક્ષા માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તેના અમલની વહીવટી કામગીરી પર નજર નાંખવાની છે. ૧૯૫૫માં નાગરિક અધિકાર સુરક્ષાનો જે કાયદો સંસદે કર્યો તેના અમલ પર વિશેષ દેખરેખ રાખવા આ આયોગની રચના કરવામાં આવી છે. વળી અનુસૂચિત જાતિ અને જનજાતિઓના પ્રશ્નો વિચારવા માટે સસંદના બંને ગૃહોની એક સંયુકત સમિતિ પણ સ્થાયી ધોરણે કાર્ય કરે છે. આમ સંવિધાન, કાયદો, નિયમો, તેના અમલ માટેનું આયોગ અને સંસદીય સ્થાયી સમિતિ નોકરીઓમાં અને શિક્ષણમાં અનામત બેઠકો જેવાં અનેક પગલાંઓ મારફતે અસ્પૃશ્યતા નિવારણ અને હરીજનોની ઉન્નતિ માટે જરુરી કાનૂની વ્યવસ્થા ગોઠવાઈ છે. રાજ્યોમાં પણ તેમના વિકાસ માટે વિવિધ સ્વાયત નિગમો કાર્ય કરે છે.

૩. આમ છતાં ''અસ્પૃશ્યતા'' નાગ હજુ જીવતો છે અને ફૂંફાડા મારે છે. સંવિધાનિક અને કાનૂની જોગવાઈઓથી નિર્દેશ કરી શકાયો નથી. અનુસૂચિત જાતિના કમિશનરના ૧૯૮૧-૮૨ના અહેવાલ પર નજર કરતાં આ વાત વધુ સ્પષ્ટ થશે. આ અહેવાલમાં દર્શાવ્યા મુજબ નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫માં પસાર કર્યાને પણ ૩૦ વર્ષ થશે છતાં મહારાષ્ટ્ર, તામીલનાડ અને કર્ણાટક રાજ્યોમાં ૧૯૮૦માં તેના અગાઉના વર્ષ કરતાં આ ધારાના ભંગ હેઠળ થયેલ કેસોની સંખ્યા વધી છે. અલબત કેટલાક રાજ્યોમાં ઘટી પણ છે. ગુજરાતમાં પણ ૧૯૭૯માં ૫૦૬ કેસોને મુકાબલે ૧૯૮૦માં ૪૦૮ કેસો નોંધાયા હતા, એટલે કે ૧૯ ટકાનો ઘટાડો થયો હતો. પણ આ પરથી અસ્પૃશ્યતાના ગુન્હા ઘટયા કે ગુન્હાની ફરિયાદો ઓછી નોંધાઈ તે નકકી કરવાનું મુશ્કેલ છે. આ ધારાના અમલ વિશે રાજ્યોમાં જે દુર્લક્ષ પ્રવર્તે છે તેના તરફ ધ્યાન ખેંચતાં કમિશનરે જણાવ્યું છે કે





ઓછામાં ઓછાં ૯ રાજ્યોએ તો ૧૯૮૧ના આ વિશેના આંકડા પણ પૂરા પાડયા ન હતા, તેથી તેમને ૧૯૮૦ની માહિતીના આધારે ૧૯૮૧-૮૨નોં અહેવાલ આપવો પડયો.આ કેસોનો અંજામ કેવો છે તે જોઈએ તો ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં પણ માત્ર ૧૨ કેસોમાં સજા થઈ હતી અને ૪૫૩ કેસોમાં આરોપીઓને કોઈપણ સજા વિના છોડી મૂકવામાં આવ્યા હતા. એટલે કે ૯૭ ટકા નિર્દોષ ઠર્યા હતા અને માત્ર અઢી ટકાને સજા થઈ હતી. આ ઉપરથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે કાનૂની જોગવાઈઓ અનિવાર્ય છે છતાં પણ માત્ર તેના આધારે અસ્પૃશ્યતાને નિર્મૂળ કરી શકાશે નહી. અસ્પૃશ્યતાને નિર્મૂળ કરવાના પરિવર્તનો એકી સાથે આર્થિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રોમાં કરવાં જોઈએ.

નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમની આવી સમસ્યાના મૂળ ઉપર ઝાઝી અસર પડી લાગતી નથી. પોલીસની અસ્પૃશ્યતાના ગુન્હાઓની તપાસની ખામીભરી કાર્યપધ્ધતિનો પણ આમાં ઠીક ઠીક ફાળો છે. હરીજનો પરના અત્યાચારોમાં પણ અનેક રાજ્યોમાં વધારો થતો રહયો છે. તેમાં ખાસ કરીને જીવલેણ હુમલાઓ, બળાત્કાર અને લૂંટના કિસ્સાઓમાં વધારો થતો રહયો છે. આ હુમલાઓનું મુખ્ય કારણ જમીન અંગેનો ઝઘડો છે. ૬૮ ટકા કિસ્સાઓમાં જમીનને કારણે આવા ઝઘડાઓ થયા છે. બીજુ કારણ રોજીની ચૂકવણીમાં થતા ઝઘડાઓ છે. ૧૨ ટકા કેસો રોજીની તકરારના છે. ૯ ટકા કિસ્સાઓમાં જૂની અદાવતોએ ભાગ ભજવ્યો છે.

૪. અસ્પૃશ્યતા નાબુદી ગરીબીની નાબુદી વિના શકય નથી એ વાત આપણા દેશની ગરીબીની ભીષણતા પરથી સ્પષ્ટ થાય છે. સત્તાવાર આંકડાઓ પ્રમાણે આપણા દેશના ૧૦ ટકા ધનિકો આ દેશની ૫૦ ટકા સંપતિ ધરાવે છે, જ્યારે ૧૦ ટકા સૌથી ગરીબ લોકો પાસે દેશની માંડ એક ટકો સંપતિ છે. રાષ્ટ્રની સંપતિની વહેંચણી જોઈએ તો નીચેના ૩૦ ટકા પાસે રાષ્ટ્રની સમગ્ર સંપતિનાં માત્ર બે ટકા છે, અને આ ૩૦ ટકાની વસ્તીમાં મુખ્યત્વે હરીજનો અને આદિવાસીઓ છે. હરીજનોની ૮૧ ટકા વસ્તી કૃષિશ્રમ પર જીવે છે. કૃષિ શ્રમિકોના ૭૨ ટકા

હરિજનઆદિવાસી છે. છતાં જાતે ખેતી કરનારા હરિજનોની સંખ્યા માંડ ૧૦ ટકા છે. આ થોડાક આંકડાઓ અનુસૂચિત જાતિમાં પ્રવર્તતી ગરીબીની ભીષણતા સમજવા માટે પૂરતા છે. આ જાતિની રોજીના ક્ષેત્રોમાં ગૃહઉદ્યોગો માત્ર ૧૫ ટકાને, અને ગૃહઉદ્યોગ શિવાયના ઉદ્યોગો માત્ર ૯ ટકાને તથા વેપાર-ઉદ્યોગ માત્ર ૪ ટકાને રોજી આપે છે.

સમગ્ર ભારતની ૨૦ રાષ્ટ્રીયકૃત બેન્કોના ધિરાણના આંકડા તપાસીએ તો કૃષિ ધિરાણમાં અનુસૂચિત જાતિ અને જનજાતિને સરેરાશ વ્યક્તિદીઠ રુા.૧૮૪૫ની લોન મળી જ્યારે બાકીની વસ્તીને વ્યક્તિદીઠ રુા.૩૭૮૪ની લોન મળી. અનુસુચિત જાતિ અને જનજાતિની બેન્કના ખાતાની સંખ્યા લગભગ ૧૭ ટકા જેટલી હોવા છતાં તેમની પાસે જે ધિરાણ છે તે ૪.૩૫ ટકા જેટલું જ છે.

દરેક પંચવર્ષીય યોજનામાં અનુસૂચિત જાતિઓ માટેની માથાદીઠ જોગવાઈમાં સતત વધારો થતો રહ્યો છે. બીજી પંચવર્ષીય યોજનામાં માથાદીઠ રુા.૧.૯૦થી શરુ કરીને છઠ્ઠી યોજનામાં તેમના ઉત્કર્ષ અને વિકાસ માટે કેન્દ્ર સરકારે ફાળવેલી રકમ માથાદીઠ રુા.૧૦૩ની છે. અને રાજ્યો ખાતે માથાદીઠ રુા.૫૧૬ની છે. આમ નાણાકીય ફાળવણી સતત વધતી રહે છે છતાં અનુસૂચિત જાતિના કમિશનરના અહેવાલ પ્રમાણે ભારતમાંગરીબમાં ગરીબ લોકોનું મોટું પ્રમાણ અનુસૂચિત જાતિ અને જનજાતિમાં છે. વધુ નાણાકીય રોકાણ કરવાથી વધુ ઝડપી વિકાસ થશે અને તેથી ગરીબી નાબુદીનું કાર્ય આપોઆપ વેગ પકડશે એવો મત અર્થશાસ્ત્રના નિષ્ણાતોએ આજસુધી પ્રચલિત કર્યો છે. પણ ખુદ આયોજન પંચ પણ ગરીબીની રેખા નીચેની સંખ્યા છ પંચવર્ષીય યોજનાઓ પછી વધી છે એમ સ્વીકારે છે. ગરીબીની રેખા નીચે જીવનારાની વસ્તી ૪૮.૧૩ ટકા એટલે કે ૩૦ કરોડ છે. ગામડામાં તેની સંખ્યા ૫૦.૮૨ ટકા છે એટલે કે લગભગ ૨૫ કરોડ છે. ડો. સ્વામીનાથનના પ્રમુખપદે નિમાયેલી સમિતિએ પણ અત્યંત વ્યગ્રતાથી કબુલ્યું છે કે આર્થિક વિકાસની ભારતની સિધ્ધિઓની ગરીબી નિવારણ પર ઝાઝી અસર પડી નથી અને ખુદ





આર્થિક વિકાસના સ્વરુપ વિશે પુન: વિચારણા જરુરી બની છે. અલબત આનો ઉકેલ આર્થિક આયોજન છોડી દેવામાં નથી પણ તેને ગરીબ સમાજની વાસ્તવિક પરિસ્થિતિ સાથે વધુ સાંકળવામાં છે. હરિજનોની વિશાળ સંખ્યા આર્થિક ગરીબીમાં સબડતા સમાજમાં હોવાથી ગરીબી નિવારણ વિના અસ્પૃશ્યતા નિવારણ શક્ય નથી તે સ્પષ્ટ થાય છે. બંને વિષમતાઓ એકબીજા સાથે અવિભાજ્ય રીતે જોડાયેલી છે.

૫. શિક્ષણની દ્રષ્ટિએ જોઈએ તો અનુસૂચિત જાતિમાં સાક્ષરતાની ટકાવારીનો દર સમગ્ર દેશના ૩૩ ટકાની સામે ૧૪ ટકા છે. ગુજરાતમાં તે ૨૩.૪૬ ટકા છે. સમગ્ર દેશમાં મહિલાઓની ૨૨ ટકા સાક્ષરતાની સામે ૬.૪ ટકા સ્ત્રીઓ જ ભણેલી છે. આમ અનુસૂચિત જાતિમાં માત્ર ૨૨ પુરુષો અને સવા છ ટકા સ્ત્રીઓ ભણેલી છ. સમાજના જે વર્ગમાં ૯૪ ટકા નિરક્ષારતા પ્રવર્તતી હોય ત્યાં અસ્પૃશ્યતા નાબુદી કેવી રીતે સિધ્ધ થાય? ૩૮ ટકા હરીજન બાળકો તો પ્રાથમિક શિક્ષણમાં જતાં નથી. અને જે જાય છે તેના ૬૪ ટકા ધોરણ-૫ પહેલાં નિશાળ છોડી દે છે. બિહાર અને રાજસ્થાન જેવા રાજ્યમાં તો હરીજન સ્ત્રીઓની સાક્ષારતાની ટકા-વારી માંડ સવા ટકો છે, અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યમાં પણ માંડ અઢી ટકા છે. આમ અનુસૂચિત જાતિઓમાં શિક્ષણનો પ્રસાર અત્યંત ઓછો છે. નિરક્ષારતા નાબુદી વિના અસ્પૃશ્યતા નાબુદી શક્ય નથી એ આ હકીકતોથી વધુ સ્પષ્ટ થાય છે.

૬. સામાજિક ક્ષેત્રે હરીજનો સાથેના અછૂતપણાને દૂર કરવા માટે માત્ર અનુ-સૂચિત જાતિમાં જ નહીં પણ સમગ્ર સમાજમાં કેટલાંક મૂળભૂત પરિવર્તનો કરવાનું અનિવાર્ય છે. આપણા દેશમાં સંકુચિત જ્ઞાતિવાદનાં મૂળિયાં ઘણાં ઊંડાં છે. તેની બિનસરકારી રાહે જ્ઞાતિપ્રથાની નાબુદીનું દેશવ્યાપી પ્રજાકીય આંદોલન જગવવાનો વખત પાકી ગયો છે. બધા રાજકીય પક્ષોએ જ્ઞાતિપ્રથાનાં મૂળીયાં ઢીલાં કરવાને બદલે મજબૂત કર્યા છે. શિક્ષણ સંસ્થાઓ અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓએ જ જ્ઞાતિપ્રથા નાબુદ કરવાનું મુખ્ય કર્તવ્ય બજાવવું રહ્યું. ૧૫૦ યુનિવર્સિટીઓ અને

૫૦૦૦ કોલેજો ધરાવતું ઉચ્ચ શિક્ષણનું વિરાટ તંત્ર આપણી સમક્ષ છે. ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહયા છે. સાતમી પંચવર્ષીય યોજના દરમ્યાન ભારતના યુનિવર્સિટી જગત મારફતે જ્ઞાતિવાદ અને સામાજિક ભેદભાવો નાબુદ કરવાની સતત ઝુંબેશ ચલાવવી જોઈએ. યુનિવર્સિટીઓની પદવી ધરાવનાર યુવા- નોની મોટી સંખ્યા પણ ''સામાજિક ભેદભાવો'' માં માનતી હોય છે. બૌધ્ધિક રીતે તેની અઘટિતતા સ્વીકારવા છતાં તેને નિર્મૂળ કરવાની હામ તેઓમાં કેળવાતી નથી. નવી પેઢીમાં પણ ''સામાજિક ભેદભાવો'' દૂર કરવાની સભાનતા તો બાજુએ રહી પણ તેને પોષવાની ભાવના વધતી જાય છે. ભણેલા વર્ગમાં પણ એવી માન્યતા ફેલાતી જાય છે કે જ્ઞાતિવાદ અને જ્ઞાતિપ્રથા હવે હંમેશાં રહેવાની છે. આ માન્યતાનો ભોગ વિશેષ કરીને નિરક્ષર અને ગરીબ હરીજનોને બનવું પડે છે. આપણી સમાજિક વ્યવસ્થાની વિષમતાઓ દૂર કર્યા વિના અને તેને સમતાપૂર્ણ બનાવ્યા વિના આપણા અનેક પાયાના સવાલો ઉકલતા નથી. આપણા સમાજની આંતરિક તંગદીલીનો ઉપાય સમાજના વિભાજનથી નહીં પણ સમગ્ર સમાજના એકી- કરણથી જ થઈ શકે. આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડિતાની સુરક્ષિતતાનો આધાર પણ સામાજિક એકતાના સંવર્ધન પર છે. બધી કોમો અને જ્ઞાતિઓ વચ્ચે આર્થિક, સામાજિક કે મોભાના કોઈપણ ખ્યાલથી પોષાતા ભેદભાવો નાબુદ થતા નથી. તેથી એક રીતે વિકાસના લાભોની સમતલ વહેંચણી થઈ શકતી નથી. લોકશાહી આયોજનની ભવ્ય કામગીરીમાં સામાજિક આયોજનને જે સ્થાન મળવું જોઈએ તે મળ્યું નથી. ''સમાજ કલ્યાણ'' ના કાર્યક્રમો જરુરી છે. પણ તેટલા માત્રથી સમાજની પુનર્રચના થતી નથી. ''કલ્યાણવાદ'' કરતાં પણ ''સમતાવાદ'' ને વધુ અગ્રતા આપવાનું જરુરી છે. આ કાર્ય માટે યુવક મંડળો મારફતે ''આંતર- જ્ઞાતિય'' લગ્નોને વધુ પ્રતિષ્ઠિત અને વ્યાપક કરવાનું કાર્ય કરવું જોઈએ. મહાત્મા ગાંધીએ સ્વરાજની જે કલ્પના કરી હતી તેમાં તો ''વકીલ અને વાળંદ'' બંનેને સરખા ગણવાની વાત હતી. પણ તેને બદલે સંગઠીત ગરીબો અને નિરક્ષારો અને અસ્પૃશ્યો ભલે ગરીબીમાં સબડતા રહે, પણ સંગઠીત ભદ્રસમાજ વિકાસનો વધુમાં





વધુ લાભ લેવામાં પાછી પાની કરતો નથી. આ મનોદશામાંથી નિદાન યુનિવર્સિટી જગતના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ તો મુકત થવું જોઈએ.

તાજેતરના પંજાબના બનાવોએ એક વાત સિધ્ધ કરી છે કે ઉગ્ર તંગદીલીની પણ આંતરજ્ઞાતિય કુટુંબોમાં કોઈ અસર નહોતી થઈ. તેથી જ હવે જ્ઞાતિપ્રથાના વિસર્જન માટે આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવાનું અને ખાસ કરીને સવર્ણો અને કહેવાતા અછૂતો વચ્ચેના લગ્નોને વધુ ઉત્તેજન આપવું જરુરી છે. આપણી સામાજિક એકતા આમાંથી જ સર્જાશે અને તેનાથી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા વધુ દૃઢ થશે. માત્ર ભૌગોલિક એકીકરણથી કે ઉપરછલ્લા સાંસ્કૃતિક વિનિમયથી એકતા સુદૃઢ થતી નથી. સમાજનું સમગ્ર માળખું બદલવા જ્ઞાતિપ્રથાને વિખેરી નાંખવાના ઉદ્દેશથી બંધાતા નવા સામાજિક સંબંધો જ આપણને પરસ્પર સંઘર્ષને બદલે "પરસ્પર એકય"તરફ લઈ જશે.

શિક્ષણ અને સંશોધનના બહાને વ્યાપક સમાજ અને તેમાં પણ ખાસ કરીને ગરીબ સમાજથી વિખુટી પડેલી યુનિવર્સિટીઓને ''વિસ્તરણ કાર્ય નુ ત્રીજુ ક્ષેત્ર વિકસાવીને શિક્ષણ અને સમાજ'' નો સેતુ રચવાની ઉત્તમ તક પ્રાપ્ત થઈ છે. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્યને જે રીતે દેશવ્યાપી પ્રોત્સાહન આપી રહયુ છે તેમાં આપણા ''સમાજની વિષમતા'' ના ઉકેલોની મોટી શકયતાઓ રહેલી છે.

''બંધારણીય જોગવાઈઓના પરિપ્રેક્ષ્યમાં રોસ્ટર પ્રથાનું મૂલ્યાંકન''

શ્રી ખેંગારભાઈ કે. લેઉઆ[x]
એડવોકેટ, સામાજિક-
કાર્યકર, વડોદરા.

અસ્પૃશ્યતા નિવારણ અને હરિજન કલ્યાણના સંદર્ભમાં પ્રસ્તુત લેખમાં ખાસ કરીને બંધારણીય જોગવાઈઓ પરત્વે ચર્ચા કરવામાં આવી છે. ભારતના બંધારણની કલમ ૧૭માં દર્શાવવામાં આવ્યું છે કે ''અસ્પૃશ્યતા'' નાબૂદ કરવામાં આવે છે, અને કોઈ પણ રુપમાં એના આચરણની મના કરવામાં આવે છે. ''અસ્પૃશ્યતામાંથી ઉદ્ભવતી કોઈ નિર્યોગ્યતા લાગુ પાડવી તે કાયદા અનુસાર શિક્ષાપાત્ર ગુન્હો ગણાશે'' પરંતુ બંધારણમાં કોઈ પણ સ્થળે '' અસ્પૃશ્યતા'' ની વ્યાખ્યા કરવામાં આવી નથી. પરંતુ આપણા સામાન્ય વ્યવહારમાં આપણે સમજીએ છીએ કે ''અસ્પૃશ્યતા'' એટલે આભડછેટ.

અસ્પૃશ્યતાને અંગ્રેજી ભાષામાં અન્ટચેબીલીટી ( Untouchability) કહેવામાં આવે છે. પરંતુ અંગ્રેજી ભાષાની ડિક્શનેરીઓમાં Untouchability નામનો શબ્દ મળી આવતો નથી. તો આ શબ્દનો આટલા બહોળા પ્રમાણમાં પ્રયોગ કેવી રીતે થવા પામ્યો, અને સહુ પ્રથમ આ શબ્દનો પ્રયોગ કોણે કર્યો તે જાણવા જેવું છે.

ગુજરાતમાં અસ્પૃશ્યતા નિવારણ માટે વડોદરાના મહારાજા સરસયાજીરાવ ગાયકવાડે ગઈ સદીના છેલ્લા દાયકામાં એટલે કે સને ૧૮૯૧માં એક રાજવિ તરીકે પ્રયત્નો શરુ કર્યા હતા. જો કે તે પહેલા સ્વામી દયાનંદ સરસ્વતીએ હિંદુ સમાજમાં પ્રચલિત વર્ણવ્યવસ્થામાં જે ઉચ્ચ નીચના ખ્યાલો હતા તેના ઉપર કુઠારાઘાત કર્યા હતા, અને આભડછેટનું દુષણ દુર કરવા હિન્દુ સમાજને અનુરોધ કર્યો હતો. સને

[x](નિવૃત ઝોનલ ડાયરેક્ટર ફોર બેકવર્ડ કલાસીઝ વેલફેર, ભારત સરકાર)

૧૯૦૯ માં તા.૧૮મી ઓકટોબરે મુંબઈમાં ડીપ્રેસ્ડ ક્લાસીજમિશન તરફથી ભરવામાં આવેલી પરિષદ્‌ને ઉદ્‌બોધન કરતી વખતે મહારાજા સયાજીરાવ ગાયકવાડે સહુ પ્રથમ અસ્પૃશ્યતા માટે Untouchability શબ્દનો પ્રયોગ કર્યો હતો. વડોદરાના રાજ્ય વહીવટમાં અસ્પૃશ્યો માટે અત્યંજ શબ્દ વપરાતો હતો. આ અંત્યજ શબ્દનો ઉલ્લેખ આપણને મનસ્મૃતિ તેમજ બીજી સ્મૃતિઓમાં જોવા મળે છે. ત્યારબાદ અસ્પૃશ્યો માટે અનેક શબ્દ પ્રયોગો થયેલ પરંતુ પ્રસ્તુત લેખમાં આપણે અસ્પૃશ્યોને હરિજન તરીકે ઓળખીશું. કારણ કે નરસિંહ મહેતાનો આધાર લઈ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આ શબ્દ આપણને આપ્યો છે.

સત્યાગ્રહ આશ્રમ નિયમાવલી

અમદાવાદમાં તા.૨૫ મી મે, ૧૯૧૫ના રોજ મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી હતી. જગતહિતની અવિરોધી એવી દેશસેવાની કેળવણી લેવી ને એવી દેશસેવા કરવાનો સતત પ્રયત્ન કરવો એ આશ્રમનો ઉદ્દેશ હતો. આ ઉદ્દેશની પૂર્તિ સારું નિયમો તૈયાર કરવામાં આવ્યા હતા. આ નિયમોમાં અસ્પૃશ્યતા નિવારણને પણ સ્થાન આપવામાં આવેલું છે. નિયમ ૯ માં બતાવવામાં આવ્યું છે કે ''હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાની રુઢિએ જડ ઘાલી છે. તેમાં ધર્મ નથી પણ અધર્મ છે, એવી માન્યતા હોવાને લીધે અસ્પૃશ્યતા નિવારણને નિયમમાં સ્થાન આપ્યું છે. ને અસ્પૃશ્ય ગણાતાને સારું બીજી જાતિઓના જેટલું જ આશ્રમમાં સ્થાન છે. '' નિયમ ૧૦ માં જણાવવામાં આવ્યું છે કે, ''આશ્રમમાં જાતિભેદને સ્થાન નથી. જાતિભેદથી હિન્દુ ધર્મને નુકશાન થયું છે, એવી માન્યતા છે. તેમાં રહેલી ઉચ્ચ-નીચની અને આભડછેટની ભાવના અહિંસા ધર્મની ઘાતક છે.''

મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ અને હરિજન ઉધ્ધાર માટે શું શું કર્યું તેનો તો આપણી સમક્ષ તાજો ઈતિહાસ મોજુદ છે. એટલે તેના વિવરણમાં ઉતરવાની આવશ્યકતા હું જોતો નથી.





અસ્પૃશ્યતા નિવારણ માટેનો અભિગમ

જો કે ધ્યેય એક જ હતું, છતાં અસ્પૃશ્યતા નિવારણ પરત્વે મહાત્મા ગાંધીજી તથા ડૉ. બી.આર. આંબેડકરના અભિગમ કંઈક જુદા જ હતા. ગાંધીજી એ કહ્યું હતું કે, ''અસ્પૃશ્યતા નિવારણને વ્રતનું સ્થાન આપીને આપણે એમ માનીએ છીએ કે અસ્પૃશ્યતા એ હિન્દુ ધર્મમાં પેસી ગયેલો સડો છે, વહેમ છે, પાપ છે. તેનું નિવારણ કરવું એ પ્રત્યેક હિન્દુનો ધર્મ છે. તેનું પરમ કર્તવ્ય છે. અને પાપ માની તેનું પ્રાયશ્ચિત કરે અને પ્રત્યેક અસ્પૃશ્ય ગણાતા ભાઈ બહેનને અપનાવે'' ગાંધીજીનો આ અભિગમ માનવતાવાદ (Humanitavian ) નો હતો.

જ્યારે ડૉ. આંબેડકરનો અભિગમ એવો હતો કે '' સામાન્ય રીતે અસ્પૃશ્યોને તો બીજાના દયા દાન ઉપર જીવવાનું હોય છે. એટલે જ્યારે રાજકીય અધિકારની વાત હોય ત્યારે તેમના પોતાના કોઈ હિતો ( Interests ) નહિ હોવાથી તેમના રક્ષણનો પ્રશ્ન ઉઠતો જ નથી એવી દલીલ કરવામાં આવે છે. પરંતુ અસ્પૃશ્યો ઉપર લાદવામાં આવેલી સામાજિક અને ધાર્મિક અસમર્થતાના પરિણામે તેઓ નાનવી જેવુ જીવન જીવી શકતા નથી. એટલે અસ્પૃશ્યોનું મુખ્ય હિતતો તેમને માનવી તરીકે જીવવાના અધિકાર અને આ હિત જાળવવા માટે તેમને સામાજિક અને શૈક્ષણિક અધિકારો ઉપરાંત રાજકીય અધિકારો પણ આપવાની ખાસ જરુર છે.'' આંબેડકર આગળ કહે છે કે, '' ખરી રીતે અસ્પૃશ્યતા શબ્દ પોતેજ દુ:ખ અને યાતનાઓનો પર્યાયવાચક શબ્દ છે. એટલે અસ્પૃશ્યોના હિતની વાત કરવામાં આવે ત્યારે સરકારની રચનામાં, સરકારી નોકરીઓમાં તેમનું પ્રતિનિધિત્વ હોવું આવશ્યક છે. પરંતુ અસ્પૃશ્યો પોતાની અસ્પૃશ્યતાના કારણે રાજકીય અધિકારો ભોગવવા સારું આવું પ્રતિનિધિત્વ મેળવી શકે તેમ નથી. એટલે તેમના હિતોની રક્ષા ત્યારે જ થઈ શકે કે જ્યારે અસ્પૃશ્યોને સરકારમાં આવું પ્રતિનિધિત્વ મળે.''

## રાજકીય, સામાજિક અને શૈક્ષાણિક હકકોની પ્રાપ્તિ.

આંબેડકરે હરિજનોને રાજકીય, સામાજિક અને શૈક્ષાણિક હકકો મળે તે માટે તેમણે સને ૧૯૧૭ થી શરુ કરેલા પ્રયત્નો અને આંદોલનના પરિણામો સહુ પ્રથમ કોમી ચુકાદામાં અને ત્યારબાદ કરવામાં આવેલા પુના કરારમાં સને ૧૯૩૨ માં આપણને જોવા મળે છે, હરિજનો આ અધિકારો ભોગવી શકે તે માટે ગાંધીજીએ કરેલા આમરણાંત ઉપવાસ, પદયાત્રાઓ અને લેખો ધ્વારા શરુ કરેલી ચળવળનો ફાળો નાનો સુનો નથી. હરિજનો પોતાને મળેલા અધિકારો ભોગવી શકે તે માટે સામાન્ય જનમત કેળવવામાં ગાંધીજીનો ફાળો અમૂલ્ય અને અનન્ય ગણાય.

ભારત સ્વતંત્ર થયા પછી ઘડવામાં આવેલા બંધારણમાં અન્ય નાગરિકોની જેમ હરિજનો પણ ઉપરોકત હકકો ભોગવી શકે તે માટે મહોર મારવામાં આવી. એટલું જ નહિ તે માટે ખાસ પ્રકારની જોગવાઈઓનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### જોગવાઈઓનો મુખ્ય ઉદ્દેશ

આપણે ભારતના લોકોએ ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બીનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક, પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કર્યો છે. જેમાં સર્વ નાગરિકને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા મળી રહે. તદ્ઉપરાંત રાજય ઉપર એવી પણ જવાબદારી નાંખવામાં આવી છે કે તેણે એવી સામાજિક વ્યવસ્થા ગોઠવવા માટે પ્રયત્ન કરવાનો છે, જેમાં સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયની રાષ્ટ્રજીવનની તમામ સંસ્થાઓ અનુપ્રાણિત હોય. આવી સામાજિક વ્યવસ્થા ગોઠવી શકાય તે માટે બંધારણમાં નાગરિકોને કેટલાક મૂળભૂત હકકો આપેલા છે. તેમજ રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્વારા પણ કેટલાક અતિ મહત્વના હકકો આપવામાં આવ્યા છે.





## પંચશીલ

બંધારણનો આ મહાન ઉદ્દેશ પરિપૂર્ણ થઈ શકે તે માટે મૂળભૂત હકકોના પ્રકરણમાં, રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોના પ્રકરણમાં તેમજ અમુક વર્ગો સંબંધી જોગવાઈઓવાળા પ્રકરણમાં હરિજનો માટે ખાસ પ્રકારની જોગવાઈઓ બંધારણમાં દાખલ કરવામાં આવી છે. તે છે બંધારણ કલમ ૧૪ – કાયદાસમક્ષા સમાનતા, કલમ ૧૫ – ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનના કારણે ભેદભાવનો નિષેધ, કલમ – ૧૬ –જાહેર નોકરીઓ બાબતમાં તકની સમાનતા, કલમ ૪૬ – હરિજનો, આદિવાસીઓ અને બીજા નબળાવર્ગોના શૈક્ષાણિક અને આર્થિક હિતોની અભિવૃધ્ધિ, તથા કલમ–૩૩૫– સેવાઓ અને જગ્યાઓ માટે હરિજનો અને આદિવાસીઓના દાવા. આ પાંચેય કલમો અતિ મહત્વની છે. તેથી તે પછાતવર્ગોનું પંચશીલ કહી શકાય.

નવેમ્બર ૧૯૪૯ માં બંધારણ ઉપરનું અંતિમ પ્રવચન આપતી વખતે ડૉ.આંબેડકરે જણાવ્યું હતું કે, '' જાન્યુઆરી ૧૯૫૦ની તા.૨૬મીએ આપણે કંઈક વિરોધાભાસી જીવનમાં પ્રવેશ કરીશું. રાજકીય રીતે ભારતના તમામ નાગરિકો સમાન ગણાશે. પરંતુ સામાજિક અને આર્થિક ક્ષોત્રે ભયંકર વિષામતાઓ આપણી સમક્ષા મોજુદ છે. કારણ કે ભારતની સમાજ વ્યવસ્થા ઊંચ – નીચના ભેદભાવ ઉપર રચાયેલી છે. ઘણા ખરા લોકો પોતે અમુક જ્ઞાતિમાં જન્મ લીધો એટલા માટે પોતાને ઉચ્ચ માને છે, અને બીજાઓને હલકા માની તેમનો તિરસ્કાર કરે છે. કેટલાક લોકો અઢળક સમૃધ્ધિમાં આળોટી રહયા છે જયારે કરોડો લોકો ભયંકર ગરીબીમાં સબડી રહયા છે. આ વિષામતાઓ વહેલી તકે દૂર કરવામાં નહિ આવે તો તેના ભોગ બનેલા આ લોકો આપણું બંધારણ જે અતિ પરિશ્રમ ધ્વારા આપણે તૈયાર કર્યું છે, તેના ભુકકા ઉડાવી દેશે.'' એટલે સામાજિક, શૈક્ષાણિક અને આર્થિક વિષામતાના ભોગ બનેલા નબળા વર્ગોના સર્વાંગી વિકાસ માટે ઉપર જણાવ્યા પ્રમાણેનું પંચશીલ બંધારણમાં દાખલ કરવામાં આવ્યું છે. હવે આપણે પંચશીલનું દરેક કલમ પાછળનું રહસ્ય સમજીએ.

## સમાનતાના હકકો - કલમ ૧૪, ૧૫, ૧૬

ભારતના બંધારણમાં ઉલ્લેખિત મૂળભૂત હકકો પૈકી સમાનતાના હકકોની વિગતો કલમો ૧૪ થી ૧૮ માં આપેલી છે. ભૂતકાળમાં હરિજન,આદિવાસી તેમજ અન્ય પછાત વર્ગોને કદી પણ રાજ્ય વહીવટ તરફથી કાયદાનું સમાન રક્ષણ મળ્યું નથી. સમાજનો કહેવાતો ઉપલો વર્ગ અમુક ગુન્હો કરે તો તેને ઓછી સજા કરવામાં આવતી. પરતુ હરિજનો કે આદિવાસીઓ આવો ગુન્હો કરે તો તેને સખત સજા થતી. હરિજનોને જાહેર સ્થળો જેવા કે કુવાઓ, તળાવો, ધર્મશાળાઓ, હોટલો, મંદિરોનો તેમને અસ્પૃશ્ય ગણી ઉપયોગ કરવા દેવામાં આવતો ન હતો. કલમ ૧૪ વડે આ નબળા વર્ગોને કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણની બાંહેધરી આપવામાં આવી છે અને કલમ ૧૫ અન્વયે ધર્મ, જાતિ, જ્ઞાતિ વગેરેના કારણે દુકાનો, રેસ્ટોરાં, મનોરંજનના સ્થળો, કુવા, તળાવ, વગેરેના ઉપયોગમાં થતા ભેદભાવો નિષેધ કરવામાં આવ્યો છે. કલમ ૧૬ ધ્વારા જાહેર નોકરીઓમાં સમાનતાના તકની ખાતરી આપવામાં આવેલી છે. કલમ ૧૭ ધ્વારા અસ્પૃશ્યતાની નાબૂદી કરવામાં આવી છે.

પ્રસ્તુત લેખતો રોસ્ટર પ્રથાના મૂલ્યાંકન અંગેનો હોઇ કલમ (૪) તથા ૧૬(૪) અન્વયે શૈક્ષણિક સંસ્થાઓ અને જાહેર નોકરીઓમાં હરિજનો માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. તે કલમોનું વિગતવાર વિશ્લેષણ કરવાની આવશ્યક્તા છે. બંધારણ જયારે ૨૬-૧-૧૯૫૦ ના રોજ અમલમાં આવ્યું ત્યારે કલમ ૧૫(૪) તેમાં ન હતી. તે કલમ બંધારણમાં અને ૧૯૫૧માં કરવામાં આવેલા પ્રથમ સુધારા વડે દાખલ કરવામાં આવી છે. એટલે આપણે વિશ્લેષણની શરુઆત કલમ ૧૫(૪) ને બદલે કલમ ૧૬(૪) થી કરીશું.





## જાહેર નોકરીઓમાં કલમ ૧૬ (૪) અન્વયે અનામત જગ્યાઓ

બંધારણ જયારે ઘડાઇ રહ્યું હતું ત્યારે તા.૨૭-૪-૧૯૪૭ના રોજ બંધારણ કલમ ૧૬ (૪) બહુ ચર્ચાનો વિષય બની હતી. આંબેડકરે આ કલમના મુસદ્દામાં એવો ઉલ્લેખ કર્યો હતો કે, '' સરકાર ઠરાવે તેવા વર્ગો માટે જાહેર નોકરીઓમાં અનામત જગ્યાઓ રાખવામાં આવશે. '' પરંતુ બંધારણની મુસદ્દા સમિતિની પેટા સમિતિએ તેમાં ''વર્ગો '' શબ્દ આગળ ''પછાત'' શબ્દ મૂકવા માટે સુધારો કર્યો હતો. ત્યાર બાદ બંધારણ સભામાં આ કલમ ઉપરની રીતસરની ચર્ચા થઇ ત્યારે તે વખતના ભારતના પ્રકાંડ અર્થશાસ્ત્રી પ્રોફેસર કે.ટી. શાહે 'પછાત વર્ગોના નાગરિકો' એ શબ્દો આગળ ' આર્થિક રીતે' શબ્દ મુકવા માટે સુધારો રજુ કર્યો હતો. આ સુધારા ઉપર ખુબજ ચર્ચા થવા પામી હતી. છેવટે બંધારણ સભાએ ''આર્થિક રીતે'' શબ્દ માટેના આ સુધારાને નામંજુર કરી ફકત ''પછાત વર્ગોના નાગરિકો'' માટે અનામત જગ્યાઓ રાખવાની કલમ ૧૬(૪) મૂળ સ્વરુપમાં પસાર કરી હતી. ''આર્થિક'' શબ્દ હઠાવી દેવાના કારણમાં એમ જણાવવામાં આવ્યું હતું કે જયારે સમગ્ર ભારત દેશ આર્થિક રીતે પછાત છે અને ગરીબીથી પિડાય રહયો છે ત્યારે આર્થિક રીત નબળા ગણાતા વર્ગો માટે જાહેર નોકરીઓમાં અનામત રાખવાનું હિતાવહ નથી.

## કલમ ૧૬ (૪) માં દશાવેલા પછાતવર્ગો એટલે કોણ?

કલમ ૧૬ (૪) માં દર્શાવેલા પછાતવર્ગો કોને કહેવા ? બંધારણમાં પ્રયોગ કરવામાં આવેલા શબ્દોની વ્યાખ્યાના પ્રકરણમાં પણ પછાતવર્ગોની વ્યાખ્યા કરવામાં આવી નથી. પરંતુ પછાત વર્ગો એટલે કોણ તેનો નિર્દેશ આપણને બંધારણ કલમ ૩૪૦ માં મળી રહે છે. આ કલમ પછાત વર્ગોની સ્થિતિની તપાસ કરવા માટે કમિશનની નિમણૂંક કરવા બાબતની છે. તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ''ભારતના રાજ્યક્ષેત્ર અંદર સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાત વર્ગોની

સ્થિતિ અને તેમને વેઠવી પડતી મૂશ્કેલીઓ દૂર કરવા અને તેમની સ્થિતિ સુધારવા માટે ભલામણો કરવા સારું એક કમિશન નિમવામાં આવશે.''ભારતની સુપ્રીમ કોર્ટે પણ આ પ્રશ્ન તપાસી પોતાના અનેક ફેંસલાઓમાં પ્રતિપાદન કરેલું છે કે, પછાત વર્ગો એટલે કે સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત હોય તેવા વર્ગો, છતાં પણ આ પ્રશ્ન અંગે કદાચ કોઈ સંદિગ્ધતા રહી જવા પામી હોય તો તે પણ કલમ ૧૫ (૪) જે સને ૧૯૫૧ માં નવીન ઉમેરવામાં આવી છે, તે વડે તે દૂર કરી દેવામાં આવી છે. એટલે પછાત વર્ગો તો એવાજ લોકો ગણાય કે જેઓ સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત હોય. એ જ બંધારણનું અર્થઘટન છે. અને સુપ્રીમ કોર્ટે તેને આખરી મંહોર પણ મારી દીધી છે તેમાં કોઈ મીનમેખ થઈ શકે તેમ નથી.

## પછાતપણાંનો માપદંડ કદી આર્થિક હોઈ શકે નહિ

ગુજરાત સરકાર તરફથી નિમવામાં આવેલા રાણેપંચે પછાતપણાં માટે 'આર્થિક - વ્યવસાય' ના માપદંડની ભલામણ કરી છે, પરંતુ સરકારે તે ભલામણ સ્વીકારી નથી. કારણ કે તે બંધારણની વિરુધ્ધ છે. વ્યવહારિક રીતે પણ તેનો અમલ થઈ શકે તેમ નથી. આ ભલામણના સ્વીકાર માટે અનામત વિરોધી હિંસક આંદોલન શરૂ કરવામાં આવ્યું અને તે ધ્વારા સરકાર ઉપર દબાણ કરવામાં આવ્યું હતું. તેનો તાજો જ ઈતિહાસ છે. હવે આપણે વિચાર કરીએ કે પછાતપણું નકકી કરવા માટે આર્થિક માપદંડ હોઈ શકે ખરો?

ખરેખર પછાતપણાંનો પ્રત્યક્ષ સંબંધ તો આપણી હાલની સામાજિક વ્યવસ્થા સાથે છે, જે વર્ણો ઉપર આધારિત છે. તેમાં વ્યકિત અમુક વર્ણ કે જ્ઞાતિમાં જન્મ પામવાને કારણે પોતાને ઉચ્ચ માને છે. દા.ત. બ્રાહમણ, ક્ષાત્રિય, અને વૈશ્ય, આ વર્ણોમાં પણ ઊંચ - નીચના ભેદભાવ રહેલા છે. જયારે શૂદ્રોને આ વર્ણવ્યવસ્થામાં સૌથી ઉતરતું સ્થાન આપવામાં આવ્યું છે. અને શૂદ્રમાં પણ હરિજનોને તો માનવી તરીકે ગણવામાં આવ્યા નથી.





આર્થિક માપદંડ ધ્વારા તપાસતા વર્ણવ્યવસ્થામાંથી ઉદ્ભવેલી વિશિષ્ઠ પરિસ્થિતિમાંથી શું તારતમ્ય નીકળે? ધારો કે કોઈ બ્રાહમણ ભિક્ષા વૃત્તિથી પોતાની આજીવિકા ચલાવતો હોય અને તેને પૂછવામાં આવે કે તમે પછાત છો? તો તે જવાબ આપશે કે, ભલે હું ભિખ માંગનારો રહયો, પણ હું પછાત તો નથીજ. હું તો સર્વ શ્રેષ્ઠ બ્રાહમણ છું. ઘણા લોકો મારા ચરણ સ્પર્શ કરે છે. કોઈ વાણીયો વેપાર ધંધામાં ખોટ જવાથી ગરીબ થઈ ગયો હોય - દેવાળું પણ ફુંકી દીધું હોય અને તેથી સમાજમાં પોતાનું નાક કપાઈ ગયું હોય તેવી લાગણી પણ અનુભવતો હોય. તેને પૂછવામાં આવે કે તમે પછાત છો? તો કહેશે કે હું શાનો પછાત? હું તો સમાજમાં પ્રતિષ્ઠા ધરાવતી વણિક જ્ઞાતિનો સભ્ય છું. ખેતરમાં દાતરડી અને કોદાળી ચલાવતો પટેલ ખેત મજુર પોતે માંડ - માંડ બે ટંક જેટલું કમાઈ શકતો હોય તેને પૂછો તો ખરા કે ભાઈ, તું પછાત છે? તો તે તરત જ જવાબ આપશે કે નહિ હું તો પટેલ - પાટીદાર છું. ટૂંકમાં પછાતપણાંનો પ્રત્યક્ષ હિત સંબંધ તો સમાજ વ્યવસ્થા સાથે છે, નહિ કે આર્થિક પરિસ્થિતિ સાથે એટલે પછાતપણાંનો માપદંડ કદી '' આર્થિક '' હોઈ શકે નહિ.

એટલેજ કલમ ૧૬ (૪) નો લાભ તો એવા નાગરિકોને મળે કે જેઓ સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત ગણાતા હોય. હવે કહેવાની ભાગ્યેજ જરુર હોઈ શકે કે આ પછાત વર્ગોમાં પણ હરિજનો અને આદિવાસીઓનો સમાવેશ થઈ જાય છે. અને એટલા માટે જ ભારત સરકાર તેમજ અન્ય સરકારો તરફથી આવા નાગરિકો માટે જાહેર સેવાઓ અને જગ્યાઓમાં અનામત બેઠકો રાખવામાં આવી છે. એ રીત ડૉ. આંબેડકર હરિજનોને સરકારી નોકરીઓમાં સ્થાન મળે તે માટે જે આંદોલન ચલાવી રહયા હતા તેના ફળ સ્વરુપે આ કલમ ૧૬ (૪) ધ્વારા હરિજનો જાહેર સેવાઓમાં સ્થાન પ્રાપ્ત કરી રહયા છે. પુનરુકિતનો દોષ વહોરીને પણ હું કહેવા માંગુ છું કે અનામત જગ્યાઓ રાખવા પાછળનો પ્રધાન ઉદ્દેશ તો અન્ય નાગરિકોની જેમ હરિજનો પણ સમાનતાના હકકો ભોગવી શકે તે છે.

## કલમ ૧૫ (૪) અન્વયે પછાત વર્ગોના ઉત્કર્ષ માટેની જોગવાઈ

આપણે ઉપર જોઈ ગયા છીએ કે ભારતના બંધારણમાં સહુ પ્રથમ સુધારા વડે કલમ ૧૫ની પેટા કલમ (૪) ઉમેરવામાં આવી છે. સને ૧૯૫૦ મદ્રાસ સરકારે રાજ્યની મેડીકલ અન ઈન્જીયરીંગ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે એક કોમી સરકાર હુકમ ( Communal Govt. order ) બહાર પાડયો હતો. તે મુજબ દર ચૌદ જગ્યાઓ માટે જ્ઞાતિઓ એટલે કે અબ્રાહમણ, બ્રાહ્મણ, હરિજન, એંગ્લોઈન્ડીયન, મુસ્લીમ તેમજ ધર્મના આધાર ઉપર જગ્યાઓની ફાળવણી કરવામાં આવી હતી. મદ્રાસ સરકારના આ હુકમથી બંધારણ કલમ ૧૫ને અન્વયે ધર્મ, જાતિ, જ્ઞાતિ વગેરેના કારણે કરવામાં આવતા ભેદભાવોનો નિષેધ કરવામાં આવેલો છે. તેનો ભંગ થતો હોવાથી આ હુકમને મદ્રાસ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો. મદ્રાસ હાઈકોર્ટે મદ્રાસ સરકારના આ હુકમથી બંધારણ કલમ ૧૫ તથા કલમ ૨૯(૨) નો ભંગ થતો હોવાથી તે ગેરકાયદેસરનો ગણી રદ કરવાનો ફેંસલો આપ્યો. આ ફેંસલા સામે મદ્રાસ સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં અપીલ થતા સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે આ હુકમથી સાંસ્કારિક અને શૈક્ષણિક હકકો બાબતની બંધારણ કલમ ૨૯(૨)નો ભંગ થતો હોવાથી તે ગેરકાયદેસર છે. કારણ કે તે વડે રાજ્ય સરકાર તરફથી નિભાવવામાં આવતી કે રાજ્યના નાણાંમાંથી સહાય મેળવતી કોઈપણ શિક્ષણ સંસ્થા ફકત ધર્મ, જાતિ, જ્ઞાતિ વગેરે પૈકીના કોઈ કારણે કોઈ નાગરિકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી શકશે નહિ તેવા હકકનું ઉલ્લંઘન થાય છે. બંધારણ કલમ ૧૫ને આ કોમી સરકાર હુકમ સાથે કંઈ લેવા દેવા નથી. આવી બંધારણીય પરિસ્થિતિ હોવા છતાં કલમ ૨૯ માં સુધારો કરવાને બદલે કલમ ૧૫ માં પેટા કલમ (૪) ઉમેરવા પાછળનું રહસ્ય સમજવા જેવું છે.

### આંબેડકરની દૂરદર્શીતા

જો ફકત શૈક્ષણિક સંસ્થાઓમાં પછાત વર્ગોને પ્રવેશ મળે તે માટે અનામત બેઠકો રાખવાની આવશ્યકતા હતી, તો સુપ્રીમ કોર્ટના ફેસલા અનુસાર બંધારણ





કલમ ૨૯ માં સુધારા કરી તે દ્વારા આ પ્રશ્નનું નિરાકરણ થઈ શકયું હોત. પરંતુ આંબેડકરે આ કલમમાં સુધારો કરવાને બદલે કલમ ૧૫ માં સુધારો કરવાનું ઉચિત માની તે દ્વારા પેટા કલમ (૪) ઉમેરી. આ પેટા કલમ (૪) માં દર્શાવવામાં આવ્યું છે કે ''સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત નાગરિકોના કોઈ વર્ગોના ઉત્કર્ષ માટે અથવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે ખાસ જોગવાઈઓ કરવામાં રાજ્યને આ કલમના અથવા કલમ ૨૯ના ખંડ (૨) ના કોઈ મજકુરથી બાધ આવશે નહિ'' આ પેટા કલમનું અધ્યયન કરતા જણાશે કે પછાતવર્ગોનો ઉત્કર્ષ એ મૂળ હેતુ પસંદ કરી શૈક્ષણિક સંસ્થાઓમાં આ વર્ગો માટે અનામત બેઠકો રાખવા ઉપરાંત કોઈ વિશેષ પગલા લઈ શકાય તે માટે રાજ્યને અધિકાર આપવામાં આવ્યો છે. આમ કરવા પાછળ મહત્વનું કારણ એ છે કે કલમ ૪૬ અન્વયે રાજ્ય ઉપર હરિજનો, આદિવાસીઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃધ્ધિ કરવા માટે રાજ્ય ઉપર જે વિશેષ જવાબદારી નાંખવામાં આવી છે તેના પાલન અર્થે પગલાં લેવાની રાજ્યને સરળતા થઈ શકે.

પછાત વર્ગોના વિકાસ એ તો વિશાળ ફલક છે. તેમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે અનામત બેઠકો રાખવા ઉપરાંત ટયુશન ફી, શિષ્યવૃતિ, છાત્રાલયો વગેરે માટેની સુવિધાઓ આ પેટા કલમ દ્વારા રાજ્ય આપી શકે. તે ઉપરાંત સામાજિક અને આર્થિક ન્યાય આ વર્ગોને મળી શકે તે માટે રાજ્ય બહુવિધ અને વિશાળ કાર્યક્રમો યોજી શકે એટલે આંબેડકરે આ પેટા કલમ (૪) માં અનામત બેઠકો રાખવાના બદલે '' પછાત વર્ગોના ઉત્કર્ષ'' એવો ઉલ્લેખ કર્યો છે. જે તેમની દૂરદર્શીતાનું ધોતક છે.

### પછાતવર્ગોના હિતોની અભિવૃધ્ધિ

પંચશીલની ચોથી કલમ ૪૬ છે. આ કલમમાં દર્શાવવામાં આવ્યું છે કે, ''લોકોના નબળા વર્ગોના અને ખાસ કરીને હરિજનો અને આદિવાસીઓના શૈક્ષણિક હિતોની અભિવૃધ્ધિ રાજ્ય વિશેષ કાળજીથી કરશે અને સામાજિક તેમજ

આર્થિક અન્યાય સામે તેમનું રક્ષણ કરશે.''

બંધારણની આ કલમ ધ્વારા રાજ્યને આદેશ આપવામાં આવ્યો છે કે તેણે વિશેષ કાળજીથી આ પછાત વર્ગોના હિતોની અભિવૃધ્ધિ કરવી, આ માટે રાજ્ય તરફથી જે કંઈ પગલા લેવામાં આવે તે લોકહિત કે સાર્વજનિક હિત ગણાય એટલે કે તે પબ્લીક પર્પઝ ( Public purpose ) છે તેવા સુપ્રીમ કોર્ટના અનેક ફેંસલાઓ છે. પછાત વર્ગના સમગ્ર વિકાસ કાર્યક્રમની ધરી ( Axis) આ જ કલમ છ. જે ધ્વારા પછાત વર્ગો ભારતના સામાન્ય જનપ્રવાહમાં હળીમળી જવા આગેકૂચ કરી રહયા છે.

## કલમ ૩૩૫ - જાહેર નોકરીઓ માટેના દાવા

પંચશીલની છેલ્લી કલમ છે ૩૩૫. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે, ''સંઘના અથવા રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગ્યાઓ ઉપર નિમણૂંક કરતી વખતે વહીવટની કાર્યક્ષમતાને સુસંગત હોય તે રીતે, હરિજન અને આદિવાસી જાતિઓના સભ્યોના દાવા વિચારણામાં લેવામાં આવશે.'' બંધારણ કલમ ૧૬(૪) પ્રમાણે પછાત વર્ગો માટે જાહેર સેવાઓમાં અનામત બેઠકો રાખવામાં આવી છે. પરંતુ આવી નોકરી માટે આ વર્ગના સભ્યો યોગ્ય લાયકાત ધરાવતા ન હોય તો તેમની નિમણૂંક થઈ શકે નહિ. કારણ કે આવી નિમણૂંક કરતી વખતે રાજ્ય વહીવટને વિપરિત અસર ન થાય તે જોવાનું છે.

## વહીવટી તંત્રમાં કાર્યક્ષમતાની ઉણપ માટે પછાતવર્ગોને જવાબદાર ગણી શકાય નહિ

અનામત વિરોધીઓ કાયમ માટે એવો આક્ષેપ કરતા રહયા છે કે અનામત પ્રથાના કારણે શૈક્ષણિક સ્તર નીચું થતું જાય છે અને રાજ્ય વહીવટની કાર્યક્ષમતામાં ઘટાડો થતો જાય છે. પરિણામે સામાન્ય જનસમાજને ઘણી હાડમારી વેઠવી પડે છે. અનામત વિરોધીઓના આ આક્ષેપમાં સત્યનો લેશમાત્ર અંશ નથી. આ આક્ષેપ બીન પાયાદાર છે. એમ સુપ્રીમ કોર્ટે સને ૧૯૮૧ માં પોતાના એક ફેંસલામાં





જાહેર કર્યું છે. જાહેર સેવાઓમાં સવર્ણ કર્મચારીઓજ ૮૦ - ૯૦ ટકા પ્રતિનિધિત્વ ધરાવે છે. તેમના તરફ કાર્યક્ષમતાના ઘટાડા માટે કોઈ આંગળીપણ ચિંધતુ નથી, એ નવાઈ જેવું નથી લાગતું? એ તો સ્પષ્ટ હકીકત છ કે પછાતવર્ગોના કર્મચારીઓની જાહેર સેવાઓમાં ભરતી થાય છે ત્યારે સીધી ભરતી તેમજ બઢતીથી ભરાતી જગ્યાઓ માટેની પસંદગી બાબતે કાર્યક્ષમતાને આંચ ન આવે તે ખાસ ધ્યાનમાં રાખવામાં આવે છે જ. કાર્યક્ષમતામાં જણાઈ રહેલી ઉણપ માટે પછાત વર્ગના કર્મચારીઓને જવાબદાર કે દોષિત ઠરાવી શકાય નહિ.

સંક્ષિપ્તમાં કહીએ તો ઉપર જણાવેલી પંચશીલ ગણાતી બંધારણની પાંચેય કલમો ૧૪, ૧૫, ૧૬, ૪૬ અને ૩૩૫ ધ્વારા પછાતવર્ગોને બંધારણના આમુખમાં દર્શાવેલા માનવ અધિકારો ભોગવવા લાગ્યા છે. તથા સમાજના અન્ય વર્ગોની હરોળમાં આવી સામાન્ય જનપ્રવાહમાં હળીમળી જઈ પોતાનો વિકાસ સાધી રહયા છે. આ પ્રક્રિયાને ત્વરિત ગતિ આપી તે વધુ અસરકારક બનાવવાની આવશ્યકતા છે. કારણ કે હરિજનોને બહુ મોટો જનસમુદાય હજી પણ સામાજિક અન્યાય અને શોષણનો ભોગ બની રહયો છે. જે પરિસ્થિતિ લાંબો વખત ચલાવી લેવાય નહિ.

## રોસ્ટર પ્રથા

સરકારી નોકરીઓમાં હરિજનો અને આદિવાસીઓ માટે રાખવામાં આવેલી અનામત જગ્યાઓ ત્વરિત ગતિએ ભરવામાં આવે તે માટે ભારત સરકાર તરફથી સહુ પ્રથમ સને ૧૯૭૦ માં રોસ્ટર પ્રથા દાખલ કરવામાં આવી હતી. રોસ્ટર એ એક પ્રકારનું પત્રક છે. જેમાં ૪૦ કે ૧૦૦ ખાલી જગ્યાઓ બતાવવામાં આવે છે. આ ખાલી જગ્યાઓ પૈકી ક્યા ક્યા અનુક્રમે આંક વાળી જગ્યાઓ હરિજનો અને આદિવાસીઓ માટે અનામત રાખવામાં આવી છે તે બતાવવામાં આવે છે. કેન્દ્ર સરકારમાં સીધી ભરતીમાં ૪૦ આંક વાળું રોસ્ટર બનાવવામાં આવ્યું છે. કેન્દ્રની નોકરીઓમાં હરિજનો માટે ૧૫ ટકા તથા આદિવાસીઓ માટે ૭.૫ ટકા

જગ્યાઓ અનામત રાખવામાં આવેલી હોવાથી આ રોસ્ટરમાં ૧, ૮, ૧૪, ૨૨, ૨૮ અને ૩૬ આંકવાળી જગ્યાઓ હરિજનો વડે ભરવાની છે. જ્યારે આંક ૪, ૧૭ અને ૩૧ વાળી જગ્યાઓ આદિવાસીઓ વડે ભરવાની છે. રોસ્ટરમાં દર્શાવેલી અનામત જગ્યાઓ જે તે વર્ગની વ્યક્તિઓથી ભરવામાં આવે છે કે કેમ તે બદલ તકેદારી અને તપાસ રાખવા સારું દરેક મંત્રાલય વિભાગમાં લાયઝન ઓફિસરોની નિમણૂંક કરવામાં આવે છે.

ભારત સરકારની જેમ ગુજરાત સરકારે પણ સને ૧૯૭૨માં સરકારી નોકરી-ઓમાં સીધી ભરતી માટે રોસ્ટર પ્રથા દાખલ કરી હતી. જિલ્લા કક્ષાએ ભરવામાં આવતી ખાલી જગ્યાઓ માટે પણ રોસ્ટર દાખલ કરવામાં આવ્યું છે. ત્યારબાદ ગુજરાત સરકારે પોતાના તા.૩૧-૧-૭૬ના ઠરાવથી હરિજનો અને આદિવાસીઓ માટે બઢતીના તબક્કે પણ જગ્યાઓ અનામત રાખવાનો નિર્ણય કર્યો હતો. બઢતીમાં પણ હરિજનો અને આદિવાસીઓ માટે અનુક્રમે ૭ અને ૧૪ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવી છે. આવી બઢતી વખતે કર્મચારી કે અધિકારીની યોગ્યતા અયોગ્યતાનો નિર્ણય ખાતા તરફથી રચવામાં આવેલી સમિતિ તરફથી લેવામાં આવે છે.

## સાધવાણી સમિતિ

બઢતીમાં પણ હરિજન અને આદિવાસી કર્મચારીઓ માટે જગ્યાઓ રાખવામાં આવવાથી આ વર્ગના કેટલાક કર્મચારીઓ સિનિયોરીટીમાં પાછળ હોવા છતાં ત્વરિત ગતિએ બઢતી મેળવવા લાગ્યા તેથી અન્ય સિનિયર કર્મચારીઓને મન દુઃખ થવા લાગ્યું. એવા પણ આક્ષેપો થવા લાગ્યા કે બહુજ ઓછા અનુભવ ધરાવતા હરિજન આદિવાસી કર્મચારીઓ રોસ્ટર પ્રથાને લીધે ત્વરિત ગતિએ બઢતી મેળવ્યાના કારણે વહીવટી તંત્રમાં કાર્યક્ષમતાનો અભાવ દષ્ટિગોચર થવા લાગ્યો છે. બઢતીમાં પણ અનામત જગ્યાઓ રોસ્ટર પ્રથાથી ભરવા સામે સને ૧૯૮૧ માં આંદોલન ચાલ્યું હતું. રોસ્ટર પ્રથાના અમલીકરણમાં કેટલીક વિસંગતતાઓ હોવા





સંબંધમાં સરકાર સમક્ષ ફરિયાદો થઈ. એટલે આ પ્રથાને તપાસી જવા સરકારે સાધવાણી સમિતિની રચના કરી હતી. આ સમિતિએ રોસ્ટર પ્રથાના અમલીકરણમાં કયા કયા પ્રકારની વિસંગતતાઓ છે તેની તપાસ કરી સમગ્ર પ્રથાનું મૂલ્યાંકન કરી આવી વિસંગતતાઓ દૂર કરવા સારું કેટલીક ભલામણો કરી હતી. જે આપણને આ સમિતિના અહેવાલમાં જોવા મળે છે.

## સાધવાણી સમિતિએ કરેલું રોસ્ટર પ્રથાનું મૂલ્યાંકન અધકચરું છે.

જાહેર સેવાઓમાં બંધારણની જોગવાઈઓ અને તે અંગે સરકારની પ્રચલિત નીતિની મર્યાદામાં રહીને રોસ્ટર પ્રથાનો અભ્યાસ કરીને તેના અમલીકરણમાં કંઈ વિસંગતતા હોય તો તેની તપાસ કરવી એવું સમિતિનું કાર્યક્ષેત્ર હતું. સમિતિએ તો પોતાનો અહેવાલ સને ૧૯૮૧ ના ઓકટોબર માસમાં જ સરકારને સુપ્રત કરી દીધો હતો. પરંતુ તેની વિગતો તો આપણને ગયા માર્ચ એપ્રિલ મહીનામાં જાણવા મળી. આ અહેવાલનું અધ્યયન કરતા જણાશે કે સમિતિએ કાઢેલા તારણો આધાર વિહીન અને અયોગ્ય છે.

(૧) સહુ પ્રથમ સમિતિમાં એવા સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી કે જેમનો રોસ્ટર પ્રથા સાથે પ્રત્યક્ષ સંબંધ છે.દા.ત.બીનપછાત કર્મચારીઓ અને હરિજન-આદિવાસી કર્મચારીઓ ખરી રીતે તો તદ્દન અલિપ્ત અને નિષ્પક્ષ વ્યક્તિઓની સમિતિમાં સભ્ય તરીકે નિમણૂંક થવી જોઈએ.

(૨) સમિતિએ પોતાને સોંપવામાં આવેલી જવાબદારી અને કાર્યક્ષેત્ર અંગે પુરતો અભ્યાસ અને આવશ્યક તપાસ કરી નથી. પરિણામે સમિતિ, જે તારણો ઉપર આવી છે તે સાચા હોઈ શકે નહિ. કારણ કે અધુરી તપાસથી કરવામાં આવેલા તારણો શંકાસ્પદ હોય છે.

(૩) સમિતિએ રોસ્ટર પ્રથા ચાલુ રાખવી જોઈએ કે કેમ તે અંગે કર્મચારીઓના અભિપ્રાયો મંગાવ્યા હતા. સમિતિને આપેલુ કાર્યક્ષેત્ર જે બંધારણની જોગવાઈઓ

અને અનામત નીતિની પ્રચલિત મર્યાદામાં રહીને કામ કરવા બાબતનું હતું તેની ઉપરવટ જઈને અનામત પ્રથા ચાલુ રાખવા સંબંધમાં અભિપ્રાયો મંગાવવાની બિલકુલ આવશ્યકતા ન હતી છતાં મંગાવ્યા હતા. દેખીતી રીતે બહુમતિ ધરાવતા બીનપછાતી કર્મચારીઓ એ રોસ્ટર પ્રથાની વિરુધ્ધમાં ૩૪૪૦ જવાબો આપેલા છે. જ્યારે તે ચાલુ રાખવા માત્ર ૩૮૫ જવાબો મળ્યા છે.

(૪) સમિતિએ રોસ્ટર પ્રથા માટેની વિસંગતતાઓ તપાસવા માટે સરકારી ખાતાઓના એવા સંવર્ગોની તપાસ કરી છે જેમાં બઢતી અંગે અનુભવ માટેની ચોકકસ સમય મર્યાદા બતાવવામાં આવી ન હતી અને જેમાં હરિજન - આદિવાસી કર્મચારીઓને બઢતી મળી હતી. આવા જુજ કિસ્સાઓના આધારે સમિતિએ રોસ્ટર પ્રથા વડે બીન અનુભવી હરિજન - આદિવાસી કર્મચારીઓ બઢતી મેળવી શકયા છે તે વિસંગતતા છે એવું તારણ કાઢયું છે, તે અયોગ્ય છે. શા માટે જે સંવર્ગોમાં બઢતી માટે અનુભવ અંગે સમય મર્યાદા ઠરાવેલી છે અને જ્યાં હરિજન - આદિવાસી કર્મચારીઓને બઢતી મળી છે તેની તપાસ કરી નથી તે વિચારવા જેવું છે.

(૫) સમિતિએ હકીકતનો પણ સ્વીકાર ક્યાઁ છે કે જે સંવર્ગો બહુજ વિશાળ છે અને જેમાં હરિજન - આદિવાસીઓનું પુરતું પ્રતિનિધિત્વ જળવાયુ નથી ત્યાં જ બઢતીમાં જંપ દ્રષ્ટિગોચર થાય છે.

(૬) સમિતિએ હાઈકોર્ટના રુલીંગને વધારે મહત્વ આપ્યું છે જ્યારે તેટલું મહત્વ સુપ્રીમ કોર્ટના રુલીંગને આપ્યું નથી. વળી જ્યારે આ બાબત સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારણા માટે હતી છતાં તે અંગેના ફેસલાની રાહ જોયા વગર કાનુની બાબતો પરત્વે પણ ભલામણ કરી છે.

(૭) રોસ્ટર પ્રથામાં જણાઈ આવેલી વિસંગતતાઓના કારણે વહીવટી તંત્રમાં કાર્યક્ષામતા ઉપર અસર થઈ છે એવા તારણ ઉપર સમિતિ આવી છે. કાર્યક્ષામતાને આંચ આવી છે કે નહિ તેનું કોઈ સંશોધન થયું નથી. તામીલનાડુમાં રાજ્ય વહીવટની કાર્યક્ષામતા ઉચ્ચ કોટીની માનવામાં આવે છે. જ્યાં અતિ વિશાળ





સંખ્યામાં પછાતવર્ગના કર્મચારીઓ જાહેર સેવા બજાવી રહયા છે. બિહારમાં આવી કાર્યક્ષામતા ઓછી હોવાનું કહેવાય છે પરંતુ ત્યાં સરકારી કર્મચારીઓ વિશેષ પ્રમાણમાં કહેવાતા ઉચ્ચ વર્ણોમાંથી આવેલા છે.

(૮) સમિતિના અહેવાલમાં ઉલ્લેખ છે કે એકજ વ્યકિતને એકજ દિવસમાં બે વખત બઢતી આપવામાં આવી છે. રોસ્ટર પ્રથા શરુ થઈ ત્યારથી આજ સુધીમાં આવા ફકત બે જ કિસ્સા બનવા પામ્યા છે. જે ઉપરથી કાગનો વાઘ બનાવવામાં આવ્યો છે. આ તો ખાતાના વડા અધિકારીની ભૂલનું પરિણામ છે. વળી તેતો રોસ્ટર પ્રથાની અયોગ્ય અમલ બજાવણી કહેવાય. તે કારણે આ પ્રથાને દોષિત ગણી શકાય નહિ.

(૯) સમિતિએ એ પણ સ્વીકાર્યું છે કે ઘણાં કિસ્સાઓમાં અનામતથી જગ્યાઓ ખાલી હોવા છતાં અને હરિજન - આદિવાસી કર્મચારીઓ ઉપલબ્ધ હોવા છતાં તેમની સીધી ભરતીમાં તેમજ બઢતીમાં પસંદગી કરવામાં આવતી નથી. ઈરાદાપૂર્વક આ માટે વિલંબ કરવામાં આવે છે. એ રીતે રોસ્ટર પોઈન્ટ ઉપર બઢતી નહિ આપીને હરિજન - આદિવાસી કર્મચારીઓની સિનિયોરીટીને નુકશાન પહોંચાડવામાં આવે છે.

(૧૦) સમિતિએ કોઈપણ જાતના આધાર કે માહિતી વગર એવું વિધાન કર્યું છે કે હરિજન આદિવાસી કર્મચારીઓ પોતાની કાર્યક્ષામતા જાળવી રાખવા તથા બૌધ્ધિક વિકાસ માટે પ્રયત્નશીલ રહેતા નથી. આ તદ્દન વાહિયાત વાત છે.

(૧૧) સૌથી અગત્યની ભલામણ સમિતિએ કરી છે કે બઢતી માટે અનુભવની અમુક સમય મર્યાદા ઠરાવવી જોઈએ, પરંતુ સમિતિએ પોતે કયા ખાતામાં અને કયા સંવર્ગમાં કેટલો લઘુતમ અનુભવ હોવો જોઈએ તે માટે તપાસ કે અભ્યાસ કર્યો નથી. આટલા વરસો સુધી સરકારનો વહીવટ ચાલતો રહયો ત્યાં સુધી આવા લઘુતમ અનુભવની વાત ઉઠી ન હતી. આ તો જ્યારે રોસ્ટર પ્રથાના કારણે હરિજન - આદિવાસી કર્મચારીઓ બઢતી મેળવવા લાગ્યા ત્યારે લઘુતમ અનુભવની આવશ્યક્તાનો

હાઉ ઉભા કરી આ કર્મચારીઓને બઢતીમાંથી વંચિત રાખવાનો એક રસ્તો શોધી કાઢવામાં આવ્યો છે.

(૧૨) વધુ આશ્ચર્યની વાત તો એ છે કે વહીવટી તંત્રમાં હરિજન – આદિવાસી કર્મચારીઓ માટેની અનામત ટકાવારીઓ તો ઓછામાં ઓછી છે, એ હકીકતનો સ્વીકાર કરવા છતાં જે સંવર્ગમાં ૮ ટકા કરતા વધારે પ્રતિનિધિત્વ હરિજન કર્મચારીઓનું થઈ ગયું હોય તો તે સ્થગિત ( Freege ) કરી દેવા સમિતિએ ભલામણ કરી છે.

<u>રોસ્ટર પ્રથાનું સાચું મૂલ્યાંકન</u>

જે ઉદ્દેશથી રોસ્ટર પ્રથા દાખલ કરવામાં આવી છે તે ઉદ્દેશ કેટલે અંશે પાર પડી શક્યો છે, તે જાણવાથી રોસ્ટર પ્રથાનું સાચું મૂલ્યાંકન થઈ શકે. ભારતના બંધારણના આમુખમાં દર્શાવેલા માનવ અધિકારો જેવા કે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા ભારતના નાગરિકો સાથે હરિજનો અને આદિવાસીઓ પણ કેટલા પ્રમાણમાં આ રોસ્ટર પ્રથા દ્વારા ભોગવી શક્યા છે, તે નક્કી કરવા માટે બહુ વિશાળ પ્રમાણમાં સર્વેક્ષણ કરવું પડે. રોસ્ટર પ્રથાનો સીધો સંબંધ બંધારણમાં દર્શાવેલા સમાનતા અંગેના હક્કો સાથે છે. કારણ કે ગુજરાતમાં મેડીકલના પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં હરિજન આદિવાસીઓને પ્રવેશ તો રોસ્ટર પ્રથા દ્વારા જ આપવામાં આવે છે. જાહેર સેવાઓમાં આ વર્ગોને પુરતું પ્રતિનિધિત્વ મળે તે માટે સીધી ભરતી વખતે તેમજ બઢતીના પ્રસંગે રોસ્ટર પ્રથાનો આશરો લેવામાં આવે છે.

પરંતુ જે કંઈ માહિતી ઉપલબ્ધ છે, તેમજ જીવન વ્યવહારમાં આપણે જે કંઈ જોઈએ છીએ તે ઉપરથી ફક્ત એટલું પ્રતિપાદિત થઈ શકે છે કે રોસ્ટર પ્રથાના કારણે વધારે સંખ્યામાં હરિજનો – આદિવાસીઓ જાહેર સેવાઓમાં સ્થાન મેળવી રહ્યા છે. પરંતુ ત્રણ દાયકા ઉપરાંત સમય વીતી ગયો છતાં ઉપલા સંવર્ગોમાં તેમની વસતિનું પ્રમાણ જોતાં આ પ્રતિનિધિત્વ ઘણું જ અપુરતું છે.





આવું અપુરતુ પ્રતિનિધિત્વ હોવાના બે કારણો હોઈ શકે.

(૧) રોસ્ટર પ્રથાની પ્રમાણિકપણે અને નિષ્ઠાપૂર્વકના અમલીકરણનો અભાવ અને

(૨) જે અનામત જગ્યાઓ રાખવામાં આવે છે તે માટે જરુરી લાયકાત ધરાવતા હરિજન – આદિવાસી ઉમેદવારોની અછત. પરંતુ સામાન્યત: આ વર્ગોની કાયમની એવી ફરિયાદ રહી છે કે, સંપૂર્ણ યોગ્યતા ધરાવતા આ વર્ગોના ઉમેદવારો ઉપલબ્ધ હોવા છતાં નોકરીઓ માટેના તેમના દાવાઓની અવગણના કરવામાં આવે છે.આ પ્રકારની ફરિયાદમાં સત્યાંશ ઘણો છે. પ્રમાણિકપણે અને નિષ્ઠાપૂર્વકના અમલીકરણનો અભાવ એ હકીકત મુખ્યત્વે અપુરતા પ્રતિનિધિત્વ માટે કારણભૂત અને જવાબદાર છે. જેની સાબીતી આપણને ખુદ સાધવાણી સમિતિના અહેવાલમાં બતાવવામાં આવેલી વિગતો ઉપરથી મળી રહે છે. અનેક ખાતાઓ અને સંવર્ગોમાં અનામત બેઠકો અંગે કોઈ વખત પણ સંપૂર્ણ માહિતી મળી શકતી નથી આ માટે ભારત સરકારના કમિશ્નર ફોર શિડયુલ્ડ કાસ્ટસ એન્ડ શિડયુલ્ડ ટ્રાઈબ્સ તેમજ તે વર્ગો માટેના કમિશન તરફથી અનેક વખત બળાપા કાઢવામાં આવ્યા છે.

રોસ્ટર પ્રથાથી વહીવટીતંત્રમાં કાર્યક્ષમતા ઘટવા લાગી છે એ હકીકત તદ્દન બીનપાયાદાર છે, તેવું વિધાન સુપ્રીમ કોર્ટ પણ પોતાના AIR 1981 SCP 298 માં પ્રકાશિત થયેલા ફેંસલામાં કરેલું છે.

અનામત તથા રોસ્ટર પ્રથા દ્વારા હરિજન – આદિવાસીઓ જાહેર નોકરીઓમાં સમાન તક મેળવવા ભાગ્યશાળી થઈ શક્યા છે. એ કંઈ નાની સુની વાત નથી. હવે સવાલ આ પ્રથાના નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકપણે અમલનો છે. એ રીતે જો આ પ્રથાનું અમલીકરણ અસરકારક બને તો હરિજનો અને આદિવાસીઓને સમાજના અન્ય વર્ગોની હરોળમાં આવી સામાન્ય જન પ્રવાહમાં સંમિલિત થઈ જવા માટે વાર લાગશે નહિ.

## '' અસ્પૃશ્યતા નિવારણ માટેનો ત્રિપાંખિયો વ્યૂહ ''

શ્રી ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડા
ભૂતપૂર્વ સંસદ સભ્ય અને તંત્રી,
''અભ્યુદય'', સાપ્તાહિક.

અસ્પૃશ્યતાનો ઉદ્ભવ ક્યારે થયો તે વિષે કંઈપણ નિશ્ચિત કહી શકાય તેમ નથી. તેના ઉદ્ભવ વિષે બે મત પ્રવર્તે છે. એક મત એવો છે કે જ્યારથી જ્ઞાતિ પ્રથા દાખલ થઈ ત્યારથી અસ્પૃશ્યતા પણ દાખલ થઈ છે.

આ મત પ્રમાણે આર્યો ભારતમાં આવ્યા ત્યારે વર્ણ વ્યવસ્થા હતી જ નહિ. પરંતુ સમયના વહેણ સાથે ધંધાની પસંદગી પ્રમાણે ચાર વર્ણો થઈ. પહેલાં બ્રાહ્મણ, પછી ક્ષાત્રિય, ત્યારબાદ વૈશ્ય અને છેલ્લે શૂદ્ર. આ ચાર વર્ણનો વર્ણાશ્રમ બન્યો. આ વર્ણાશ્રમમાં પણ અસ્પૃશ્યતા હતી નહિ. વર્ણાશ્રમમાં અબ્રાહમણ પણ બ્રાહમણ થઈ શકતો હતો. વાલ્મીકિ, વિશ્વામિત્ર વગેરે ઘણા દાખલાઓ તેની પ્રતીતિ કરાવે છે. પરંતુ સમય જતાં બ્રાહમણ વર્ણમાં જન્મેલો ગમાર પણ બ્રાહમણ ગણાવા લાગ્યો અને શૂદ્ર વર્ણમાં જન્મેલો વિદ્વાન શૂદ્ર તરીકે જ ઓળખાવા લાગ્યો. પરિણામે ચાર વર્ણને બદલે ચાર જ્ઞાતિઓ થઈ. કાળક્રમે આ ચાર જ્ઞાતિઓમાંથી આજે છએક હજાર જ્ઞાતિઓ થઈ છે. જ્ઞાતિ પ્રથા ઉપર હિન્દુધર્મ રચાયેલો છે. તેમાં ક્રમાનુસાર એક જ્ઞાતિનો મોભો કે દરજ્જો બીજી જ્ઞાતિથી ઓછો થતો જાય છે. બ્રાહમણ સૌથી ઊંચો અને શૂદ્ર સૌથી નીચો, આમ હિંદુ ધર્મમાં ઉપરથી નીચેની જ્ઞાતિ સુધી ભેદભાવ દાખલ થયો. પરિણામે અસ્પૃશ્યતા અસ્તિત્વમાં આવી.

આના સમર્થનમાં શ્રી આઈ.જી. પટેલનો દાખલો બસ થશે. શ્રી પટેલ ભારત સરકારમાં સચિવ હતા. ત્યારબાદ તે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ગવર્નર બન્યા. હાલમાં તે લંડનમાં ' લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના ડાયરેક્ટર છે. તેઓ યુવાન હતા ત્યારે તેમને એક વખત એક બ્રાહમણ કુટુંબને ત્યાં જમવાનો પ્રસંગ ઉપસ્થિત થયેલો.

..૬૨..

પોતે પટેલ હોવાથી તેમનો જમવામાં ભેદભાવ રાખવામાં આવશે તેવો તેમને જરાયે ખ્યાલ નહોતો. તેમને જે વાસણમાં જમવાનું પીરસ્યું હતું તે ઉપરથી અને બ્રાહ્મણ કુટુંબના વર્તન ઉપરથી શ્રી પટેલને લાગ્યું કે તેમની અને બ્રાહ્મણ કુટુંબની વચ્ચે જમવામાં કંઈક ભેદભાવ રાખવામાં આવ્યો છે. આમ હિંદુ સમાજમાં બ્રાહ્મણથી શૂદ્ર સુધી ચઢતા ક્રમમાં અને શૂદ્રથી બ્રાહ્મણ સુધી ઉતરતા ક્રમમાં અસ્પૃશ્યતા પાળવામાં આવે છે.

બીજો મત એવો છે કે આર્યોનું અલગ અસ્તિત્વ ટકી રહે અને અનાર્યો તેમનામાં ભળી ન જાય તે હેતુથી લડાઈમાં પકડાયેલા કે અપહરણથી લાવેલા અનાર્યોને ગામમાં એક જગ્યાએ રાખવામાં આવતા હતા. તેમના આવવા અને જવા ઉપર નિયંત્રણ મૂકવામાં આવતું હતું. અને તેમની પાસેથી તિરસ્કૃત કામો કરાવવામાં આવતાં હતાં. પરિણામે આવા લોકો અસ્પૃશ્ય બન્યા.

વીસમી સદીની શરૂઆતમાં અસ્પૃશ્યતા તેની પરાકાષ્ટાએ પહોંચી હતી. અસ્પૃશ્ય હિન્દુના સ્પર્શથી, તેના પડછાયાથી કે તેનો અવાજ સાંભળવાથી પણ સવર્ણ હિન્દુ અભડાઈ જતો. દક્ષિણ ભારતનાં કેટલાંક રાજ્યોમાં તો અસ્પૃશ્ય હિન્દુને જોવાથી પણ સવર્ણ હિન્દુ અભડાઈ જતો. આમ તે વખતે ભારતમાં અસ્પૃશ્યતા ( Untouchability ), અગમ્યતા ( Unapproachability ) અને અદૃશ્યતા ( Unseeability ) અસ્તિત્વ ધરાવતી હતી.

આવી ભયંકર સામાજિક અસમાનતાની પરિસ્થિતિ હતી ત્યારે મહાત્મા ગાંધી સને ૧૯૧૫ માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા. ગાંધીજી બચપણથી જ અસ્પૃશ્યતામાં માનતા નહોતા. તેમણે કોચરબ આશ્રમમાંથી સાબરમતીના કાંઠે વાડજ પાસે આશ્રમ સ્થાપી ત્યાં તેમની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું. રાજકીય પ્રવૃતિ સાથે સાથે રચનાત્મક પ્રવૃતિઓ પણ તેમણે શરૂ કરી. તેમાંની એક પ્રવૃતિ અસ્પૃશ્યતા નિવારણની હતી. લોકોમાં દાખલો બેસાડવા માટે તેમણે લક્ષ્મી નામની એક હરિજન બાળાને દત્તક લીધી હતી.





ડૉ. બી.આર. આંબેડકરે ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીની એમ.એસ.સી અને પી.એચ.ડી.ની લંડન યુનિવર્સિટીની ડી.એસ.સી. અને બેરિસ્ટર એટલોની અને બોન યુનિવર્સિટીની ડી.લીટ. ની પદવીઓ પ્રાપ્ત કરી ને ભારતમાં આવ્યા અને સને ૧૯૨૦થી તેમણે અસ્પૃશ્યતાનો નાશ કરવાની અને સામાજિક સમાનતા સ્થાપવાની જબરજસ્ત જેહાદ જગાવી. ૧૯૨૭માં મહારાષ્ટ્રના મહાડ ગામમાં આવેલા ચૌદાર તળાવમાંથી અસ્પૃશ્યો પાણી ભરતા થાય તે માટે તેમણે ઐતિહાસિક સત્યાગ્રહ કર્યો હતો.

આમ એક તરફથી ગાંધીજીના અને બીજી બાજુથી ડૉ. બી.આર. આંબેડકરના અવિરત પ્રયત્નોને પરિણામે અનુસૂચિત જાતિઓની સામાજિક સ્થિતિમાં આજે બે ફેરફારો જોઈ શકાય છે. એક ફેરફાર એ છે કે વાહનવ્યવહારમાં અસ્પૃશ્યતા રહી નથી અને બીજો ફેરફાર એ છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં અસ્પૃશ્યતા જોવામાં આવતી નથી.

પરંતુ હજીયે એ હકીકત છે કે અનુસૂચિત જાતિઓ ગામ કૂવે પાણી ભરી શકતી નથી, મંદિરમાં જઈ શકતી નથી, ચાની હોટલે કે ખાનપાનની દુકાનમાં જઈ શકતી નથી અને તેમને ખાનગી નોકરીઓ મળી શકતી નથી. ગામડાંઓમાં ગામના છેવાડે અને શહેરોમાં ગંદા વસવાટોમાં તેમને રહેવું પડે છે.

આમ છતાંયે અનુસૂચિત જાતિઓ માટેની બંધારણીય જોગવાઈઓને લીધે તેઓ સવર્ણ હિન્દુઓની નજીક આવી રહ્યા હતા. લગ્ન, બેસણું વગેરે સારાનરસા પ્રસંગોએ સરકારી નોકરોની એકબીજાને ત્યાં જવા આવવાની શરુઆત થઈ ચૂકી હતી. 'વસુધૈવ કુટુંમ્બકમ' ના સિધ્ધાંતને વરેલા દેશને માટે ઘણું સારૂં થઈ રહ્યું હતું. પરંતુ દેશના કમનસીબે ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલનોએ અસ્પૃશ્ય અને સવર્ણ હિન્દુઓમાં વેરનાં વાવેતર કરી ઝેર રેડયું છે. રાષ્ટ્રના હિતમાં જે કંઈ સારું થઈ રહ્યું હતું તે અટકી ગયું છે. એટલું જ નહિ પણ અનુસૂચિત જાતિઓને ૧૯મી સદીમાં પાછા ધકેલી દેવાની પ્રક્રિયા શરું થઈ છે. દેશની આઝાદી વખતે

ગુજરાતે આગેવાની લીધી હતી. ૧૯૩૦ની દાંડીકૂચ વખતે લગભગ વીસ ટકા અનુસૂચિત જાતિના આગેવાનો ગાંધીજી સાથે કૂચમાં જોડાયા હતા. ૧૯૪૨ની '' ભારત છોડો '' ચળવળ વખતે મજૂર મહાજનના તમામ સભ્યોએ મીલોમાં સાડા ત્રણ મહિના સુધી હડતાલ પાડી હતી તે વખતે અમદાવાદના મજૂર મહાજનમાં અનુસૂચિત જાતિઓની બહુમતી હતી અને આ જાતિઓના જ આગેવાનો મજૂરોના કાર્યકરો હતા. તે જ ગાંધીજીના ગુજરાતે અનામત વિરુધ્ધ આંદોલનો કરીને દેશની આઝાદીને ઝાંખપ લગાડી છે. અને આઝાદીની ચળવળ વખતની આશાઓને ધૂળમાં મેળવી છે.

હવે ગુજરાતમાં અને સામાન્ય રીતે દેશમાં શાન્તિ અને એકતાની બુનિયાદ દૃઢ કરવા માટે આ જાતિઓ અને સવર્ણો વચ્ચેના સંબંધોની સુધારણા અતિ આવશ્યક બની રહે છે. પેટલાદ-દંતાલીના સ્વામીશ્રી સચ્ચિદાનંદ વેદાન્તાચાર્યના શબ્દોમાં કહું તો આ છેલ્લી ટ્રેન છે જેને સવર્ણ હિન્દુઓએ ચૂકવી જોઈએ નહિ.

ગામડાઓમાં પંચાયતો તરફથી અને શહેરોમાં મ્યુનિસિપાલિટીઓ તરફથી અનુસૂચિત જાતિઓના મહોલ્લાઓમાં પાયાની સુવિધાઓ આપવામાં ઊણપો દેખાય છે. તે ઊણપોને લીધે તેમના સ્વાસ્થ્ય ઉપર માઠી અસર થાય છે.

મારૂં સ્પષ્ટપણે માનવું છે કે અસ્પૃશ્યતાની ઉત્પત્તિનું મુખ્ય કેન્દ્ર એક જ્ઞાતિનું બીજી જ્ઞાતિઓ ઉપર વર્ચસ્વ જમાવવાનું અને વર્ચસ્વને ચાલુ રાખવાનું છે. બીજું કેન્દ્ર કેટલીક અનુસૂચિત જાતિઓ ગંદા ધંધાઓ કરે છે તે છે.

આઝાદીને ૩૮ વર્ષ થયાં છતાં અનુસૂચિત જાતિઓની સ્થિતિમાં જોઈએ તેટલો સુધારો થયો નથી. તેથી અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમોની ફેરવિચારણા અનિવાર્ય બની ચૂકી છે. હિન્દુ સમાજમાં સૌથી અસ્પૃશ્ય ગણાતી જાતિ ભંગી છે. તેનો મુખ્ય ધંધો સફાઈકામનો છે. તેથી સફાઈકામના ધંધામાં અદ્યતન સાધનો દાખલ કરાય અને તેઓને પગાર પ્રાથમિક શિક્ષક કે કારકુન કરતાં વધારે આપવામાં આવે તો ભંગી ભાઈઓની સ્થિતિની સુધારણા ઝડપી બને. જો આમ થાય તો બીજી જાતિઓ પણ આ ધંધામાં પ્રવેશવા પ્રેરાય.





અસ્પૃશ્ય જ્ઞાતિઓ પણ એક બીજાથી અભડાય છે. પરંતુ તે તો સવર્ણોની નકલ માત્ર છે. જ્યારે અનુસૂચિત જાતિઓ અને સવર્ણ હિંદુઓ વચ્ચેની અસ્પૃશ્યતા દૂર થશે ત્યારે આપો આપ અનુસૂચિત જાતિઓની અંદરની અસ્પૃશ્યતા પણ દૂર થશે.

અસ્પૃશ્યતા નિવારણમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, હરિજન સેવક સંઘ અને મજૂર મહાજન સંઘનો ફાળો પ્રશંસનીય છે. પરંતુ હરિજન સેવક સંઘની અનુસૂચિત જાતિઓ માટેની પાણીના કુવા જુદા કરવાની નીતિએ અસ્પૃશ્યતા મજબૂત કરી છે. અને મજૂર મહાજન સંઘની સાળ ખાતામાં આ જાતિઓને દાખલ કરાવી નહિ અને તે અંગે ઉદાસીનતા સેવી અને થ્રોસલ ખાતામાં ફકત આ જાતિઓ જ કામ કરતી હતી તેમાં સવર્ણોને દાખલ કરાવવામાં વાંધો ઉઠાવ્યો નહિ તેથી અસ્પૃશ્યતા નિવારણને ભારે ફટકો પડ્યો છે.

અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં યુવકો અગત્યનો ભાગ ભજવી શકે. પરંતુ આઝાદીની ચળવળ વખતે થયેલા પુના કરાર, હિંદુઓનો સંકલ્પ અને ગાંધીજીએ તે વખતે વ્યકત કરેલી આશા વગેરે બાબતોનું તેમને ભાન જ નથી. તે માટે તેમને પૂર્ણ માહિતી મળી રહે અને તે વખતની દેશહિતની ભાવના તેમનામાં રેડાય તે અંગેની વ્યવસ્થા કરવી જોઈએ.

સાધુસંતો અસ્પૃશ્યતાના વિરોધી હોવા છતાં તેઓ સફળ પરિણામ લાવી શક્યા નથી અને સરકારની યોજનાઓ પૈકી ફકત શિક્ષણની યોજના જ સફળ થઈ છે અને સરકારી નોકરીઓમાં અનામત જગાઓ ઉપર નિમણૂંક કરવામાં આવે છે તેમાં થોડેં અંશે સફળતા મળી છે. જો આ જાતિઓને નોકરીઓમાં સ્થાન ન મળે તો તેની અસર તેમની સાક્ષરતા ઉપર પડવાની. આજે પણ આ જાતિઓની અને સામાન્ય જાતિઓનીસાક્ષરતાની ટકાવારીમાં આ જાતિઓ દસ ટકા પાછળ છે તેથી અનામત જગાઓ બંધ થાય તો આ જાતિઓમાં નિરક્ષારતાનું પ્રમાણ વધી જવાનું.

અસ્પૃશ્યતા નિવારણમાં અવરોધક બળોમાં મુખ્યત્વે રૂઢિચુસ્ત લોકો છે. જો તેઓ રૂઢિચુસ્તતા છોડી દે તો ટૂંક સમયમાં અસ્પૃશ્યતા નિવારણનું ચમત્કારિક પરિણામ લાવી શકાય.

અસ્પૃશ્યતાનો ભોગ બનેલી અનુસૂચિત જાતિઓમાં હવે જાગૃતિ આવી છે. માનવ અધિકારો મેળવવા માટે હવે તેઓ તલપાપડ થઈ રહયા છે. અસ્પૃશ્યો માનવ અધિકારો માગે છે ત્યારે રૂઢિચુસ્તો તે આપવા તૈયાર નથી તેથી અવાર નવાર અત્યાચારો થાય છે.

લોકસભા અને વિધાનસભાઓમાં અનામત બેઠકોની આ જાતિઓ માટે જોગવાઈ છે. જો અનામત બેઠકો ન હોય તો હજી એવી પરિસ્થિતિ પેદા નથી થઈ કે સામાન્ય બેઠક ઉપર આ જાતિઓના લોકો ચુંટાઈને આવે. તેમને ખાનગી નોકરી-ઓ મળતી નથી, સહકારી ડેરીઓ કે બેન્કોમાં અને ઘરમાં પણ સવર્ણ હિન્દુઓ આ જાતિઓને નોકરી આપતા નથી. આવી પરિસ્થિતિમાં અનામત જગ્યાઓ ન હોય તો તેમનું જીવન રોળાઈ જશે. પરિણામે હિન્દુઓથી જુદા પાડવાની વૃત્તિને બળ મળશે.

(૧) અસ્પૃશ્યતા નિવારણ માટેના ત્રિપાંખિયો વ્યૂહ અપનાવવો જોઈએ. હિન્દુ ધર્મના ચાર શંકરાચાર્યોએ એક સંયુકત નિવેદન બહાર પાડવું જોઈએ કે તેઓ અસ્પૃશ્યતામાં માનતા નથી અને અનુસૂચિત જાતિઓ પણ હિન્દુઓનું અંગ હોવાથી તેમને પણ તેમની યોગ્યતા મુજબ મંદિરના પુજારી લેવામાં આવશે અને મંદિરના વહીવટમાં પણ નિમણુંક કરવામાં આવશે.

(૨) આ જાતિઓ માટેની બંધારણીય જાગવાઈઓ લાંબા વખત સુધી ન રાખવી પડે તે માટ નીચે પ્રમાણનાં પગલાં સરકારે લેવાં જોઈએ. :૧: શૈક્ષાણિક સંસ્થાઓમાં સામાન્ય જગાઓમાં પ્રવેશ આપતી વખતે આ જાતિઓના વિદ્યાર્થીઓને પણ તેમને મેળવેલા માર્ક અને લાયકાત મુજબ લેવા. ત્યારબાદ અનામત જગાઓ ઉપર લેવા માટે ઓછામાં ઓછા ૫૦ ટકા માર્કસ ધરાવ-નાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. દાતાઓની અનામત જગાઓ ઉપર ઓછામાં ઓછી ૩૫% ગુણ વાળા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ અપાય છે છતાં ગુણવત્તાને અસર થઈ નથી. કારણ કે પરીક્ષામાં અનામત જગાઓ તેમને





માટે પણ નથી :૨: સરકારી નોકરીઓમાં સીધી ભરતી વખતે પહેલાં સામાન્ય જગાઓ પુરતી વખતે આ જાતિઓના ઉમેદવારોને પણ તેમની લાયકાત મુજબ લેવા. ત્યારબાદ અનામત જગાઓ આ જાતિઓના ઉમેદવા-રોથી ભરવી. :૩: ઈન્ટરચેન્જેબીલીટી તાત્કાલિક શરૂ કરવી, ૧૯૮૧થી બંધ કરવામાં આવી છે. :૪: સફાઈ કામદારોનું પગાર ધોરણ સુધારવા પંચ નીમવું. તેમનો પગાર પ્રાથમિક શિક્ષક અથવા કારકુનથી ઓછો ન હોય તે જોવું. સફાઈકામમાં અદ્યતન સાધનો દાખલ કરવા. આમ બન્ને પગલાં લેવાય તો સફાઈ કામદારોની સ્થિતિ સુધરશે અને સંભવ છે કે બીજી જાતિ-ઓ પણ તે ધંધામાં જોડાય. મુંબઈમાં રહેવા માટે મકાન મળવું અશક્ય હોય છે. મુંબઈ મ્યુનિ. કોર્પોરેશન સફાઈ કામદારોને મકાન પુરાં પાડતી હોઈ ભંગી સિવાયની બીજી જાતિઓ પણ મુંબઈમાં સફાઈકામ કરે છે.

(૩) અનુસૂચિત જાતિઓએ પણ નાના મોટા ઉદ્યોગો તરફ વળવું જોઈએ. અને તે માટે સરકારે પુરી સહાયતા કરવી જોઈએ.

અસ્પૃશ્યતા નિવારણમાં મહિલાઓએ આગેવાની લેવી જોઈએ. અત્યાર સુધી તેમણે તેમ કર્યું નથી. ભારતમાં પુરુષોની વસતિ અને મહિલાઓની વસતિ લગભગ સરખી છે.

ગુજરાતમાં એકેય એવું ગામ નથીકે જ્યાં અસ્પૃશ્યતા સંપૂર્ણપણે નષ્ટ થઈ હોય. જ્યારે ગામ કૂવે અનુસૂચિત જાતિઓ પાણી ભરતી હોય, મંદિરમાં જઈ શકતી હોય, ચાની હોટલ કે ખાનપાનની દુકાનોમાં જઈ શકતી હોય તે કોઈપણ પ્રકારની આભડ-છેટ ન હોય ત્યારે જ અસ્પૃશ્યતા દૂર થઈ છે એમ કહેવાય.

પૂ. મોરારજીભાઈ દેસાઈએ કહ્યું છે કે જ્યાં સુધી અસ્પૃશ્યતા હોય ત્યાં સુધી અનામત જગાઓ રહેવી જોઈએ.

## અસ્પૃશ્યતા :ભારતનો તોતીંગ ''પ્રાણપ્રશ્ન''

ડૉ. મહેશચંદ્ર પંડ્યા
ઈતિહાસ ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

''જો અસ્પૃશ્યતા ચાલુ રહેશે તો માત્ર હિંદુધર્મ નહિ, સમગ્ર હિંદુસ્તાન ખતમ થઈ જશે''

— ગાંધીજી

''જો ધર્મમાં, પ્રાણીમાત્રમાં પરમેશ્વર હોવાની બાંગ પોકારવામાં આવતી હોય અને શૂદ્રો સાથે પ્રાણીઓ કરતાં પણ ખરાબ વ્યવહાર કરવામાં આવતો હોય તો તે ધર્મ નથી, પાખંડ છે.''

— ડૉ. આંબેડકર.

અસ્પૃશ્યતાનું મૂળ શોધવું એ આધુનિક ઈતિહાસનો મહાન કોયડો છે. અને તેનું નિવારણ શી રીતે કરવું એ ભારતનો તોતીંગ પ્રાણપ્રશ્ન છે. સામાન્ય રીતે અસ્પૃશ્યતાને વર્ણવ્યવસ્થાની નીપજ માનવામાં આવે છે. તેને ભારતમાં ધાર્મિક સ્વરૂપ આપવામાં આવ્યું. પરિણામે એ બદી સમાજનું વિકૃત અંગ બની તેને દફનાવી દેવી એજ આજનો યુગધર્મ છે.

### અસ્પૃશ્યતાના ઉદ્ભવ અંગેનાં સંભવિત કારણો :

(૧) વેદકાલીન આર્યો શ્રમવિભાજન માટે જુદા જુદા વ્યવસાયિક વર્ગોમાં વિભાજીત થયા. તેમાંથી વર્ણવ્યવસ્થા જન્મી. તે પૈકી સેવાકાર્ય સ્વીકારનારાઓ શૂદ્રો કહેવાયા. શ્રમ વિભાજનનો એ સિધ્ધાંત અલ્પજીવી બન્યો. પરિણામે ભ્રષ્ટ થયેલો બ્રાહ્મણ પણ ઈશ્વર પછી બીજા સ્થાને ગણાવા લાગ્યો જ્યારે ગુણવાન શૂદ્ર ધિક્કારાતો રહ્યો. આ પધ્ધતિ જડબેસલાક બની જે અસ્પૃશ્યતા માટે જવાબદાર છે.





(૨) આર્યોના આગમન સમયે મૂળ ભારતવાસીઓ તેમની સર્વોપરિતા સ્વીકારતા ન હતા. તેમાંથી સંઘર્ષો થતા સંઘર્ષોમાં આર્યો વિજેતા બનવા લાગ્યા. તેમની વસતી વધતી ગઈ. ધીમે ધીમે મૂળભારત વાસીઓ માટે ગામમાં પ્રવેશ નિયંત્રિત થતો ગયો. આર્યોએ જોહુકમી કરીને તેમને માથે અણગમતી ફરજો ઠોકી બેસાડી, પરિણામે તેમને હલકાં ગણાતાં કાર્યો કરવાની ફરજ પડી. તે પછી તેમને અસ્પૃશ્યો તરીકે ધિક્કારવામાં આવ્યા હશે એમ જણાય છે.

(૩) સમાજના છિન્ન ભિન્ન બનેલા લોકોને બૌધ્ધધર્મમાં સ્વીકારવામાં આવતા. તેમને નિમ્નકક્ષાના ગણવામાં આવ્યા હશે.

(૪) પ્રાચીનકાળથી હિંદુસમાજમાં પવિત્રતા-અપવિત્રતાના ખ્યાલો ચૂસ્ત રહ્યા છે. મનુસ્મૃતિમાં જન્મ, મૃત્યુ, સ્ત્રીઓનો માસિકધર્મ વગેરેને અપવિત્રતાનાં માતા-પિતા કહ્યાં છે. પવિત્રતા-અપવિત્રતાના વરવા વિકટ અને વિકૃત ખ્યાલોમાંથી અસ્પૃશ્યતા જન્મી હશે એમ જણાય છે.

(૫) ગોમાંસ ખાનારાઓ અસ્પૃશ્ય ગણાયા હોવાની માન્યતાને પણ શાસ્ત્રોનો આધાર નથી. શતપથ બ્રાહ્મણ, આપસ્તંભ ધર્મસૂત્ર, આશ્વલાયન ગૃહ્યસૂત્ર, વાજપેઈ સંહિતા વગેરે ગ્રંથોનો આધાર ટાંકીને ડૉ. આંબેડકર ''હિંદુ-ઓને ગો માંસ ખાયા'' નામના પુસ્તકમાં જણાવે છે કે '' એક વખત એવો હતો કે જ્યારે બ્રાહ્મણો માત્ર માંસાહારી જ નહિ પરંતુ ગોમાંસા-હારી પણ હતાં. આથી જણાય છે કે ગોમાંસાહાર અસ્પૃશ્યતાનું કારણ નહિ હોય.

આ ઉપરાંત મનુષ્ય સ્વભાવમાં રહેલી ગુરુતા-લઘુતાગ્રંથી, દેવાસુર સંગ્રામો, વૈદિકો અને બૌધ્ધના સંઘર્ષો, દુષ્કાળો દરમ્યાન થયેલાં જાતિ-મિશ્રણો વગેરે કારણોમાંથી પણ અસ્પૃશ્યતા જન્મી હશે એમ જણાય છે. આ સમસ્યા આજે પણ સમગ્ર ભારતને કેન્સરની જેમ કોરી ખાય છે. તેને ભસ્મીભૂત કરવી એ આજનો યુગધર્મ છે.

અસ્પૃશ્યતા નિવારણ અંગેના કેટલાક ઉપાયો :

(૧) હિંદુ પ્રજાના માનસ પર ધર્મનું પ્રભુત્વ સવિશેષ રહ્યું છે. તેથી ધર્મને નામે અસ્પૃશ્યતાના રાક્ષસનું પોષણ થયું છે. તેથી એ રાક્ષસને ધર્મ દ્વારાજ હણી શકાશે. તે માટે અસ્પૃશ્યતાને સંબંધ છે ત્યાં સુધી ધર્મનું પુન:મૂલ્યાંકન અને ધર્મગ્રંથોનું પુર્નલેખન આવશ્યક છે. દા.ત. તુલસીકૃત રામાયણમાં ''ઢોલ, ગંવાર, શૂદ્ર ઔર નારી, એ સબ તાડન કે અધિકારી'' ચોપાઈ માનવજાતની ક્રૂર હાંસી ઉડાવે છે. શોકટભાષ્ય કે મનુસ્મૃતિ જેવા ગ્રંથોમાં સંસ્કૃત બોલનાર કે સાંભળનાર શૂદ્રો માટે ન કલ્પી શકાય તેવી શિક્ષાની જોગવાઈ વગેરે લખાણો અમાનવીય છે. તેને સત્વરે દૂર કરવા માટે ધર્મો-ગ્રંથોનું ત્વરિત પુનલેખન અત્યંત આવશ્યક છે. જાતિભેદ શીખવતાં ધર્મગ્રંથોને હિંદુઓના શત્રુ ગણી, તેવાં શાસ્ત્રોને પાઠ્યપુસ્તકો તરીકે સમાવિષ્ટ થયાં હોય તે દરેક તબકકેથી દૂર કરવાં જોઈએ. ધર્માચાર્યોનાં પદો અને પુરો-હિતોના વ્યવસાય માટે ખુલ્લી પરીક્ષા દાખલ કરવી અને એ પદોને સાર્વજનીક બનાવવાં માનવીય ધર્મનું નિર્માણ કરવું જોઈએ.

(૨) જ્ઞાતિપ્રથા :

જ્ઞાતિપ્રથાનો નાશ એ અસ્પૃશ્યતાના નાશ માટેનો સબળ અને સક્ષમ ઉપાય છે. તે અંગે દેશવ્યાપી ઝુંબેશ ઉપાડવાનો સમય પાકી ગયો છે. શાળા-મહાશાળાઓનાં પ્રવેશ પત્રો, સરકારી દફતરો વગેરે ક્ષેત્રોમાંથી જ્ઞાતિ, પેટાજાતિ, અટકો વગેરેને લગતી માહિતી મેળવવાનું સદંતર બંધ કરવું જોઈએ. જ્ઞાતિમૂલક નામો, અટકો નાશ થતાં અસ્પૃશ્યતાનો આચાર મુશ્કેલ બનશે.

(૩) આર્થિક સમૃધ્ધિ :

તુલશીદાસ કહે છે કે '' સમર્થને દોષ લાગતો નથી'' તે ન્યાયે અસ્પૃશ્યને આર્થિક રીતે સમર્થ બનાવવા તેમના વ્યવસાયોને વધુ વળતર





આપવું જોઈએ. આર્થિક સમાનતા સફાઈકામદારોને સેક્રેટરી જેટલું વેતન આપીને ચરિતાર્થ કરવી જોઈએ. આમ થશે તો બિન અસ્પૃશ્યો પણ સફાઈકામ કરવા લલચાશે. આ પગલું અસ્પૃશ્યતાનો સાચી દિશાનો ઉકેલ બની રહેશે.

(૪) શિક્ષણ અને સાહિત્ય :

અસ્પૃશ્યતા નિવારણ માટે વ્યાપક લોકકેળવણી અત્યંત આવશ્યક છે. કેળવણીકારો, પ્રાધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આ કાર્ય ઉપાડવું જોઈએ. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન કવિઓ,લેખકો, સાહિત્યકારો, વિવેચકો વગેરેએ લખાણ દ્વારા જેવી ઝુંબેશ ઉપાડી હતી તેવી ઝુંબેશ તે સૌએ અસ્પૃશ્યતા નિવારણ અંગે ઉપાડી લોકકેળવણી કરવી જોઈએ. તથા તેમણે અસ્પૃશ્યતાને પોષણ મળે તેવાં નિંદનીય લખાણોથી દૂર રહેવું જોઈએ. અસ્પૃશ્ય બાળકો માટે અલગ બોર્ડિંગની વ્યવસ્થા કરીને સૌને સહજીવનની તાલીમ આપવી જોઈએ. વર્તમાનપત્રો, સામયિકો, રેડિયો, ટેલીવિઝન, પોસ્ટરો, પરિસંવાદો, ફિલ્મ, નાટકો, વાર્તા, કાવ્યો, નવલકથાઓ, વગેરે દ્વારા લોકમાનસ કેળવીને અસ્પૃશ્યતાના ભૂતને ભગાડવું જોઈએ. જો લેખકો સાહિત્યકારો સહૃદયતાથી આ યજ્ઞમાં જોડાશે તો તેનો ઉકેલ સરળ અને વેગીલો બનશે.

(૫) સ્ત્રીઓ :

એક માતા સો શિક્ષકો સમાન છે. તે પોતાના બાળકને પોતાનાભાઈને, પતિને, અસ્પૃશ્યતાના અમાનવીય આચરણથી દૂર રહેવા અપિલ કરશે તો તે વધુ કારગત નીવડશે.

(૬) યુવાનો:

વિશ્વની પ્રત્યેક ક્રાંતિઓનાં યુવાનો મોખરે રહ્યા છે. અસ્પૃશ્યતા

નિવારણનું કાર્ય એ મહાન સામાજિક ક્રાંતિ યુવાવયની ઉજવણી દરમ્યાન યુવકોએ આ ક્રાંતિના સંવાહકો બનાવવા જોઈએ.

(૭) **અસ્પૃશ્યો :**

ગાંધીજી કહેતા હતા કે ''અત્યાચારો આચરનારાઓ કરતાં અત્યાચારો સહન કરનારાઓ વધારે પાપી છે'' ગાંધીજીના આ સંદેશને અસ્પૃશ્યોએ ચરિતાર્થ કરવા તત્પર બનવું જોઈએ. તેઓ સ્વમાન પૂર્વક જીવન જીવવાનો નિર્ધાર કરે, આત્મનિર્ભર બને, તેજસ્વી શિક્ષણ મેળવે, ઉદ્યોગધંધા દ્વારા સમૃધ્ધ બને, પૂર્વગ્રહો, ગ્રંથીઓની પીડા વગેરે માંથી મુક્ત થવા મક્કમ નિર્ધાર કરે.

(૮) **રાજકીય પક્ષો :**

બધાજ રાજકીય પક્ષોએ અસ્પૃશ્યતાનાં મૂળિયાં મજબૂત બનાવવાનું નિંદનીય કાર્ય કર્યું છે. ''ભાગલા દ્વારા શાસન''ની પધ્ધતિ દ્વારા લાંબો સમય શાસન કરી ગયા તેજ રીતે આઝાદી પ્રાપ્તિ પછી રાજકીય પક્ષોએ અસ્પૃશ્યો અને બિનઅસ્પૃશ્યો વચ્ચેની ભેદરેખા વધુ ઘેરી બનાવવાના પ્રયત્નો કર્યા. તેમની નજર મતપેટી પર રહી છે. અને એ રીતે તેમણે રાષ્ટ્રની ભારે કુસેવા કરી છે. તેને બદલે રાષ્ટ્રને તંદુરસ્ત બનાવવાના કામે લાગી જવું જોઈએ. અને અસ્પૃશ્યતા નિર્મૂળ કરવાના કાર્યક્રમને તેમના ઢંઢેરામાં સામેલ કરવો જોઈએ.

(૯) **સરકાર :**

સરકાર પ્રજાની સુખાકારી માટે અસ્તિત્વમાં આવી છે. અને તે સુખાકારી અપીનેજ લાંબો સમય ટકી શકે, તેથી અસ્પૃશ્યતા નિવારણએ પ્રજાકીય સરકારનો મુદ્દાલેખ બનવો જોઈએ તે માટે.

(૧) પોલીસતંત્ર અસ્પૃશ્યતાને લગતા કેસો યોગ્ય રીતે નોંધે.





(૨) ન્યાયાધીશ અસ્પૃશ્યતાના કેસોને યોગ્ય અને ઝડપી ન્યાય આપે.

(૩) અસ્પૃશ્યતા નિવારણ અંગેના કાર્યો બિનઅસ્પૃશ્ય આવાસોમાં યોજાય.

(૪) તે માટે કાર્યકરોને યોગ્ય તાલીમ આપે.

વગેરે કાર્યો સરકારે નિષ્ઠાપૂર્વક કરવાં જોઈએ.

ટૂંકમાં, આજે અસ્પૃશ્યતાના ઉદ્‌ભવ માટેનાં જવાબદાર પરિબળો ટકી શક્યાં નથી. પરંતુ તે પરિબળોને લીધે જન્મેલી અસ્પૃશ્યતાએ ભારતને કલંકીત કર્યું છે. જેથી આ બિનધાર્મિક, બિન સામાજિક અને અમાનવિય સમસ્યાનો અંત લાવવા હિંદમાં તમામ પ્રચલિત ધર્મો, સંપ્રદાય, સાધુ-સંતો, તમામ વર્ણો, તમામ વર્ગો, તમામ રાજકીય પક્ષો, યુવાનો, વિદ્યાર્થીઓ, લેખકો, વિવેચકો, વિચારકો અને સ્ત્રીઓએ યુધ્ધના ધોરણે કામે લાગી જવું પડશે. અને અસ્પૃશ્યતાને રાષ્ટ્રનો તોતીંગ પ્રાણપ્રશ્ન ગણીને તેને દફનાવી દેવા સૌએ સહિયારો પુરુષાર્થ કરવો પડશે. જો કોઈપણ દેશનો સમગ્ર સમાજ અનિષ્ટને નિર્મૂળ કરવા મક્કમ નિર્ધાર કરે તો તેવું કોઈ પણ અનિષ્ટ કદાપી ટકી શકે નહિ એ નગ્ન સત્ય છે. પ્રશ્ન છે માત્ર મક્કમ નિર્ધાર કરી તેને ચરિતાર્થ કરવાનો. આપણે મક્કમ નિર્ધાર નહિ કરીએ તો માણસ, માણસ થઈને માણસને કરડે છે. પરિણામે વિશ્વ સમક્ષ આ ગાંધીજીનું સાત્વીક ભારત ખોખલું દેખાશે.

**સંદર્ભ ગ્રંથો :**


૧. આર.વી. હસલે, ટ્રાઈબ્ઝ એન્ડ કાષ્ટ ઓફ ધી સેન્ટ્રલ પ્રો.વો.૧

૨. ભોગીલાલ ગાંધી, હરિજનોની સમસ્યા- વડોદરા, ૧૯૮૨

૩. ડૉ. ધનનજય કીર, ડૉ. આંબેડકર, જીવન અને કાર્ય, ભા.વ.ર.
અનુવાદક - દેવેન્દ્ર કર્ણિક, મૂળજીભાઈ ખુમાણ, અમદાવાદ-૧૯૮૨

૪. ડૉ. મહેશચંદ્ર પંડયા, સાબરકાંઠાના ગરો, ગાંધીનગર, ૧૯૮૪.

૫. બોમ્બે ગેઝેટિયર, વોલ ૯, ભા.વ. ૬, મનુસ્મૃતિ.

૬. વીરમાયાનું બલિદાન.

૭. રત્નમણિરાવ જોટ – ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિ. ભા. ૧-૨.

૮. ડૉ. આંબેડકર – અછૂત કૌન ઔર કૈસે, જલંધર, ૧૯૪૧.

૯. ડૉ. આંબેડકર – કાસ્ટ ઈન ઈન્ડીયા, જલંધર, ૧૯૪૧.

૧૦. ડૉ. આંબેડકર – હિંદુઓને ગો માંસ ખાયા, જલંધર.






## અસ્પૃશ્યતા નિવારણ એજ ધર્મ


મૂળ લેખક: શ્રી છગનલાલ ન.જોષી
ગાંધીવાદી કાર્યકર,
હરિજન સેવક સંઘ,
રાજકોટ.

સંકલન : શ્રી કાંતિલાલ મકવાણા
સંશોધન મદદનીશ
આદિવાસી સંશોધન
અને તાલીમ કેન્દ્ર,
ગૂ. વિ.,અમદાવાદ


પ્રસ્તુત લેખ 'અસ્પૃશ્યતા નિવારણ એજ ધર્મ '' નામના શ્રી છગનલાલ ન. જોષીના પુસ્તકમાંથી તેમની સંમતિથી તૈયાર કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાંથી અસ્પૃશ્યતા નિવારણમાં ઉપયોગી બની શકે તેવી બાબતોને આવરી લેવામાં આવી છે.

### અસ્પૃશ્યતા નિવારણના તબકકા :

હરિજનોને હિન્દુ ધર્મમાં અપનાવવા માટે ગાંધીજીએ ધીમે ધીમે કેવા પ્રયત્નો કર્યા છે એ અસ્પૃશ્યતા નિવારણના સેવકો કદાચ જાણતા નહીં હોય.

આજે ગામડાની કોઈ પ્રાથમિક શાળામાં હરિજનો અને સવર્ણના પાણીના પ્યાલા જુદા રાખ્યા હોય તો હરિજન સેવક તો શું સામાન્ય સેવક પણ ઉકળી ઊઠે છે. પંચાયતના સભ્ય તરીકે હરિજનને બેઠકમાં સાથે બેસાડીને ચા પાણી આપવામાં ન આવે તો એ મોટો સામાજીક ગુનો ગણાવવા લાગ્યો છે.

આવુ હિંદુ સમાજમાં આમૂલ પરિવર્તન લાવનાર પુદ ગાંધીજી ૧૯૨૦માં કેવું વિચારતા હતા, તે બેલગામની કોંગ્રેસ વખતે હરિજનોની કોન્ફરન્સમાં તેમણે કરેલાં નીચેના ભાષણના ઉતારા પરથી સમજાય છે.

<u>અસ્પૃશ્યતા નિવારણ આત્મશુધ્ધિ કાર્ય</u> :

''મેં અસ્પૃશ્યતાના નિવારણને મહાસભાનું એક કાર્ય માન્યું છે તે કેવળ રાજકારણી હેતુ માટે નહી, એ હેતુ તો તુચ્છ છે, સ્થાયી નથી. સ્થાયી વાતતો એ છે કે, હિન્દુ ધર્મ જેને હું સર્વોપરી માનુ છું તેમાં અસ્પૃશ્યતાનું કલંક ન હોઈ શકે, સ્થૂળ સ્વરાજ માટે હું અંત્યજોને વટાવવા નથી માંગતો, લાલચમાં ફસાવવા નથી માંગતો, મને તો લાગે છે કે હિન્દુઓએ અસ્પૃશ્યતાને વળગી રહી ભારે પાપ કર્યું છે. તેનું પ્રાયશ્ચિત કરવું જોઈએ. હું <u>અસ્પૃશ્યોની ''શુધ્ધિ'' જેવી કોઈ વસ્તુ જ નથી માનતો</u>. હું તો મારી શુધ્ધિ શી રીતે કરી કરવાનો હતો એ વિચારુ છું. મેં અસ્પૃશ્યતાનું પાપ કર્યું છે તો મારે જ શુધ્ધ થવું જાઈએ. એટલે આપણે અસ્પૃશ્યતા નિવારણનું કામ કરીએ છીએ તે કેવળ આત્મશુધ્ધિનું કાર્ય છે, અસ્પૃશ્યોની શુધ્ધિનું નહી, હું તો હિન્દુ ધર્મમાં રહેલી આ સેતાનિયતને નાબૂદ કરવાની વાત કરું છું, મારી પાસે અસ્પૃશ્યોને ફોસલાવવાની વાત નથી.''

નરસિંહ મહેતાએ, દયાનંદ સરસ્વતીએ કે લાલાલજપતરાયે હરિજનોને અપનાવવામાં અગ્ર ભાગ લીધો હતો. પણ ગાંધીજીએ તો હરિજન છોકરીને પોતાની દીકરી તરીકે દત્તક લઈને સમગ્ર હરિજન કોમને ઉન્નત કરી. અસ્પૃશ્યતા નિવારણનું કામ એક સાધનાનું અંગ છે. એમ સમજીને એકાદશવ્રતમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરેના પાલનમાં પણ અસ્પૃશ્યતા નિવારણને ધર્મકાર્યનું સ્થાન અપાવ્યું.

<u>ગાંધી, વિનોબાની આશા</u> :

પૂ. વિનોબાજી કહે છે કે હરિજનોમાંથી એવા ત્યાગી અને અભ્યાસી નીકળવા જોઈએ કે જેઓ માત્ર પ્રધાન થઈને સંતોષ ન માને પણ જ્ઞાની સંન્યાસી શંકરાચાર્ય જેવી નામના મેળવી ભારતભરમાં પ્રદક્ષિણા કરી હિન્દુ ધર્મનો પુનરોધ્ધાર કરી નવા જમાનાને અનુરૂપ હિન્દુ સંસ્કૃતિને શોભારૂપ મઠો સ્થાપવા કમર કસે.





ગાંધીજી કહેતા કે સાચુ સ્વરાજ ત્યારે મેળવ્યું ગણાશે, જયારે એક હરિજન બહેન એટલી શિક્ષિત અને સંસ્કારી બની હશે કે જેને રાષ્ટ્રપતિપદ આપવા ભારત તૈયાર થાય.

<u>ગાંધીજીએ કરેલી અસ્પૃશ્યતાની વ્યાખ્યા</u> :

અસ્પૃશ્યતા એટલે શું? અને તેના નિવારણ માટે શું કરવું જોઈએ તેને માટે ગાંધીજીના ઉદ્‌ગારો નીચે મુજબ છે.

૧. અસ્પૃશ્યતાએ હિંદુ ધર્મનું અંગ નથી, પણ તેમાં પેસી ગયેલો સડો છે, પાપ છે, વહેમ છે, ને તેનું નિવારણ કરવું એ પ્રત્યેક હિંદુનો ધર્મ છે, તેનું પરમ કર્તવ્ય છે. આ અસ્પૃશ્યતા વેળાસર નાબૂદ કરવામાં ન આવે તો હિંદુસમાજ અને ધર્મની હસ્તી જોખમમાં છે.

૨. જન્મના કારણથી મનાયેલી આ અસ્પૃશ્યતામાં અહિંસા ધર્મને અને સર્વભૂતાત્મા ભાવનો નિષેધ થઈ જાય છે. એના મૂળમાં સંયમ નથી પણ ઉચ્ચપણાની ઉધ્ધત ભાવના જ રહેલી છે. આથી એ સ્પષ્ટ અધર્મ જ છે, એણે ધર્મને બહાને લાખો કે કરોડોની સ્થિતિ ગુલામો જેવી કરી મૂકી છે.

૩. સાર્વજનિક મેળા - બજાર - દુકાન - શાળા - ધર્મશાળા - મંદિર - કૂવા, આગગાડી, મોટર વગેરે સ્થાનો જયાં બીજા હિંદુઓને છૂટથી જવાનો અને તેનો લાભ ઉઠાવવાનો અધિકાર હોય, ત્યાં અસ્પૃશ્યોને એ અધિકાર છે જ.

૪. માત્ર પોતાનાં આચાર ચોખ્ખા રાખવાથી સંસ્કારી થવાતું નથી. પોતે જેને અશુધ્ધ આચાર ગણતાં હોય તે આચરવાની બીજાને ફરજ પડે એમ વર્તવું એ પણ અસંસ્કારિતાની નિશાની છે. પોતાને સંસ્કારી ગણતા વર્ણો અસ્પૃશ્યોને પોતાનું એઠું, કોહેલું કે ઉતરેલું કે અશુધ્ધ થયેલું ખાવાનું આપે અને પશુ કરતાંયે તેમની સાથે હલકો વ્યવહાર કરે એ અસંસ્કારિતા તેમજ પાપ છે.

૫. ધન માત્રથી અસ્પૃશ્યતા ન જાય કોઇ કોટિપતિ મને કરોડ રુપિયા આપી દે એમાંથી કંઇ ન વળે. સવર્ણ હિંદુનું હૈયુજ પલટવું આવશ્યક છે. હરિજન સેવામાં માણસ ધન આપે પણ એ ધન હૈયા પલટાનું સૂચક ન હોય તો વ્યર્થ છે.

૬. કોઇ પણ મંદિર, જેમાં હિંદુઓ દાખલ થઇ શકતા હોય તેમાં હરિજનને પ્રવેશનો અને દર્શનનો અધિકાર મળવો જોઇએ. શાળાઓમાં બીજા વર્ણનાં બાળકો સાથે કોઇપણ જાતના ભેદભાવ સિવાય હરિજન બાળકોને પ્રવેશ મળવો જોઇએ. દેશમાં ઊંચામાં ઊંચા હોદ્દા માટે, પણ બીજા હિંદુઓને લાયક ગણવામાં આવતા હોય તો હરિજનને પણ લાયક ગણવા જોઇએ. અસ્પૃશ્યતા નિવારણની મારી વ્યાખ્યા આવી છે.

૭. અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય એ ધર્મકાર્ય આસુરી સાધનથી સિધ્ધ થઇ શકે ખરું? તેથી આસુરી બળથી હરિજનની સ્થિતિ સુધારવાનો વિચાર હરિજન મનમાંથી કાઢી નાખે. ગીતા આપણને કહે છે કે અંત:કરણપૂર્વક પ્રભુનું ધ્યાન ધરવાથી મોક્ષ મેળવી શકાય છે. ધ્યાન ધરવું એટલે ઇશ્વરનું સાનિધ્ય સાધવું. તેમ કરવાથી જો મોક્ષ મળી શકે છે તો અસ્પૃશ્યતા નિવારણ થતાં કેટલીવાર? ઇશ્વરનું સાનિધ્ય સાધવું એટલે વધારે ને વધારે શુધ્ધ થતા જવું.

૮. હું સ્વેચ્છાએ બનેલાં હરિજન તરીકે હરિજનને આજીજી કરીને કહું છું કે હરિજન સવર્ણ હિંદીઓના બધાં દુર્ગુણોનો ત્યાગ કરે. સવર્ણ હિંદીઓ તમને ગમે તેટલું વળતર આપશે, તેઓ ભગવાનને સાક્ષી રાખીને ગમે તેટલું પ્રાયશ્ચિત કરશે તો પણ આખરે તો તમારી મુકિત તમારા હરિજનના જ હાથમાં રહેશે.

૯. અસ્પૃશ્યતાનું ગાંડુ એટલું બધું ઊંડું ઊતરી ગયું છે કે તેણે આપણા સમગ્ર જીવનને આવરી લીધું હોય એમ જણાય છે. એમાંથી જ બ્રાહમણ – અબ્રાહમણ વચ્ચેના, પ્રાંત-પ્રાંત વચ્ચેના અને ધર્મ – ધર્મ વચ્ચેનાં ભેદો પેદા થયા છે. અસ્પૃશ્યતાનું આ બધું વિષ શાને હોવું જોઇએ? આપણને સૌ એકજ હિંદી કુટુંબના અને





એથીય આગળ જઇને માનવ કુટુંબનાં સંતાનો નથી શું? આપણે સૌ એકજ તરુવરની શાખાઓ જેવા નથી શું?

૧૦. આ અસ્પૃશ્યતા નિવારણનું કામ ઈંટ ચૂનાનું મંદિર બાંધવા કરતાં ઘણું વધારે કપરું છે તેને માટે હિંદુઓએ પોતાના પ્રાણ પાથરવા જોઇએ, ભોગ આપવો જોઇએ. તેમણે આ શાપનાં નિવારણ માટે પોતાનાં સ્ત્રી-બાળકો અને સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર થવું જોઇએ.

ગાંધીજીની માન્યતા પ્રમાણે જયારે અસ્પૃશ્યતાને જડમૂળથી ઉખેડી નાંખવામાં આવશે ત્યારે કોઇપણ માણસ પોતાને બીજા કોઇથી ચડિયાતો નહી ગણે. સ્વાભાવિક રીતે જ શોષણનો પણ ત્યારે અંત આવશે ને સર્વત્ર સહકારનું વાતાવરણ પેદા થશે.

**પ્રથમ હરિજન સેવકો :**

ગાંધીજીની કામ કરવાની અનોખી રીત હતી કોઇ કાર્યકર્તા મળે એટલે તેની શકિત મુજબનું કામ તેમને સોંપતા હતા. ગાંધીજી ગુજરાતમાં આવ્યા બાદ તરત રાજકીય પરિષદ ગોધરામાં ભરાઇ હતી, ત્યાંજ વિઠ્ઠલભાઇ પટેલ સાથે હરિજનવાસની બાપુએ પ્રથમ મુલાકાત લીધી. મામા સાહેબ ફડકે જેવા સનાતની મહારાષ્ટ્રીયન ચિતપાવન બ્રાહમણ હરિજનનું કામ કરવા તૈયાર થયા કે તરત જ ભંગીઓની સેવાનું કામ મામા સાહેબને સોંપ્યું.

ગીતા અને ઉપનિષદના અભ્યાસી વિનોબાજીના નાનાભાઇ બાળકોબાએ આશ્રમમાં પાયખાના સફાઇનું કામ અપનાવ્યું હતું. પ્રો. ભણસાલીએ આખા આશ્રમની ૩-૪ કલાક સફાઈ કરવાનું ઝાડું કામદાર તરીકેનું કામ અપનાવ્યું હતું. નૈષ્ટિક, બ્રહમચારી સુરેન્દ્રજીએ મરેલા ઢોરનાં ચામડાં ઉતારવાનું કામ શીખવવાનું શરુ કર્યુ હતું. પંજાબથી નવા આવેલા સ્નાતક ગિરિરાજજીએ પણ ચમાલિયની નાની મોટી ક્રિયાઓ શીખવાનું માથે લીધું હતું. નાલવાડીમાં વિજ્ઞાનના સ્નાતક સંસ્કારી

ઉચ્ચબ્રાહ્મણ કુટુંબના વાગુંજકરજીને મરેલા ઢોરનાં ચામડા ઉતારી એનાં હાડકાનું ખાતર કરવાનું, માંસ ચરબીનો જુદો જુદો ઉપયોગ કરવાનું કામ ઉપાડવા બાપુ સમજાવી શક્યા હતા. ભણેલા બ્રાહ્મણને ચામડા ગુંથવાનું કામ કરતા જોઈને ખાદીધારી સેવકો પણ સ્તબ્ધ થઈ જતા હતા. વિનોબાજીએ બે વર્ષ સુધી સુરજ-ગાંવમાં રોજ નાલવાડીથી ચાર માઈલ જઈને ગામની શેરીઓ સાફ કરવાનું અને પાયખાના સફાઈનું કામ ઉઠાવેલ. ખુદ ગાંધીજીએ પણ મહાદેવભાઈને સાથે લઈને સેવાગ્રામનીપાસે દોઢેક માઈલ દૂર આવેલા શીંદી ગામમાં લગાતાર છ એક મહિના નિયમિત રસ્તા અને પાળ પરની શૌચ સફાઈ કરી હતી.

અસ્પૃશ્યતા નિવારણની સમજ :

અસ્પૃશ્યતા નિવારણ એટલે શું એ બાપુએ જુદે જુદે વખતે નીચે પ્રમાણે સમજાવ્યું

'' અસ્પૃશ્યતાની ઉત્પત્તિ કોઈ કહી શકે તેમ નથી. મે અનુમાનો જ કર્યા છે તે ખોટા હોય કે ખરાં, પણ અસ્પૃશ્યતા અધર્મ છે એમ તો આંધળોયે જોઈ શકે એમ છે. માત્ર ઘણા કાળનો અભ્યાસ જેમ આપણને આત્મા ઓળખવા નથી દેતો, તે જ રીતે ઘણા કાળનો અભ્યાસ આપણને અસ્પૃશ્યતામાં રહેલો અધર્મ જોવા નથી દેતો કોઈને પણ પેટે ચલાવવા, નોખા રાખવા, ગામ બહાર કાઢવા, તે મરે કે જીવે તેની દરકાર ન રાખવી, તેને એઠું ભોજન દેવું એ બધું ધર્મ હોય જ નહી (પંજાબના જે અન્યાયની વિરુધ્ધ આપણે પોકાર કરીએ છીએ તેનાથી વિશેષ અન્યાય અત્યંજ ઉપર કરીએ છીએ. ) અત્યંજ પડોશમાં રહી ન શકે, અત્યંજ ને પોતાની માલિકીની જમીન ન મળે, અંત્યજે આપણને જોતાંજ પોકાર કરવો જોઈએ કે '' છેટા રહેજો, મને અડશો નહી. '' અત્યંજને આપણી સાથે ગાડીમાં બેસવાની પરવાનગી ન મળે - આ હિંદુ ધર્મ નથી.''

આ પ્રવૃત્તિનો ધ્યેય સમજાવતાં બાપુ લખે છે :

''અસ્પૃશ્યતા નિવારણ એટલે હરિજનોની આર્થિક અને સામાજિક સ્થિતિનો સુધારો એટલું જ નથી. એ પ્રવૃત્તિનું ધ્યેય તેથી બહુ આગળ વધે છે. અસ્પૃશ્યતા એ





અનાદિકાળથી ચાલતી આવેલી ઈશ્વર નિર્મિત વ્યવસ્થા છે. એવું માનનારા અસંખ્ય હિંદુઓનાં હૃદયને હલાવવાનાં છે. એ ધ્યેયને આપણે પહોંચીએ ત્યારે હરિજનોની આર્થિક અને સામાજિક સ્થિતિ એની મેળે સુધરી રહે એ તો સ્પષ્ટ જ છે, તેઓની સ્થિતિની હીનતામાં અસ્પૃશ્યતાનું ભૂત મોટામાં મોટું કારણ છે પણ ધર્મને નામે આવતો અધર્મ દૂર કરવો, ઊંચનીચની ભાવના સદંતર કાઢી નાખવી એટલે હિંદુના મનનું ભારે પરિવર્તન કરવું અને હિંદુધર્મને ધીરે ધીરે નષ્ટ કરનાર ઝેરને કાઢી નાખવું. આવું પરિવર્તન મનુષ્ય માત્રમાં રહેલી દયાની ભાવનાને જાગૃત કરવાથી જ થઈ શકે. એવી જાગૃતિ અનશનમય પ્રાર્થનાથી જ સંભવે છે એવો મારો દઢ વિશ્વાસ છે.

સત્યાગ્રહાશ્રમના મહાવ્રતોમાં બાપુએ સ્પર્શ ભાવનાને સ્થાન આપ્યું તેનું રહસ્ય સમજાવતાં આશ્રમવાસીઓને સાપ્તાહિક પત્રમાં જણાવે છે.

''અસ્પૃશ્યતા નિવારણ કરનાર હરિજનને અપનાવીને સંતોષ નહિં માને, તે જીવમાત્રને પોતાનામાં નહિં જુએ ને પોતાને જીવમાત્રમાં નહિં હોમી દે ત્યાં લગી શાંત થશે જ નહિ. અસ્પૃશ્યતા નિવારવી એટલે જગતમાત્ર સાથે મૈત્રી રાખવી તેના સેવક થવું. આ જોતાં અસ્પૃશ્યતા નિવારણ અહિંસાની જોડી બની જાય છે. ને વસ્તુત: છે જ. અહિંસા એટલે જીવમાત્ર પ્રત્યે પૂર્ણ પ્રેમ અસ્પૃશ્યતા નિવારણનો પણ એ જ અર્થ છે. જીવમાત્રની સાથેનો ભેદ મટાડવો તે અસ્પૃશ્યતા નિવારણ. આમ અસ્પૃશ્યતાને જોતાં તે દોષ થોડે ઘણે અંશે જગતમાં વ્યાપક છે ખરો. અહીં આપણે તેને હિંદુ ધર્મના સડારૂપે વિચાર્યો છે. કેમકે તેણે હિન્દુ ધર્મમાં ધર્મનું સ્થાન ઝડપ્યું છે. તે ધર્મને નામે લાખો કે કરોડોની સ્થિતિ ગુલામના જેવી કરી મૂકી છે.''

અસ્પૃશ્યતા વિષે ગાંધીજી અને અન્ય મહાનુભાવોના ઉદ્ગારો :

''મારે ફરી જન્મ લેવો નથી, પણ મારે ફરી જન્મવાનું જ હોય તો મને અછૂત તરીકે ફરી જન્મ મળે. જેથી હું તેમનાં દુ:ખો સંકટો અને તેમને સહેવા પડતા

અપમાનોમાં ભાગીદાર બની શકું. આમ ઈચ્છવાનું કારણ એ છે કે આથી મને અને તમને દુ:ખજનક સ્થિતિમાંથી ઉગારી શકું. આથી હું પ્રાર્થના કરું છું કે, જો મારો ફરી જન્મ થવાનો હોય તો તે '' બ્રાહ્મણ '' '' વૈશ્ય '' કે શૂદ્રનો નહિં પરંતુ ''અતિશૂદ્ર'' નો થવો જોઈએ.

'' જ્યાં સુધી આપણે તેમને આપણા ભાઈઓ નહીં ગણીએ ત્યાં સુધી માનવજાતને આપણે એક હિંદુત્વની ભાવનાથી અપનાવી શકીશું નહી. અસ્પૃશ્યતા નાબૂદી માટેનું સમગ્ર આંદોલન વિશ્વ બંધુત્વની સ્થાપના માટેનું આંદોલન છે તેથી ઓછું કાંઈ જ નહિં. અસ્પૃશ્યતા નિવારણ એ એક આધ્યાત્મિક પ્રક્રિયા છે.

'' અસ્પૃશ્યતાને દૂર કરો. હજુ પણ જો આપણે અસ્પૃશ્યોનો અનાદર કરતા રહેશું તો આપણા માટે વધુ દુ:ખો સર્જાયેલા રહેશે.''

'' જો અસ્પૃશ્યતા જીવવાની હોય તો હિંદુત્વએ મરી પરવારવું જોઈએ.''

'' અસ્પૃશ્યતાને હું હિંદુ ધર્મનું મોટામાં મોટું કલંક ગણું છું.''

'' સવર્ણ હિન્દુઓના હિન્દુધર્મ અને તેમની જાત પરના દેવાનું પ્રાયશ્ચિત અસ્પૃશ્યતા નિવારણમાં છે.''

'' અસ્પૃશ્યતાએ હિંદુ ધર્મ ઉપરનું ગૂમડું છે.''

'' અસ્પૃશ્યતારૂપી રાક્ષસ રાવણ કરતાં ભૂંડો છે. પેલાના દશમસ્તક હતા. આનાં સેંકડો છે, એ બધાનો છેદ સંધોથી ન થાય, કરોડો રુપિયાથી ન થાય. હરિજનોને હક અપાવીને ન થાય, સવર્ણ હિંદુઓને હરિજનોને ભાઈ તરીકે ભેટાવવા તે માટે એમના હૈયા પલટાવા જોઈએ. આવું મહાભારત આધ્યાત્મિક કાર્ય આપણી પાસે જેટલા આધ્યાત્મિક મૂડી હોય તે ખર્ચી નાખીએ તો જ થઈ શકે.''

– ગાંધીજી





અસ્પૃશ્યતા આપણી ન્યાયની ભાવનામાં હીંડો બળવો પોકારે છે. આપણે બિલાડીને અડકી શકીએ, આપણે કૂતરાને અડકી શકીએ, પરંતુ આ માનવીઓનો સ્પર્શ આપણને દૂષિત કરે છે. જો આપણે મોટી સંખ્યામાં આપણા દેશ બાંધવોને અજ્ઞાન, જંગાલિયત અને પતનની ખાઈમાં સબડવા દઈશું તો આપણે રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓને કેવી રીતે હાંસલ કરી શકીશું? દુનિયાના દેશોની હરોળમાં આપણો દેશ સ્થાન લે તેવી આશા આપણે કેવી રીતે રાખી શકીશું?

– ગોપાલકૃષ્ણ ગોખલે

જો ભગવાન અસ્પૃશ્યતાને નિભાવી લેવાનો હોય તો હું તેને ભગવાન જ નગણું. એ તો હિંદુ સમાજના દેહનું કેન્સર છે, કોઈપણ ભોગે તેને આપણે દૂર કરવું જ જોઈએ.

– લોકમાન્ય તિલક

જે સમાજ અસ્પૃશ્યતાના કલંકને સાંખી રહે છે તેને સુધરેલો કહેવડાવવાનો કશો હકક નથી.

– ડૉ. રાધાકૃષ્ણન્

SOCIAL WELFARE DEPARTMENT, GOVT.OF GUJARAT,
GANDHINAGAR

## :AN OVERVIEW OF PROGRAMMES UNDERTAKEN IN GUJARAT: FOR REMOVAL OF UNTOUCHABILITY:

Our Nation has pledged to root out the evil of untouchability Articles 15(1), 17 and 38 of the Constitution of India give a mandate to the State in this regard. The Untouchability (Offences) Act, 1955, which was later on amended in 1976 as the Protection of Civil Right Act, Provides for various legal measures to see that the so called untouchability enjoy fully their civil rights as free citizens of the country. The Central and the State Govts. are also enjoined to take appropriate measures for an effect implementation of the constitutional/legal provisions. It is sad matter that after three decades of independance, the Nation has not yet been able to root out this evil. When the participants in this seminar discuss the various aspects of this problem, we deem it necessary and appropriate to present in this note several factual matters concerning policy decisions, approaches, programmes and organizational machinery to implement them with reference to Gujarat State. We have also attempted to indicate the major areas of our activities, and some statistical information of interest. We trust that the brief overview presented in this note will enable the participant to discuss the problem and come up with suggestions that Government may be able to

..69..

consider and implement so as to achieve our National goal that all of us have authorised for such a long time.

1. CONSTITUTIONAL PROVISIONS:

Art. 15.

1) The State shall not descriminate against any citizen on grounds only of religion, race, caste, sex, place of birth or any of them.

2) No citizen shall, on grounds only of religion, race, caste, sex, place of birth or any of them, be subject to any disability, liability, restriction or condition regards to :

a) Access to shop, public restaurants, hostels and places of public entertainment; OR

b) the use of wells, tanks, bathing ghats, roads and places of public resort maintained wholly or partly out of State funds or dedicated to the use of the General public.

3) Nothing in this article shall prevent the State from making any special provision for women and children.

Art. 17.

"Untouchability" is abolished and its practice in any form is forbidden. The enforcement of any disability





arising out of "Untouchability" shall be an offence punishable in accordance with law.

Art. 38

The State shall strive to promote the welfare of the people by securing and protecting as effectively as it may a social order in which justice, Social, Economic and political, shall inform all the institutions of the National life.

Art. 46.

The State shall promote with special care the educational and economic interests of the weaker sections of the people, and in particular, of the Scheduled Castes and Scheduled Tribes and shall protect them from social injustice and all forms of exploitation.

Art. 330.

1) Seats shall be reserved in the House of the people for

a) the scheduled castes;

b) the scheduled tribes except the scheduled tribes in the tribal areas of Assam; &

c) the scheduled tribes in the autonomous districts of Assam.

2) The number of seats reserved in any State for the Scheduled Castes or the Scheduled tribes under clause(1) shall bear, as nearly as may be, the same proportion to the total

number of seats allotted to that State in the House of People as the population of the Scheduled Caste in the State or of the Scheduled Tribes in the State or of the Scheduled Tribes in the State or part of the State, as the case may be, in respect of which, seats are so reserved, bears to the total population of the State.

**Art. 338.**

1) There shall be a Special Officer for the Scheduled Castes and Scheduled Tribes to be appointed by the President.

2) It shall be the duty of the Special Officer to investigate all matters relating to the safeguards provided for the Sch. Castes and Sch. Tribes under this Constitution and report to the President upon the working of those safeguard at such intervals as the President may direct, and the President shall cause all such reports to be laid before each House of Parliament.

3) In this article, references to the Scheduled Castes Sch. Tribes shall be constructed as including reference to such other backward classes as the President may, on receipt of the report of a commission appointed under clause(1) of article 340, by order specify and also the Anglo Indian community.





**Art. 340.**

